# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 12 Date : 01-03-2025

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૬) |
| પ્રવીણ જ. પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૬ : પ્રખર હિંદુત્વવાદી અને સોક્રેટિસ વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ |
| રામચંદ્ર ગુહા | ૦૯ | પ્રાર્થનાસ્થળ અંગેના ખરડા વિશે રાજમોહનજીનું 'એ' ભાષણ |
| મહેશ પંડ્યા | ૧૧ | પ્લાસ્ટિક પ્રદૂષણ અને ઉત્પાદન નહીં ઘટાડીએ તો... |
| સુરેશચંદ્ર મહેતા | ૧૨ | વૈકલ્પિક બજેટ અંગે |
| હેમંત શાહ | ૧૫ | જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ |
| હરેશ ધોળકિયા | ૧૮ | સુખદ અકસ્માત |
| તીસ્તા સેતલવાડ | ૧૯ | ઝકિયા જાફરી : ઠંડી શક્તિ અને શાંત ગરિમાના સ્વામી |
| ભરત ભગત | ૨૦ | સમાજસેવા માટે સમર્પિત : શ્રી કૃષ્ણવદન જોષી |
| મહેશ પંડ્યા | ૨૨ | દેશના અંદાજપત્રમાં આબોહવા પરિવર્તનના પીડિતો કુદરતના ભરોસે |
| લિખિતંગ | ૨૩ | વાચકોના પત્રોમાંથી |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સંસારી ફકીર |

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.12 1929 Date : 01-03-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमिः पुत्रो अहं पृथिव्याः

# મનને જાણીએ (૩)

❍ વિનોબા ❍

## વિકર્મ : ચિત્તશુદ્ધિકારક કર્મ તથા ચિત્તશુદ્ધિ અને સેવા

શ્રમિત થવું (થાકી જવું) એ મનનો ધર્મ છે. આપણું મન જ્યાં સુધી કર્મોમાં ફસાયેલું રહે છે ત્યારે તેનો શ્રમ લાગે છે. પરંતુ મન જ્યારે કર્મસહજ થવા લાગે છે ત્યારે મનને તેનો ભાર લાગતો નથી. કર્મ જાણે કે અકર્મ થઈ જાય અને એટલા માટે આપણે સ્વધર્માચરણ રૂપી કર્મ કરવાનાં છે. એ કરતી વખતે આપણને એ કર્મમાં દોષ નજરે આવશે. અને ત્યારે તે દોષોને દૂર કરવા માટે આપણે વિકર્મને પકડવાનું રહેશે. આ પ્રકારનો અભ્યાસ કરવાની આદત પડવાથી પછી આપણા મનની અવસ્થા એવી થઈ જશે કે કર્મનો ત્રાસ અથવા તો કષ્ટ અનુભવાશે નહીં. આપણા હાથે હજારો કર્મ થવા છતાં મન નિર્મળ અને શાંત રહે છે. અને કર્મ નિરુપદ્રવી જણાય છે. આ ચાવી આપણને મનોજય દ્વારા મળે છે. કોઈ પણ માણસ જ્યારે વિકર્મની મદદ લઈને કોઈ પણ કર્મમાં મન લગાવી, આખેઆખું હૃદય રેડીને કર્મ કરે છે, ત્યારે તે કર્મ કર્મ જ રહેતું નથી, અકર્મ થઈ જાય છે. જ્યાં ક્લેશ, કષ્ટ કે ઝંઝટ જેવું કાંઈ જ રહેતું નથી.

### ચિત્તશુદ્ધિ અને સેવા

જો આપણે સમાજથી અલગ થઈ જઈને ચિત્તશુદ્ધિનો વિચાર કરતા હોઈએ, તો સમજવું કે આપણા ચિત્તમાં જ આખો સંસાર ઊભો થઈ જશે. આપણે જેટલા સમાજથી બચવાના પ્રયત્નો કરીશું તેટલો જ સમાજ આપણે માથે ચઢી બેસશે. આપણા ચિત્તમાં કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર વગેરેનો મોટો સમૂહ ઊભો થઈ જશે. આ જે ચિત્તમાં ઊભું થશે તેની તુલનામાં બહારનો જે સમાજ છે, તે મુબારક છે. અને એટલા માટે જ ચિત્તશુદ્ધિની સાધના સામાજિક હોવાથી જરૂરી છે, જો આપણે સમાજની બહાર જઈને ચિત્તશુદ્ધિના પ્રયત્ન કરીશું તો આપણી ભીતરોત્તર જ આંતરયુદ્ધ શરૂ થઈ જશે. માટે જ કોઈ પણ સેવકે જનસેવાની સાથેસાથે પોતાની ચિત્તશુદ્ધિ કરતા રહેવી જોઈએ. કેમ કે સેવક માટે પરોપકારનાં કાર્ય અથવા લોકસેવા – એ તેના પરિમાણ પર આધારિત હોતી નથી, પણ સેવકના હૃદયની શુદ્ધિ અને હૃદયમાં રહેલા સાચા પ્રેમભાવ પર અવલંબિત હોય છે. એટલા માટે અંતે કહેવું પડે કે ચિત્તશુદ્ધિ કરવી એ જ સાચી સાર્વજનિક સેવા છે. જે માણસોનું ચિત્ત શુદ્ધ થયેલું છે,એવા માણસોને કહેવું પડતું નથી કે તમે જરા તમારા ઘરની બહાર પણ જોયા કરો. કેમ કે શુદ્ધ ચિત્ત થયેલ માણસ ક્યારેય પોતાની જાતને ઘરની ચાર દીવાલોમાં બંધ રાખી શકતો નથી. આત્મા સર્વવ્યાપક છે, એટલા માટે જ ઘરની બહારની દુનિયામાં જેટલા પીડિત-દુઃખી લોકો છે – તેનો તે જરૂરથી વિચાર કરશે અને આ બધું એમને કહેવાની જરૂર પણ નહીં રહે, તેને આપોઆપ જ સૂઝવા લાગશે. ચિત્તશુદ્ધિ થયાપછી કેવળ પોતાના શરીરની ભીતર બંધ રહેવાનું સંભવ જ નથી. શરીના દરવાજા ખોલીને બહારની ખુલ્લી હવામાં આવ્યા વગર રહેવાશે નહીં. આનાથી ઊલટું, જે સેવક ચિત્તશુદ્ધિ થયા વગર અથવા તો ચિત્તશુદ્ધિનો પ્રયત્ન સુધ્ધાં ન કરતાં –જો સાર્વજનિક કાર્યનો સ્વાંગ (દંભ) આચરશે – તો એમ થવાથી દ્વેષ નિશ્ચિત થશે, અહંકાર વધશે, ને તેથી મતભેદ થશે. એક નાનકડા પરિવારમાં જે જે દોષ હોય છે, તે બધા દોષ સાર્વજનિક કાર્યમાં પણ પેદા થઈ જાય છે.

અને એટલા માટે જ હું તો એ નિષ્કર્ષ પર આવ્યો છું કે સાર્વજનિક સેવામાં કેવળ પોતાનો સમય આપવાથી, શક્તિ આપવાથી – કામ બનવાનું નથી. પણ તેના માટે નિરંતર આપણી ચિત્તશુદ્ધિ થતી રહેવી જોઈએ. અને આવા કોઈ એકલ-દોકલ કાર્યકર્તા જેટલું કામ કરશે એટલું કાર્ય કોઈ મોટી સંસ્થા દ્વારા પણ નહીં થાય. જનતાને જીવન આપવાનું કામ જીવનશુદ્ધ માણસ જેટલું કરી શકે એટલું કામ સંસ્થા નહીં કરી શકે.

વળી, સેવકે ક્યારેય એવું ન સમજવું જોઈએ કે મારા કરેલા સેવાકાર્યથી મનની શુદ્ધિ પણ થઈ જ ગઈ છે. આ એટલા માટે કે સેવાકાર્ય અને મનની શુદ્ધિ આ બન્ને એકદમ અલગ અલગ વસ્તુ છે. મનની શુદ્ધિ અને સેવાકાર્ય માટે સેવકે આત્મપરીક્ષણ કરતાં રહેવું જોઈએ. કેવળ સેવાકાર્ય ચિત્તશુદ્ધિકારક નથી, બલ્કે મનના સ્વરૂપને ખોલનારું છે. સેવાકાર્ય એ દર્પણની જેવું છે. આપણા મનમાં રહેલા ક્રોધાદિ વિકારો અથવા ગુણોનો ભંડાર પડ્યો છે, તે સેવાકાર્ય દ્વારા પ્રગટ થાય છે. તો આ રીતે માનવું કે સમજવું એકદમ ખોટું છે કે સેવાકાર્યથી પોતાની મેળે મનના વિકાર નષ્ટ થઈ જશે અને તેના માટે કરવામાં આવતું આત્મનિરીક્ષણ કે પ્રાર્થનાની જરૂર જ નહીં રહે.

સેવા કરતાં કરતાં પણ ચિત્તમાં રાગ-દ્વેષ પેદા થતા રહે છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મોટા-મોટા લોકોમાં પણ પેદા થાય છે તો એકદમ જાગૃત-સાવધાન રહેનાર સેવકમાં પણ રાગ-દ્વેષ ભરેલા હોય છે, જે સમયાંતરે ઊઠે પણ છે. આવું ન થાય તે માટે સાતત્યપૂર્વક તીવ્ર જાગૃતિની જરૂર પડતી હોય છે. આનો અર્થ એ થયો કે સેવાની સાથેસાથે જાગૃતિ જોઈએ અને સેવક માટે તો આ જ સાધના છે. આપણું ચિત્ત સતત શુદ્ધ થતું રહેવું જોઈએ. આના પર કોઈ પ્રશ્ન ઉઠાવી શકે છે કે શું સેવામાં જ ચિત્તશુદ્ધિ આવી જતી નથી ? શું સેવામાં સાધના અંતર્ભૂત (સમાયેલી) નથી ? વાત તો ઠીક છે, પણ અહીં આપણે સેવા કરવા પાછળ જે ભાવ છે તેને સ્વીકારવો પડશે. નહીં તો કેવળ સેવા કરવાથી ગેરસમજ થવાનો અવકાશ રહે છે. સેવાની ક્રિયાની સાથેસાથે એની પાછળ રહેલા ભાવનું પણ મહત્ત્વ છે. આપણે બાહ્ય ક્રિયા સિવાય વધારે ઊંડાણમાં જવું જોઈએ. આ વાત સારી પેઠે સમજાઈ જવી જોઈએ કે સેવકે પોતાની આંતરિક સાધના કરવી જ પડશે. સેવાથી ચિત્તશુદ્ધિ ત્યારે થશે, જ્યારે આપણી સેવાને પૂજાની યોગ્યતા પ્રાપ્ત થશે. કોઈ પણ કર્મ એની મેળે ચિત્તશુદ્ધિનું સાધન બની શકતું નથી. કર્મ કરતી વખતે તે કર્મ કરનાર કર્તાના મનમાં તે કર્મ તરફ પૂજાની ભાવના હોવી જોઈએ, ત્યારે જ તે કર્મ પૂજા બનશે. સેવાકાર્ય એ સ્વયં પૂજા નથી. જેમ કે ફૂલ ઉગાડવાં એ પૂજા ન કહેવાય. પણ ઊગેલાં ફૂલોને ભગવાન પર ચઢાવવાનાં થશે ત્યારે તે પૂજા કહેવાશે. સેવકની દૃષ્ટિએ નિષ્કામ, નિરલસ લોકસેવા એ ફૂલ છે, એને ભગવાન પર ચઢાવવાનાં રહેશે, ત્યારે તે પૂજા થશે.

સેવક, સાધક, શોધક - આપણા કાર્યનાં આ ત્રિવિધ રૂપ છે. અને એટલા માટે દરરોજ આપણા તરફથી કંઈ ને કંઈ સેવા થવી જ જોઈએ. આપણામાં ભક્તિ હોવી જોઈએ. દરરોજ કંઈક સાધના થવી જોઈએ. અર્થાત્ હૃદયશુદ્ધિ, આત્મશુદ્ધિ થવી જોઈએ. દરરોજ કાંઈક ને કાંઈક શોધન ચાલવું જોઈએ, કાંઈક સુધાર થવો જોઈએ. આપણે નવી નવી કલ્પનાઓ, અનુભવો, વિચારો, નિરીક્ષણનો સંગ્રહ કરીને એના દ્વારા જ્ઞાન મેળવતા રહીએ. આપણું જ્ઞાન નિત્ય વધતું રહેવું જોઈએ, જાગૃતિ વધતી રહેવી જોઈએ. આપણામાં રહેલી જડતા એકદમ ખતમ કરી નાંખીએ. આમ સેવક, સાધક, શોધક આવું આપણા જીવનનું સ્વરૂપ હોવું જોઈએ.

આખરે તો આપણને નિર્વિકારતાની પ્રાપ્તિ અને ચિત્તશુદ્ધિનું ફળ સેવા દ્વારા મળી જાય છે. હકીકતમાં આપણે ભલે ને ગમે તેટલું 'સેવા-સેવા' રટતા રહીએ, સાચી સેવા તો પૂર્ણ નિર્વિકારતા મેળવ્યા બાદ, ચિત્તશુદ્ધિ થયા પછી થાય છે. ત્યાં સુધી સેવા, પરોપકાર, પરાર્થ વગેરે કેવળ બોલવાની વાત રહેશે.

હવે જો આપણે ખરેખર ઇચ્છીએ કે આ રીતે સમાજની ચિત્તશુદ્ધિ થાય, ત્યારે સેવકોની પોતાની ચિત્તશુદ્ધિ તો અનેક ગણી વધારે હોવી જોઈએ. કેમ કે જ્યાં પોતાનું જીવન શુદ્ધ નહીં હોય ત્યાં બીજા પાસે જીવન-શુદ્ધિની વાત કેવી રીતે કરીશું ? જો આપણે ઇચ્છતા હોઈએ કે આખો સમાજ પ્રેમથી રહે, તો આવી ઇચ્છા રાખનારા આપણે તો પરમેશ્વરના પ્રેમથી રંગાઈ જ જવું પડશે.

જે કોઈ સતત નિરંતર જાગૃત રહીને પોતાની ચિત્તશુદ્ધિ કરતા રહેશે, આળસ, સ્વાર્થ, ભોગવૃત્તિ, અપ્રેમ, અસ્થિરતા, અનિશ્ચય, અસત્ય જેવા અવગુણોને ચિત્તથી હટાવતા રહેશે, એમના હાથે ઉત્તમ સેવા થશે. કામ-ક્રોધ, લોભથી મુક્ત થયા વગર ચિત્તશુદ્ધિ ન થાય અને એ જ રીતે ચિત્તશુદ્ધિ વગર સમાજસેવા પણ શક્ય નથી. આપણે જનસેવા માટે અથવા સાર્વજનિક કામો માટે પોતાના સમયનો, પોતાની બુદ્ધિશક્તિનો થોડોક હિસ્સો આપીએ છીએ, એ તો ઠીક જ છે. પરંતુ એટલું પર્યાપ્ત નથી. મેં મારા જીવનમાં ઘણાં બધાં રચનાત્મક કામ કર્યાં, પણ કોઈ પણ કામમાં મને શુદ્ધ ચિત્તની આટલી બધી વધારે આવશ્યકતા ન અનુભવાઈ જેટલી ગો-સેવાના કામમાં જણાય છે.

## ચિત્તશુદ્ધિ : વિધિ

ચિત્તને સાફ, શુદ્ધ કરવું આ જ મુખ્ય જીવનસાધના છે. ફાનસનો કાચ જો સાફ નહીં હોય તો અંદરની જ્યોતિનો પ્રકાશ નહીં મળે. એવી જ રીતે, વ્યક્તિનો આત્મપ્રકાશ ત્યારે જ પ્રકટે જ્યારે તેનું ચિત્ત સાફ હશે.

આપણે ચિત્તશુદ્ધિ માટે ભગવાન પાસે યાચના કરવી જોઈએ, ચિત્તશુદ્ધિ માટે તેની શરણે જવું જોઈએ. પરીક્ષા, નોકરી વગેરે જે કાંઈ વાતો છે તે આપણા મનના સંકલ્પ છે. એ સંકલ્પોને ભગવાન દ્વારા પૂરા કરવા માટે આગ્રહ કરવાનો અર્થ છે ભગવાનને આપણા પોતાના મનના ગુલામ બનાવવા.

જેનું પણ ચિત્ત અધિક શુદ્ધ હોય છે, તેને પોતાના અલ્પ દોષ પણ ખૂબ તકલીફ આપે છે. એટલા માટે તે આત્મનિંદા કરે છે. આપણી આંખ અત્યંત નિર્મળ વસ્તુ છે, એટલા માટે ધૂળનો એક નાનકડો કણ પણ આંખને બહુ પીડા આપે છે. ભક્તનું ચિત્ત પણ આંખની જેમ સ્વચ્છ નિર્મળ હોય છે. તેથી અલ્પ દોષ પણ ખૂબ પીડા આપે છે. આ આત્મપરીક્ષણનો રસ્તો છે.

આપણે સમજવાનું એ છે કે આ હીલિંગ પાવર છે તે માણસના

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૬) |
| પ્રવીણ જ. પટેલ | ૪ | સોક્રેટીસ ઉવાચ-૬ :પ્રખર હિંદુત્વવાદી અને સોક્રેટીસ વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ |
| રામચંદ્ર ગુહા | ૯ | પ્રાર્થના સ્થળ અંગેના ખરડા વિશે રાજમોહનજીનું 'એ' ભાષણ |
| મહેશ પંડ્યા | ૧૧ | પ્લાસ્ટિક પ્રદૂષણ અને ઉત્પાદન નહીં ઘટાડીએ તો. |
| સુરેશચંદ્ર મહેતા | ૧૨ | વૈકલ્પિક બજેટ અંગે |
| હેમંત શાહ | ૧૫ | જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ |
| હરેશ ધોળકિયા | ૧૮ | સુખદ અકસ્માત |
| તીસ્તા સેતલવાડ | ૧૯ | ઝકિયા જાફરી : ઠંડી શક્તિ અને શાંત ગરિમાના સ્વામી |
| ડૉ. ભરત ભગત | ૨૦ | સમાજસેવા માટે સમર્પિતઃ શ્રી કૃષ્ણવદન જોષી |
| મહેશ પંડ્યા | ૨૨ | દેશના અંદાજપત્રમાં આબોહવા પરિવર્તનના પીડિતો કુદરતના ભરોસે |
| લિખિતંગ | ૨૩ | વાચકોના પત્રોમાંથી |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સંસારી ફકીર |





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

નિર્મળ ચિત્તનું પરિણામ છે. જેમ જેમ ચિત્ત નિર્મળ થતું જશે તેમ તેમ તેની શક્તિ વધવા લાગશે. પણ જો કોઈ આ શક્તિનો લાભ લેવાની ઇચ્છા સાથે ચિત્તશુદ્ધિની ઇચ્છા કરશે તો તે એ પ્રયત્નમાં સફળ નહીં થાય. કેમ કે એના પાયામાં જ અશુદ્ધિ રહેલી છે. તપ, સ્વાધ્યાય અને ઈશ્વરભક્તિ આ ત્રણેય આત્મશુદ્ધિનાં સાધન છે. અહીં તપ દ્વારા શરીરશુદ્ધિ, સ્વાધ્યાય દ્વારા વાક્-શુદ્ધિ અને ભક્તિ દ્વારા ચિત્તશુદ્ધિ થઈને છેવટે આ ત્રણેય એકસાથે થઈને જોર લગાવવાથી સંપૂર્ણ આત્મશુદ્ધિ થાય છે.

તપથી શરીરશુદ્ધિ અને વાક્-શુદ્ધિ કરવાના આપણા પ્રયત્નમાં જો આપણું ધ્યાન ઈશ્વરાર્પણ બુદ્ધિ અથવા તો ભક્તિભાવથી ચિત્તશુદ્ધિની દિશામાં નહીં જાય તો આ શરીરશુદ્ધિ અને વાક્-શુદ્ધિનું સ્વરૂપ નહીં રહીને એને સિદ્ધિનું રૂપ મળી જશે. અને હંમેશાં આવી સિદ્ધિઓ સાધક ન રહેતાં અવરોધક થવાની સંભાવના રહે છે. માટે એટલું વધુ સ્પષ્ટ છે કે ચિત્તશુદ્ધિના ભક્તિયોગ વગર ઉપાસના પૂરી થતી નથી. એટલું જ નહીં, પણ ચિત્તશુદ્ધિ અને ભક્તિયોગ વગર ઉપાસના જ થતી નથી. આપણાથી ચિત્ત જેટલું થઈ શકે તેટલું શુદ્ધનિરહંકારી થાય – તેટલો પ્રયત્ન કરીએ. જોકે આ કાર્ય ભગવત્ કૃપાથી થાય છે, માનવીય પ્રયત્નથી થતું નથી. તેમ છતાં પણ પ્રયત્ન વગર પણ નથી થતું. એટલા માટે આપણાથી જેટલું પણ ચિત્ત શુદ્ધ થાય એટલું કરીએ, અને દુનિયાની અભિમુખ રહીને કરતા રહીએ.

મુખ્ય કાર્ય ચિત્તશુદ્ધિ કરવાનું છે. આધ્યાત્મિક માર્ગમાં બુદ્ધિની પ્રખરતા હોવી જ જોઈએ, એવું જરૂરી નથી. આંખો નબળી પડી, શારીરિક શક્તિ ક્ષીણ થવા લાગી, તો આનાથી અધ્યાત્મમાં કોઈ કમી આવતી નથી. અધ્યાત્મમાં કમી ત્યારે આવે છે, જ્યારે શુદ્ધિ ઓછી પડે છે.

ઐહિક (લૌકિક) જીવન માટે ચિત્તશુદ્ધિની જેટલી માત્રા (પ્રમાણ) પર્યાપ્ત હશે, એટલી જ માત્રા પારમાર્થિક જીવન માટે વધારે નહીં હોય. મનુષ્ય અને પ્રાણીઓ માટે ૯૮ ડિગ્રી ગરમીની જરૂર હોય છે. સૂર્ય જો એમ કહે કે હું શા માટે મારી જાતને વધારે ગરમ રાખું – તો આ સમસ્ત સંસાર ઠંડો પડવા લાગશે. આપણે જાણીએ છીએ કે સૂર્યની ગરમી લાખો ગણી વધારે હોય છે, ત્યારે માણસ ૯૮ ડિગ્રી ગરમી મેળવે છે. એવી રીતે સમાજના આગેવાન નેતાઓમાં જેટલી મહાનતમ શુદ્ધિ હશે, ત્યારે તેમાંથી સમાજ એક અલ્પાંશ શુદ્ધિ ગ્રહણ કરશે.

જેમણે ભગવાનની મૂર્તિની કલ્પના કરી હશે તેઓ ગાંડા નહોતા. મૂર્તિની કલ્પનાથી ચિત્તશુદ્ધિમાં ઘણી બધી મદદ મળી છે. મૂર્તિમાં ભગવાનની ભાવના કરીને માણસે પોતાનો વિકાસ કર્યો છે. જો આ મૂર્તિ ન હોત તો માણસ બગીચામાંથી ફૂલ તોડીને પોતાના નાકમાં લગાવત. પણ માણસે એ ફૂલને ભગવાનની મૂર્તિ પર ચઢાવીને પોતાની ગંધવાસનાને સંયમિત અને ઉન્નત કરી.

પંઢરપુરની યાત્રા કરવાથી વૈકુંઠ મળશે નહીં. પણ એના માટે તો ચિત્તશુદ્ધિ જરૂરી છે. અંતરમાં ભાવના હોવી જોઈએ. પછી ચિત્ત શુદ્ધિ કરીને ભગવાનનું નામ લઈએ. અને આપણા અડોશ પડોશમાં જો કોઈ દુઃખી હોય, તો એમના દુઃખને દૂર કરવાના પ્રયત્ન કરવા જોઈએ.

(ક્રમશઃ)

## સોક્રેટીસ ઉવાચ... (પાન ૮નું ચાલુ)

વિચારીએ. શું ઇસ્લામિક ઉગ્રવાદનો તમારો ડર ફક્ત હિંસા કરનારાઓ પૂરતો જ મર્યાદિત છે કે તે વ્યાપક મુસ્લિમ સમુદાય સુધી વિસ્તરે છે?

હિંદુત્વવાદી : (ખચકાતાં) હું માનું છું કે તે માટે બધા મુસલમાનો જવાબદાર છે. કારણ કે, કોઈ કહે કે 'ઇસ્લામ ખતરામાં છે' તો બધા 'અપને વાલા' ભેગા થઈ જાય છે.

સોક્રેટિસ : શું આવી શંકા સમજણ અને શાંતિને ઉત્તેજન આપશે કે તે વિભાજનને વધુ ઊંડું કરશે, જેથી ઉગ્રવાદીઓને 'જોઈતું'તું અને વૈદે કર્યું' જેવો ફાયદો થાય?

હિંદુત્વવાદી : (નિસાસો નાખતાં) તે કદાચ વિભાજનને વધુ ઊંડું કરે છે.

સોક્રેટિસ : ખરેખર. અને શું આવી શંકાઓથી, જે મુસ્લિમો અલગ છે અને જેઓ ઉગ્રવાદનો વિરોધ કરે છે, તેમને આપણી નજીક લાવવાને બદલે તમે વધુ દૂર નહીં ધકેલો?

હિંદુત્વવાદી : (માથું હલાવતાં) આ વિચારવા જેવી વાત છે. પરંતુ વાસ્તવિક ખતરાને અવગણ્યા વિના આપણે આ કોકડું કેવી રીતે ઉકેલી શકીએ?

સોક્રેટિસ : આ એક ઉત્તમ પ્રશ્ન છે. શું આનો ઉકેલ ઉગ્રવાદની વિચારધારાને ધર્મથી અલગ કરવામાં અને તેનો સામનો કરવા માટે મુસ્લિમ સમુદાયમાં જે મધ્યમમાર્ગી અવાજો છે તેમની સાથે કામ કરવામાં હોઈ શકે?

હિંદુત્વવાદી : (વિચારીને) તે કામ કરી શકે છે. પરંતુ તે કરવા કરતાં કહેવું સહેલું છે.

સોક્રેટિસ : સાચું, મારા મિત્ર. પણ મને કહો, જો આપણે ઉગ્રવાદનો જવાબ શંકા અને દુશ્મનાવટથી આપીએ, તો શું આપણે પોતે જ કટ્ટરવાદી કે આત્યંતિક બનવાનું જોખમ નથી લેતા? શું આપણે ડરનો સામનો સમજણથી અને હિંસાનો સામનો સંવાદથી ન કરી શકીએ?

હિંદુત્વવાદી : (થોડા વિરામ પછી) કદાચ આપણે તેમ કરી શકીએ. પરંતુ તે માટે ઘણી મહેનત કરવી પડશે.

સોક્રેટિસ : ખરેખર, પ્રયત્નો તો કરવા પડશે. પણ શું આવા પ્રયત્નો કરવા યોગ્ય નથી? જ્યાં સુધી આપણે એકબીજાને ખતરા તરીકે જોઈશું, ત્યાં સુધી શાંતિ છેતરામણી રહેશે. શું આપણે આ વિભાજનને દૂર કરવા માટે પ્રથમ પગલું કેવી રીતે લેવું જોઈએ તે અંગે ન વિચારી શકીએ? શું આપણી ભાવી પેઢીઓને વારસામાં વેર અને ઝેર મૂકવા માંગીએ છીએ કે એક ઉજ્જ્વળ ભવિષ્યની આશા?

હિંદુત્વવાદી ઊંડા વિચારમાં પડી જાય છે.

૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨ – પ્રવીણ જ. પટેલ
મોબાઇલ: ૯૮૭૯૭૬૩૦૮૩, ઈ મેલ: pravin1943@gmail.com



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોક્રેટિસ ઉવાચ-૬ : પ્રખર હિંદુત્વવાદી અને સોક્રેટિસ વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ

*(સોક્રેટિસ સાથેના પોતાના અગાઉના સંવાદ પછી હિંદુત્વવાદી હજુ પણ અવઢવમાં છે. તેથી તે સોક્રેટિસને ફરીથી મળે છે. અને સંવાદને ચાલુ રાખતાં એવી દલીલ કરે છે કે સમકાલીન ભારતમાં મુસ્લિમ વસ્તી હિંદુ સમાજ માટે ખતરો છે. તે મુસ્લિમોની બીફ ખાવા અને બહુપત્નીત્વ જેવી પ્રથાઓ તરફ સોક્રેટિસનું ધ્યાન દોરે છે અને દાવો કરે છે કે આવી પ્રથાઓ હિન્દુ સંસ્કૃતિ સાથે વિસંગત છે. વધુમાં, તે વધતી જતી મુસ્લિમ વસ્તી, લવ જેહાદ, અને ધર્માંતરણ અંગે પણ ચિંતા વ્યક્ત કરે છે અને કહે છે કે મુસલમાનોનાં આવાં વલણો હિંદુ ઓળખને જોખમમાં મૂકે છે. વળી, તે વ્યાપક જોખમના પુરાવા તરીકે વિશ્વભરમાં ઇસ્લામિક ઉગ્રવાદના ઉદયને ટાંકે છે. સંવાદના આ સિલસિલાને ચાલુ રાખતાં, સદૈવ ધૈર્યવાન અને સમજદાર એવા, સોક્રેટિસ હિંદુત્વવાદીની આ વાતને હળવાશથી સાંભળે છે, તેની ધારણાઓ પર સવાલ ઉઠાવે છે, અને તેની ભીતિ પર વિવેચનાત્મક રીતે વિચાર કરવા માટે તેને માર્ગદર્શન આપે છે. બારીક જાંચ-પડતાલ કરતા પ્રશ્નોની શ્રેણી દ્વારા, સોક્રેટિસ હિંદુત્વવાદીને બીબાંઢાળ માન્યતાઓથી આગળ વધવામાં અને જટિલ મુદ્દાઓ પર વધુ તર્કસંગત અને ઉદાર પરિપ્રેક્ષ્ય અપનાવવામાં મદદ કરવાનો પ્રયાસ કરે છે.)*

પાર્શ્વ ભૂમિઃ સ્વર્ગના એક નયનરમ્ય બગીચામાં એથેન્સના ફિલસૂફ સોક્રેટિસ અને તાજેતરમાં જ સ્વર્ગે સિધાવેલ એક પ્રખર હિંદુત્વવાદી ફરીથી મળે છે અને તેમની ચર્ચા આગળ ચલાવે છે.

હિંદુત્વવાદી : સોક્રેટિસ, આપણે ગઈ વખતે મળ્યા હતા ત્યારે તમે અમારા ભારતના ભૂતકાળમાં હિન્દુ-મુસ્લિમ સંબંધો અંગેની મારી ઘણી ગૂંચવણો દૂર કરી. પરંતુ, મને લાગે છે કે આજે પણ મુસલમાનો અમારા હિન્દુઓ માટે ખતરનાક રૂપ છે.

સોક્રેટિસ : તમે વર્તમાન ભારતમાં મુસલમાનો તરફથી કથિત જોખમની વાત કરો છો? ચાલો, આપણે તેનો પણ વિચાર કરીએ. તમારા મતે, મુસલમાનો તરફથી એવો કયો ખતરો છે?

હિંદુત્વવાદી : સોક્રેટિસ, હિજાબ, દાઢી, તીન તલાક, ચાર-ચાર પત્નીઓ, બીફ ખાવું વગેરે જેવા તેમના રિવાજો વગેરેને લઈને મુસલમાનો અમારા હિંદુઓથી જુદા પડે છે. તેઓ અમારી સાથે ભળવા જ માંગતા નથી. તેમની અલગ પહેચાન અમારી હિન્દુ સંસ્કૃતિ માટે ખતરા રૂપ છે. ઉપરથી તેઓ તેમની વસ્તી વધારતા જાય છે. અને લવ જેહાદ અને ધર્માંતરણનો પણ ભારે ભય છે. માત્ર હિંદુસ્તાન જ નહીં, ઇસ્લામી ઉગ્રવાદ સમગ્ર વિશ્વમાં ફેલાયેલો છે.

સોક્રેટિસ : તમે માનો છો કે બંને કોમોની ધાર્મિક આસ્થા અને આચાર-વિચારમાં જે તફાવત છે તે તમારી સંસ્કૃતિને નબળી પાડે છે. પણ મને કહો, શું તમારી સંસ્કૃતિ એટલી કમજોર છે કે તે વિવિધતાને સહન ન કરી શકે ?

હિંદુત્વવાદી : (રક્ષણાત્મક) કમજોર? ના રે ના! હિન્દુ સંસ્કૃતિ સૌથી પ્રાચીન અને મજબૂત છે. પરંતુ મુસલમાનોની લાંબી લાંબી દાઢી રાખવાની, તેમની સ્ત્રીઓની હિજાબ અને બુરખો પહેરવાની, અને બીફ ખાવા જેવી પ્રથાઓ અમારી સંસ્કૃતિ પ્રત્યેનો અનાદર દર્શાવે છે. આમ કરીને જાણે કે તેઓ અમને ચીડવવા માંગે છે.

સોક્રેટિસ : અનાદર! શું તમે તેમને પૂછ્યું છે કે તેઓ શા માટે આવી પ્રથાઓનું પાલન કરે છે? શું તેઓ ઇરાદાપૂર્વક તમને દુઃખી કરવા માટે એમ કરે છે કે તેમની પોતાની માન્યતાઓને કારણે આવું કરતા હોય છે?

હિંદુત્વવાદી : કદાચ તેમની માન્યતાઓને લીધે તેઓ આમ કરતા હશે એમ માની લઈએ. પરંતુ, તેથી અમારી સાથે અથડામણ થાય છે. દાખલા તરીકે, અમે ગાયને પવિત્ર માનીએ છીએ, જ્યારે તેઓ તેને ખોરાક માટે કતલ કરે છે. અમે આ કેવી રીતે સ્વીકારી શકીએ?

સોક્રેટિસ : આ એક મહત્ત્વપૂર્ણ સમસ્યા છે. પણ મને કહો, શું બીજા લોકો પોતાની માન્યતાઓ કે રીત રિવાજો પ્રમાણે જીવતા હોય તેનો અર્થ એવો થાય કે તમારે પણ તેવી પ્રથાઓ અપનાવવી જોઈએ? શું તમે તમારાં પોતાનાં મૂલ્યો સાથે સમાધાન કર્યા વિના અમુક તફાવતોને ન સ્વીકારી શકો?

હિંદુત્વવાદી : (ખચકાતાં) હા, અમારે તેમની પ્રથાઓ કે રીત રિવાજોને અપનાવવાની જરૂર નથી. પરંતુ અમારી આસપાસ આવું બનતું જોવું પીડાદાયક લાગે છે - તે અમારી પરંપરાઓથી વિરુદ્ધ છે.

સોક્રેટિસ : હું સમજું છું. પરંતુ શું પરંપરાઓ સ્થિર હોય છે કે તે સમય જતાં બદલાતી જાય છે? શું હિંદુ સંસ્કૃતિએ પર્સિયન, ગ્રીક, અને અન્ય સંસ્કૃતિઓના પ્રભાવોને ઝીલ્યા નથી? અને આજે પણ તમે તેની અસર નીચે જીવતા નથી? દાખલા તરીકે, સમોસા, જે તમારો પ્રિય નાસ્તો છે, તે મધ્યપૂર્વના દેશોની પેદાશ નથી? તે જ રીતે તમારી ભાષામાં પણ કેટલા બધા અરબી, ફારસી, અંગ્રેજી ભાષાના શબ્દો વપરાય છે? અને તમારો પહેરવેશ? શું તમે જે કોટ-પાટલૂન પહેરો છો તે તમારો મૂળ પહેરવેશ છે?

હિંદુત્વવાદી : (વિચારીને) હા, સમય જતાં કેટલાક ફેરફારો થાય છે. પરંતુ કેટલીક બાબતો, જેમ કે ગાય પ્રત્યેનો આદર, અમારી હિન્દુ સંસ્કૃતિનું મૂળભૂત લક્ષણ છે.

સોક્રેટિસઃ પરંતુ, શું બીજા લોકોની બીફ ખાવાની મરજીથી ગાય પ્રત્યેનો તમારો આદર ઓછો થાય છે? કે પછી તે ફક્ત તમારા અહમ્‌ને પડકારે છે તેથી તે તમને પસંદ નથી?

હિંદુત્વવાદી : મેં આ રીતે વિચાર્યું ન હતું. તે સાચી વાત છે કે કોઈ બીફ ખાય તેથી મારો ગાય પ્રત્યેનો આદર ઓછો થતો નથી. પરંતુ તે અપમાન જેવું લાગે છે.

સોક્રેટિસ : બરાબર. હવે, તમે આ રીતે વિચાર કરો : મૂર્તિપૂજા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જેવી અમુક હિંદુ પ્રથાઓથી જો કોઈ મુસ્લિમ પોતાને અપમાનિત થયાનું માને, તો શું તેથી તેને તમારી પરંપરાઓને વખોડવાનો અધિકાર મળે છે?

હિંદુત્વવાદી : ના, તેઓએ અમારી નિંદા ન કરવી જોઈએ. તે અમારી માન્યતા છે.

સોક્રેટિસ : ચોક્કસ. શું આ જ સિદ્ધાંત પ્રમાણે મુસલમાનો સાથે સંમત થયા વિના તેમની પ્રથાઓનો આદર કરવાથી તમારી બંને કોમો વચ્ચે વધુ સુમેળ ન થઈ શકે?

હિંદુત્વવાદી : (નિસાસો નાંખતાં) તે તાર્કિક લાગે છે, પરંતુ જ્યારે તેમની પ્રથાઓ અમારી જીવનશૈલીથી વિરુદ્ધ હોય ત્યારે તે મુશ્કેલ હોય છે.

સોક્રેટિસ : ચાલો, આ પડકાર વિષે વિચારીએ. શું હિંદુ સંસ્કૃતિની તાકાત એકરૂપતામાં છે કે વિવિધતાને સમાવવાની તેની ક્ષમતામાં? શું હિન્દુઓની સર્વસમાવેશકતાને કારણે જ ભારતીય સંસ્કૃતિ સહસ્રાબ્દીઓથી વિકસતી આવી નથી?

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) કદાચ. એ હકીકત છે કે હિંદુ ધર્મ તેની સર્વસમાવેશિતાને કારણે ઘણા ઐતિહાસિક પડકારોનો સામનો કરી શક્યો છે.

સોક્રેટિસ : ખરેખર. હવે, મને કહો, મારા સાહેબ, શું તમારા અણગમાનું મૂળ તમારી સંસ્કૃતિ ગુમાવવાના ડરમાં છે કે તમારી સમજણના અભાવમાં? શું અર્થપૂર્ણ અને વિશદ સંવાદથી પરસ્પર આદરમાં વૃદ્ધિ અને આપસના ભયમાં ઘટાડો ન કરી શકાય? શું તફાવતોને ભૂંસી નાખવાને બદલે તેમને સ્વીકારવાથી પરસ્પર આદર ન વધી શકે?

હિંદુત્વવાદી : (વિચારીને) કદાચ. પરંતુ આ તફાવતોને અવગણવું મુશ્કેલ છે.

સોક્રેટિસ : હા, અઘરું હોઈ શકે છે, પણ અશક્ય નથી. તમે વિચારો કે શું વધુ અગત્યનું છે – તફાવતોને નાબૂદ કરવાનું કે વિવિધતામાં એકતા શોધવાનું? જો હિંદુ સંસ્કૃતિ ખરેખર સબળ હોય, તો શું સાંસ્કૃતિક વિવિધતાથી તે નબળી પડશે? શું એકબીજાની સંસ્કૃતિને આદરપૂર્વક સમજવાથી નુકસાન થશે? શું હિન્દુઓમાં પણ દ્વૈત, અદ્વૈત, વૈષ્ણવ, શૈવ, અને શાક્ત  જેવા તફાવતો નથી?

હિંદુત્વવાદી : (લાંબા વિરામ પછી) હું માનું છું કે આ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે. કદાચ અમે એકબીજા પાસેથી શું શીખી શકીએ તેના બદલે અમને શું વિભાજિત કરે છે તેના પર અમે વધુ ધ્યાન આપ્યું છે.

સોક્રેટિસ : તમારી આ વાત સમજદારી બતાવે છે, મારા મિત્ર. સાંસ્કૃતિક તફાવતો અનિવાર્ય છે. પરંતુ આપણે તેમના પ્રતિ કેવો પ્રતિભાવ આપીએ છીએ તે આપણા ભવિષ્યને ઘડે છે. શું આપણે સમજણના સેતુ બનાવતી આવી બાબતો શોધવાનું ચાલુ રાખીશું? તમે ભારતમાં મુસ્લિમ વસ્તીના વધારા અંગે ચિંતા વ્યક્ત કરો છો. મને કહો, તમારી આવી ચિંતાનું કારણ શું છે?

હિંદુત્વવાદી : સોક્રેટિસ, તે સીધું ને સટ છે. તેમની વસ્તી અમારા કરતાં ઝડપથી વધી રહી છે. તેમના આવા વસ્તી વધારાથી તો તેઓ અમારી હિન્દુઓની સંખ્યા કરતાં વધી જશે, અને ભવિષ્યમાં ભારત હિન્દુ બહુમતી રાષ્ટ્ર નહીં રહે. મુસલમાનો અમારા પર ફરીથી રાજ કરશે.

સોક્રેટિસ : ખરેખર આ એક ચિંતાનો વિષય છે. ચાલો, આપણે તેના વિષે ગંભીરતાથી વિચારીએ. કેટલી ઝડપથી તેમની વસ્તી વધી રહી છે એમ તમે માનો છો? અને તમારી આ માન્યતા કયા પુરાવા પર આધારિત છે?

હિંદુત્વવાદી : આ તો એક જાણીતી હકીકત છે. કેટલાક રાજકીય નેતાઓને એમ કહેતા સાંભળ્યા છે કે મુસલમાનો જાણી જોઈને તેમની વસ્તી વધારે છે.

સોક્રેટિસ : હકીકતો એ સમજણનો પાયો છે. પરંતુ મને કહો, શું તમે હકીકતોનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે? શું તમે બંને કોમોના વસ્તીના વાસ્તવિક વૃદ્ધિદરને જાણો છો? કે પછી તમારી માન્યતા સાંભળેલી વાતો પર આધારિત છે ?

હિંદુત્વવાદી : મેં જાતે ડેટાનો અભ્યાસ કર્યો નથી., પરંતુ, જે લોકો આવું કહે છે તેમના પર મને વિશ્વાસ છે.

સોક્રેટિસ : પરંતુ શું આવા દાવાઓને ચકાસવાની જરૂર નથી, ખાસ કરીને આપણે જ્યારે સમગ્ર સમુદાય વિશેની આપણી ધારણાઓ બાંધતા હોઈએ ત્યારે? શું જનસંખ્યાશાસ્ત્રના નિષ્ણાતો નથી કહેતા કે હિંદુઓ અને મુસ્લિમો સહિત ભારતમાં એકંદર વસ્તી વધારાનો દર ઘટી રહ્યો છે. અને હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેના પ્રજનન દરમાં પણ તફાવત એટલો બધો નથી કે વસ્તી વિષયક પરિવર્તન પડકારજનક થઈ જાય. તેમ છતાં, ચાલો તમારી માન્યતા સાચી છે એમ માનીને ધારી લઈએ કે ભારતમાં મુસલમાનોની વસ્તી ખરેખર ઝડપથી વધી રહી છે. પણ શું તમે જાણો છો કે આવું કેમ થતું હશે?

હિંદુત્વવાદી : તે તેમની ધાર્મિક માન્યતાઓને કારણે છે. ઇસ્લામ બહુપત્નીત્વને અને મોટા પરિવારોને પ્રોત્સાહન આપે છે. તેઓ તેમની સંખ્યા વધારવા અને અમારા પર વર્ચસ્વ જમાવવા માટે જાણી જોઈને આવું કરે છે.

સોક્રેટિસ : આ એક રસપ્રદ ધારણા છે. પણ તમે મને જણાવો કે તમે એવા કેટલા મુસ્લિમોને મળ્યા જેઓ એક કરતાં વધુ પત્નીઓ ધરાવે છે?

હિંદુત્વવાદી : હું મુસ્લિમોને ખાસ મળતો નથી. પરંતુ, એવું સાંભળ્યું છે કે એમનો ધર્મ એમને ચાર પત્ની કરવાની છૂટ આપે છે.

સોક્રેટિસ : અચ્છા. તમે એવું સાંભળ્યું છે. પણ શું કદાચ એવું ન બની શકે તેમની ચાર પત્ની રાખવાની ધાર્મિક છૂટને કારણે તમારામાંથી કેટલાક લોકોને મુસલમાનો પ્રતિ ઈર્ષા થતી હોય? અને તમારા કેટલાક હિન્દુઓ પણ એકથી  વધુ પત્ની કરવા મુસ્લિમ નથી બની જતા?

હિંદુત્વવાદી : (શરમાઈને) ચાલો, બહુપત્નીત્વની વાત જવા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દઈએ. તોય શું તેઓ વધુ બાળકો પેદા નથી કરતા?

સોક્રેટિસ : ચાલો, બહુપત્નીત્વની વાત જવા દઈએ. પણ, તમે મને કહો કે શું માત્ર ધર્મ જ જન્મદર નક્કી કરે છે, કે પછી આર્થિક અને સામાજિક પરિબળો પણ વસ્તીવધારામાં કોઈ ભૂમિકા ભજવી શકે છે?

હિંદુત્વવાદી : સામાજિક-આર્થિક પરિબળો? તમારો મતલબ શું છે, સોક્રેટિસ ?

સોક્રેટિસ : એ તો જાણીતી હકીકત છે કે ગરીબીનું ઊંચું સ્તર, શિક્ષણની નીચી પહોંચ, અને મર્યાદિત આરોગ્ય સંભાળ ધરાવતા સમાજોમાં જન્મદર મહદંશે વધારે હોય છે. આ પરિબળોને કારણે અમુક મુસ્લિમ સમુદાયોમાં વસ્તી વધતી હશે. અને કદાચ તે જ રીતે આવાં પરિબળો કેટલાક હિંદુ સમુદાયોમાં પણ વસ્તી વધારા માટે જવાબદાર હોઈ શકે છે.

હિંદુત્વવાદી : (ખચકાતાં) તે સાચું હોઈ શકે. પરંતુ ઇરાદાપૂર્વકના વધારા વિશે શું? શું તેઓ અમારી સંખ્યા કરતાં આગળ વધી જવાનો પ્રયાસ નથી કરી રહ્યા?

સોક્રેટિસ : આ એક રસપ્રદ મુદ્દો છે. પણ મને પૂછવા દો, શું તમે મુસ્લિમ પરિવારો સાથે તેમના ઇરાદાઓ વિશે વાત કરી છે? શું તેઓ તમારી કોમ ઉપર પ્રભુત્વ મેળવવાની ઇચ્છાથી આમ કરે છે, કે તેમના કુટુંબનાં કદ કોઈ ઇરાદાપૂર્વકની વ્યૂહરચનાને બદલે વ્યક્તિગત અથવા આર્થિક કારણોને લીધે મોટાં છે?

હિંદુત્વવાદી : (રક્ષણાત્મક) મેં તેમની સાથે વાત કરી નથી. પરંતુ તે તો દેખીતી વાત છે કે તેમની વસ્તી વધી રહી છે.

સોક્રેટિસ : પરંતુ મને કહો, શું તમારી ધારણાઓ માટે કોઈ વિશ્વસનીય આધાર છે? શું તેમના દષ્ટિકોણને સમજવાની કોશિશ ચિત્રને વધુ સ્પષ્ટ નહીં કરે?

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) તો પણ લોકશાહીમાં સંખ્યા મહત્ત્વપૂર્ણ છે. મોટી મુસ્લિમ વસ્તી એટલે તેમનો વધુ પ્રભાવ. શું તે સાચું નથી?

સોક્રેટિસ : શું પ્રભાવ ફક્ત સંખ્યાબળમાંથી જ આવે છે? કે પછી શિક્ષણની પહોંચ અને આર્થિક સ્થિતિથી પણ પ્રભાવ વધે છે? શું હિંદુઓ સંખ્યાને કારણે જ વધુ પ્રભાવશાળી છે? શું તેમનું ઊંચું ભણતર અને તેમની આર્થિક સમૃદ્ધિ પણ તેમના વધુ પ્રભાવ માટે જવાબદાર નથી?

હિંદુત્વવાદી : (થોભો) તે બાબતો પણ અગત્યની છે. પરંતુ લોકશાહીમાં સંખ્યા જ મહત્ત્વપૂર્ણ છે.

સોક્રેટિસ : તો સંખ્યાનો આ ભય કેવી રીતે દૂર કરી શકાય? અવિશ્વાસ ફેલાવીને કે તમામ સમુદાયો માટે શિક્ષણ, આરોગ્ય સંભાળ, અને તકોની પહોંચમાં સુધારો કરીને? શું ઊંચા જન્મદરનાં મૂળ કારણોને સંબોધવાથી માત્ર મુસ્લિમોને જ નહીં, પરંતુ સમગ્ર ભારતને ફાયદો ન થઈ શકે?

હિંદુત્વવાદી : (થોડા વિરામ પછી) પરંતુ જેઓ ઇરાદાપૂર્વક રાજકીય લાભ માટે તેમની સંખ્યાનો ઉપયોગ કરે છે તેનું શું?

સોક્રેટિસ : તમારી ચિંતા વાજબી છે. પરંતુ મને કહો, શું રાજકીય તકવાદીઓ માત્ર એક જ સમુદાયમાં હોય છે, કે આવાં તત્ત્વો દરેક કોમ અને જૂથમાં જોવા મળે છે? શું તમારા લોકોમાં તડાં પાડતાં આવાં તત્ત્વોનો સૌએ સંગઠિત થઈને સામનો કરવો એ વધુ સમજદારી-ભર્યું નથી?

હિંદુત્વવાદી : (નિસાસો નાખતાં) કહેવું સહેલું છે, સોક્રેટિસ.

સોક્રેટિસ : સાચું, મારા મિત્ર. પરંતુ શું કરવાયોગ્ય બધી બાબતો ક્યારેય સરળ હોય છે? જો ભારતની શક્તિ તેની વિવિધતામાં રહેલી એકતામાં હોય તો શું તમારે આપસના ડરને વધારવાને બદલે, તથ્યો પર આધારિત સમજણ કેળવીને તમારા ડરને દૂર કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ?

હિંદુત્વવાદી : (માથું હલાવીને) કદાચ. પરંતુ આવું કરવામાં સમય લાગશે.

સોક્રેટિસઃ હા, સમય તો લાગશે. પરંતુ, શું સૌ પ્રથમ તમારી માની લીધેલી ધારણાઓ પર સવાલ ઉઠાવીને સત્ય શોધવા માટે ખુલ્લા દિલથી એકબીજા સાથે સંવાદ કરવો જરૂરી નથી?

હિંદુત્વવાદી : સોક્રેટિસ, તમને ખબર નથી પણ આ લોકો ''લવ જેહાદ'' ચલાવે છે. મુસ્લિમ પુરુષો અમારી મહિલાઓને લલચાવીને કે પટાવીને સંબંધો બાંધે છે. પછી તેમને ઇસ્લામમાં કન્વર્ટ કરે છે. અને એ રીતે તેઓ અમારી સંસ્કૃતિ અને અમારા ધર્મને નબળો પાડી રહ્યા છે.

સોક્રેટિસ : જો આ સાચું હોય તો ખરેખર તે એક ગંભીર બાબત કહેવાય. પણ તમે મને કહો કે તમારા આ દાવાને સમર્થન આપવા માટે તમે કયા પુરાવા પર આધાર રાખો છો?

હિંદુત્વવાદી : મીડિયામાં અસંખ્ય અહેવાલો આવ્યા છે. હિંદુ મહિલાઓ પ્રલોભનોને કારણે તેમના પરિવારને છોડી દે છે, અને ધર્મ પરિવર્તન કરે છે. આ સંયોગ નથી - આ એક પ્રયોગ છે, એક યોજનાબદ્ધ કાવતરું છે.

સોક્રેટિસ : તમે કહો છો કે આ એક કાવતરું છે. પરંતુ, ચાલો આપણે તેની તપાસ કરીએ. શું આ સંબંધો સંપૂર્ણપણે એકતરફી હોય છે? લાલચને કારણે હોય છે? કે પછી તેમાં પરસ્પર સંમતિ પણ હોય છે?

હિંદુત્વવાદી : (ખચકાતાં) કેટલાક કિસ્સાઓમાં પરસ્પર સંમતિ હોઈ શકે છે. પરંતુ મોટે ભાગે તો તેઓ કપટથી હિન્દુ મહિલાઓ સાથે પ્રેમનો ઢોંગ કરે છે. ક્યારેક મુસલમાન છોકરાઓ હિન્દુ નામ રાખીને કે તેમની સાચી ઓળખ છુપાવીને હિન્દુ મહિલાઓ સાથે સંબંધ બાંધે છે. અને પછી તે મહિલાઓને ધર્મ પરિવર્તન માટે દબાણ કરીને નિકાહ કરે છે.

સોક્રેટિસ : શું તમે આવી મહિલાઓ કે તેમના પરિવારો સાથે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વાત કરી છે? શું તમે જાણો છો કે તેઓને ફરજ પાડવામાં આવી હતી, અથવા તેમના નિર્ણયો તેમણે પોતે લીધા હતા?

હિંદુત્વવાદી : (રક્ષણાત્મક) મેં તેમની સાથે વાત કરી નથી. પણ હિંદુ સ્ત્રી સ્વેચ્છાએ શા માટે પોતાનો ધર્મ છોડી દે? તેની પાછળ લાલચ કે બળજબરી જ હોવી જોઈએ!

સોક્રેટિસ : શું આસ્થા એ મજબૂરીનો વિષય છે કે પસંદગીનો? જો કોઈ વ્યક્તિ પોતાની ધાર્મિક આસ્થા બદલે છે, તો શું તે હંમેશાં બળજબરી સૂચવે છે, કે તેની પોતાની મુનસફીને?

હિંદુત્વવાદી : અમુક કિસ્સાઓમાં તે એક પસંદગી હોઈ શકે છે. પરંતુ મોટે ભાગે આ ધર્માન્તરણો એક વ્યૂહરચનાનો ભાગ છે. તેઓ અમારી સંખ્યા ઘટાડીને હિંદુ ધર્મને નબળો પાડવા માંગે છે.

સોક્રેટિસ : આ તો એક ગંભીર ચિંતાનો વિષય કહેવાય. પણ મને કહો, શું માત્ર મુસ્લિમ પુરુષો જ અન્ય ધર્મની સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે કે પછી હિન્દુ પુરુષો પણ મુસ્લિમ સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે? શું તમારો સંદેહ આવાં બધાં જ લગ્નોને લઈને એકસરખો હોય છે ?

હિંદુત્વવાદી : (ખચકાતાં) ના, તે અલગ છે. હિન્દુ પુરુષો અને મુસ્લિમ મહિલાઓ વચ્ચેનાં લગ્નો તો પ્રેમલગ્નો હોય છે. હિન્દુ પુરુષો મુસ્લિમ મહિલાઓને ધર્મ પરિવર્તન કરાવવા માટે પરણતા નથી. અને લગ્ન પહેલાં કે પછી તે માટે દબાણ પણ કરતા નથી.

સોક્રેટિસ : ચાલો, એક ઘડી માટે માની લઈએ કે કેટલાક હિંદુ પુરુષોએ ધર્મ પરિવર્તનને પ્રોત્સાહન નહીં આપ્યું હોય. પરંતુ, શું હિન્દુ પુરુષોનાં મુસ્લિમ મહિલાઓ સાથેનાં લગ્ન પણ તમને એટલાં જ પરેશાન કરે છે ? કે પછી આ મુદ્દો ધર્માંતરણ વિશે ઓછો છે અને તમારી સાંસ્કૃતિક ઓળખ ગુમાવવાના ભય વિશે વધુ છે?

હિંદુત્વવાદી : (થોભો) કદાચ તે બંને છે. પરંતુ હિન્દુ સ્ત્રીઓનાં ધર્માંતરણો અમારા હિન્દુ સમુદાયને નબળો પાડે છે. તેથી સંખ્યાબળનું સંતુલન અમારી વિરુદ્ધ બગડે છે.

સોક્રેટિસ : જ્યારે કેટલાક હિન્દુઓ બીજી પત્ની કરવા મુસલમાન બને છે ત્યારે સંખ્યાબળનું સંતુલન તમારી વિરુદ્ધ બગડતું નથી? અને તમે શું એમ માનો છો કે હિંદુ ધર્મની તાકાત માત્ર સંખ્યા પર નિર્ભર છે કે તેનાં મૂલ્યો પર આધારિત છે? શું તમને નથી લાગતું કે હિન્દુઓની આર્થિક રાજકીય તાકાત પણ મામૂલી નથી?

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) હિંદુ ધર્મ મજબૂત છે, પણ લોકશાહીમાં સંખ્યાનું પણ મહત્ત્વ છે. જો ઘણા લોકો અમારો ધર્મ છોડી દે, તો તે અમારા રાજકીય ભવિષ્યને અસર કરી શકે છે.

સોક્રેટિસ : તમારી ચિંતા વાજબી છે. પણ તમે મને કહો, જો કોઈ વ્યક્તિની શ્રદ્ધા આટલી સહેલાઈથી ડગમગી જાય તો શું તેની ધર્મ નિષ્ઠા જ નબળી ના કહેવાય?

હિંદુત્વવાદી : (વિચારીને) કદાચ તેમ હોઈ શકે. પરંતુ શા માટે અમારે ધર્માન્તરણને સહન કરવું જોઈએ? શું તેને રોકવું અમારા માટે હિતાવહ નથી?

સોક્રેટિસ : આ એક રસપ્રદ પ્રશ્ન છે. ચાલો, આપણે તેના વિષે વિચારીએ. શું ધર્માંતરણ અટકાવવાથી તમારા લોકોની હિન્દુ ધર્મ પ્રત્યેની આસ્થા મજબૂત થશે? શું ધર્મ પ્રત્યેની આસ્થા સ્વૈચ્છિક નથી હોતી?

હિંદુત્વવાદી : (ખચકાતાં) હું માનું છું કે સાચી શ્રદ્ધા સ્વૈચ્છિક હોવી જોઈએ. પરંતુ લોકોને ધર્માંતરણ માટે ગેરમાર્ગે દોરવામાં આવે તેનું શું? 'લવ જેહાદ'ના કેસોમાં આવું જ થતું હોય છે.

સોક્રેટિસ : બીજાઓને ગેરમાર્ગે દોરવું એ તો ખરેખર ખોટું છે. કોઈની પણ સાથે કરેલું છળકપટ નિંદનીય છે. પરંતુ શું આવી હેરાફેરી મુસ્લિમ ધર્મ પૂરતી જ મર્યાદિત છે કે કોઈપણ માનવસંબંધોમાં આવી બદી જોવા મળે છે? શું આપણે કેટલીક વ્યક્તિઓની લુચ્ચાઈ માટે સમગ્ર સમુદાયને દોષ દેવો જોઈએ?

હિંદુત્વવાદી : (નિસાસો નાખતાં) સમગ્ર સમુદાયને દોષી ઠેરવવો કદાચ અયોગ્ય છે. પરંતુ આવા અનેક દાખલાઓ છે.

સોક્રેટિસ : પરંતુ, શું આવા દાખલાઓ ખરેખર બહુમતીનું પ્રતિનિધિત્વ કરે છે કે છૂટાછવાયા કેસો છે? શું ક્યારેક અમુક ઘટનાઓને લોકો કે મીડિયા વ્યાપક સ્વરૂપ આપીને ગભરાટ ફેલાવવાનું કામ નથી કરતાં?

હિંદુત્વવાદી : (વિચારીને) કદાચ અમુક અવળચંડા લોકો કે કેટલાંક તોફાની મીડિયા અતિશયોક્તિ કરતાં હશે, કરે છે. પરંતુ આવાં ધર્માંતરણો સામે પ્રતિક્રિયા આપ્યા વગર અમે અમારા હિન્દુ સમુદાયનું રક્ષણ કેવી રીતે કરી શકીએ?

સોક્રેટિસ : આ એક વિચારવાલાયક પ્રશ્ન છે. શું તમે આંતર ધર્મ સંવાદને પ્રોત્સાહન આપીને એક સમજુ સમાજનું નિર્માણ ન કરી શકો, જ્યાં લોકો માહિતગાર થાય અને સ્વતંત્ર પસંદગીઓ કરી શકે ?

હિંદુત્વવાદી : (થોડા સમય પછી) આ એક લોભામણો આદર્શ લાગે છે. પરંતુ જ્યારે સમુદાયો વચ્ચે તણાવ ખૂબ વધારે હોય ત્યારે એકબીજા પર વિશ્વાસ કરવો મુશ્કેલ હોય છે.

સોક્રેટિસઃ આ એક ખરેખર મુશ્કેલ કામ છે, મારા મિત્ર. પરંતુ, શું નિષ્ઠાપૂર્વકનો સંવાદ કોઈ સુમેળભર્યા સમાજનો પાયો ન બની શકે? મને કહો, જે શંકાનું વિષચક્ર બનાવે છે અને જે આપણને વધુ વિભાજિત કરે છે તેવા ડરથી પરસ્પર વિશ્વાસ મજબૂત બનશે ખરો?

હિંદુત્વવાદી : (નિસાસો નાખતાં) હું તમારી સાથે સંમત થાઉં છું કે ડર વિભાજિત કરે છે. પરંતુ તેને દૂર કરવો સરળ નથી.

સોક્રેટિસ : સાચી વાત છે. પરંતુ તે માટે સૌ પ્રથમ આપણી માની લીધેલી ધારણાઓનું સત્યાપન કરવાની જરૂર નથી? અને વાતવાતમાં ઉતાવળા અને વગર વિચારે અભિપ્રાયો બાંધી લેવા કે ચુકાદા આપવાને બદલે સાચી જિજ્ઞાસાપૂર્વક એકબીજાની નજીક જવું જરૂરી નથી? શું જે ડર આપણને એકબીજાથી અલગ કરે છે તેને દૂર કરીને આપણે સૌ સાથે મળીને એક મજબૂત સહિયારું ભવિષ્ય ન બનાવી શકીએ?

હિંદુત્વવાદી : (ધીમેથી હકારમાં) કદાચ તેવા પ્રયાસ કરવા યોગ્ય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે. પરંતુ તે માટે બંને બાજુથી પ્રયત્નો કરવા પડશે. એક હાથે તાળી ન પડે, સોક્રેટિસ.

સોક્રેટિસ : ખરેખર, મારા મિત્ર. સાચી સંવાદિતા માટે બંને પક્ષે પ્રયત્નોની જરૂર છે. પરંતુ જો તે શાંતિ અને સમજણ તરફ દોરી જાય તો શું તેવા પ્રયત્નો કરવા સાર્થક ન કહેવાય?

હિંદુત્વવાદી : પરંતુ, સોક્રેટિસ, આ મુસલમાનો સખણા નથી. પૂરી દુનિયામાં તેમણે ઉધામો મચાવ્યો છે. માટે તે ચિંતાનો વિષય છે.

સોક્રેટિસ : તમે શું કહેવા માંગો છો?

હિંદુત્વવાદી : સોક્રેટિસ, હું જે કહું છું તે ઇસ્લામિક ઉગ્રવાદનો વૈશ્વિક ફેલાવો છે. તે સર્વત્ર છે-આતંકવાદ, હિંસા, આ એક એવી વિચારધારા જે માત્ર અમારા દેશને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને ધમરોળી રહી છે.

સોક્રેટિસ : ખરેખર આ એક ગંભીર ચિંતાનો વિષય છે. ચાલો, એ અંગે વિચારીએ. જ્યારે તમે ઇસ્લામિક ઉગ્રવાદની વાત કરો છો, ત્યારે તમારો અર્થ શું છે? શું આવો ઉગ્રવાદ પોતે જ ઇસ્લામ ધર્મની પેદાશ છે કે તેના કેટલાક અનુયાયીઓ તેમના ધર્મનું મનગમતું અર્થઘટન કરીને આવો ઉગ્રવાદ ફેલાવે છે?

હિંદુત્વવાદી : બધા મુસ્લિમો ઉગ્રવાદી નથી તે હું જાણું છું. પરંતુ તેમના ઉગ્રવાદીઓ-આતંકવાદીઓ હિંસાને વાજબી ઠેરવવા માટે ધર્મને તોડી મરોડીને તેમની વિચારધારા ફેલાવવા માંગે છે એવો મને ડર છે.

સોક્રેટિસ : બરાબર. તમે વ્યાપક મુસ્લિમ સમુદાય અને ઉગ્રવાદીઓ વચ્ચે તફાવત કરો છો તે પ્રશંસનીય છે. પણ, મને કહો, આવા મુસ્લિમ ઉગ્રવાદીઓનું પ્રમાણ કેટલું મોટું હશે તેમ તમે માનો છો?

હિંદુત્વવાદી : મને ચોક્કસ સંખ્યાની ખબર નથી. પરંતુ, તેમનો પ્રભાવ ઘણો હોય તેવું લાગે છે. વિશ્વભરના હુમલાઓ જુઓ-અમેરિકાનું ૯/૧૧. ફ્રાંસ, નેધરલેન્ડ જેવા યુરોપના અનેક દેશમાં તેમનો આતંક ફેલાયો છે. અને અમારા ભારતમાં તો હદ કરી નાખી છે. દિલ્હીમાં અમારા સંસદભવન પર હુમલો અને મુંબઈમાં કરેલા તેમના હુમલા એ ભુલાય એવા નથી. આઈ.એસ.આઈ.એસ. અને અલ-કાયદા જેવાં આતંકવાદી જૂથો તેમની વિચારધારા જંગલની આગની જેમ ફેલાવે છે.

સોક્રેટિસ : ખરેખર, આવા હુમલા ભયાનક છે. પરંતુ, ચાલો આપણે વિચારીએ. શું આ ઉગ્રવાદીઓ ઇસ્લામના મૂળ ઉપદેશોનું પ્રતિનિધિત્વ કરે છે, અથવા તેના વિકૃત સ્વરૂપનું? શું તમે ઇસ્લામ ધર્મના વ્યાપક ઉપદેશોના સંદર્ભમાં તેમની વિચારધારાનો અભ્યાસ કર્યો છે?

હિંદુત્વવાદી : (રક્ષણાત્મક) ના, મેં તેનો અભ્યાસ કર્યો નથી. અને મને તેની જરૂર પણ લાગતી નથી. પરંતુ જો તેમનાં કુકર્મો આટલાં વ્યાપક હોય, તો શું તેનો અર્થ એ નથી કે તેમના ધર્મમાં કંઈક એવું છે જે આવી હિંસાને પ્રેરણા આપે છે?

સોક્રેટિસ : આ એક વિચારવાલાયક પ્રશ્ન છે. પણ તમે મને કહો, શું કેટલાક આત્યંતિક અનુયાયીઓનાં કૃત્યોને આધારે આખા ધર્મને વગોવવો યોગ્ય છે? દાખલા તરીકે, શું તમે હિંદુ ધર્મને નામે હિંસા આચરનારાઓનાં કૃત્યોને કારણે તમારા ધર્મને વખોડશો?

હિંદુત્વવાદી : (ખચકાતાં) એ અલગ છે. હિંદુ ધર્મ સ્વાભાવિક રીતે જ શાંતિપ્રિય છે.

સોક્રેટિસ : હિંદુ ધર્મ ખરેખર શાંતિપ્રિય છે. પરંતુ શું તમારા રામાયણ અને મહાભારત જેવા કેટલાક પ્રાચીન ગ્રંથોમાં હિંસક યુદ્ધોનો ઉલ્લેખ નથી? શું કેટલાક હિન્દુ ધર્મના નેતાઓ આવા ગ્રંથોને આધારે અમુક સંજોગોમાં 'ધર્મ યુદ્ધ'ના નામે હિંસાને વાજબી નથી ઠેરવતા? શું હિન્દુઓ પણ કોમી હુલ્લડોમાં ભાગ નથી લેતા?

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) હા, આવાં ઉદાહરણો છે. પરંતુ તે બહુ વ્યાપક નથી!

સોક્રેટિસ : ચોક્કસ. શું ઇસ્લામ સાથે પણ આવું જ ન હોઈ શકે? શું કેટલાક ઉગ્રવાદીઓ સમગ્ર ઇસ્લામ ધર્મનું પ્રતિનિધિત્વ કરવાને બદલે તેમના ધાર્મિક ગ્રંથોનું ખોટું અર્થઘટન કરીને પોતાનો ઉલ્લુ સીધો કરવા માંગતા હોય એવું ન બની શકે ?

હિંદુત્વવાદી : કદાચ. પરંતુ શા માટે ઘણા યુવાન મુસ્લિમો આ જૂથો તરફ ખેંચાય છે?

સોક્રેટિસ : આ એક ચિંતાજનક પ્રશ્ન છે. પરંતુ, તમે મને કહો, શું તમે માનો છો કે માત્ર ધર્મ જ લોકોને ઉગ્રવાદ તરફ દોરી જાય છે, અથવા અન્ય પરિબળો - ગરીબી, બેકારી, રાજકીય દમન, અને તકોનો અભાવ - પણ કોઈ ભૂમિકા ભજવી શકે છે?

હિંદુત્વવાદી : (વિચારપૂર્વક) તે પરિબળો ફાળો આપી શકે છે. પરંતુ તેમના ધાર્મિક નેતાઓ આવી ધાર્મિક આગને ફેલાવે છે.

સોક્રેટિસ : સાચું. કેટલાક રાજકીય અને ધાર્મિક નેતાઓ પોતાના સ્વાર્થ માટે ધર્મનો દુરુપયોગ કરતા હોય છે. પરંતુ શું દરેક ધર્મમાં કે સમાજમાં આવાં તોફાની તત્ત્વો નથી હોતાં? અને શું આવાં કુકર્મોમાં બધા જ ધર્મગુરુઓ કે રાજકીય નેતાઓ સંડોવાયેલા હોય છે? કે પછી મુસ્લિમોમાં પણ કેટલાક એવા ધર્મગુરુઓ અને નેતાઓ હોય છે જે ઉગ્રવાદનો સામનો કરવા માટે મથામણ કરતા હોય? શું તમે કેટલાક મુસ્લિમ વિદ્વાનોને આતંકવાદની નિંદા કરતા સાંભળ્યા છે?

હિંદુત્વવાદી : (થોભો) મેં કેટલાક વિશે સાંભળ્યું છે, પરંતુ તેમના અવાજો ઉગ્રવાદીઓ આગળ ડૂબી ગયા હોય તેવું લાગે છે.

સોક્રેટિસ : તેવું શા માટે હોઈ શકે? શું એવું બની શકે કે મીડિયા એવો ભ્રમ પેદા કરે છે કે શાંતિવાદીઓ કરતાં ઉગ્રવાદીઓ બહુમતીમાં છે કે વધુ લોકપ્રિય છે?

હિંદુત્વવાદી : તે શક્ય છે. પરંતુ ઇસ્લામિક ઉગ્રવાદ વૈશ્વિક ખતરો બની ગયો છે એવું તો લાગે છે. ખાસ કરીને, જ્યારે આવા હિંસક હુમલાઓ વારંવાર થાય છે ત્યારે.

સોક્રેટિસ : તમારી ચિંતા વાજબી છે. પરંતુ ચાલો આ અંગે આપણે

(જુઓ પાન નં. ૦૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પ્રાર્થનાસ્થળ અંગેના ખરડા વિશે રાજમોહનજીનું ‘એ’ ભાષણ



હું છેલ્લાં અનેક વર્ષોથી ઇતિહાસકાર તેમજ ચરિત્રલેખક રાજમોહન ગાંધીનો પ્રશંસક રહ્યો છું. તેમના લખેલાં પુસ્તકો તેમજ લોકશાહી અને બહુમતીવાદ વચ્ચે થાક્યા વિના તેમણે રજૂ કરેલ જોડાણ - આ બન્ને બાબતોને લીધે તેમને માટે મને ઘણો આદર છે. તેમના સંપાદન હેઠળ પ્રકાશિત થનારું ‘હિમ્મત’ સાપ્તાહિક કટોકટી કાળમાં પોતાની કરોડરજ્જુ સીધી રાખનાર જે ગણ્યાંગાંઠ્યાં મેગેઝિનો હતાં તેમાંનું એક હતું. ભયના વાતાવરણને એક પડકાર આપવાની નિર્ભયતા આ સામાહિકે બતાવી હતી (જેવી ભૂમિપુત્રએ પણ બતાવી હતી). તે પછીના કાળમાં રાજમોહનજીએ આધુનિક ભારત વિશે ઊંડા સંશોધન સાથેનાં એવાં જ કેટલાંક પુસ્તકો પણ આપણને આપ્યાં. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને સી.રાજગોપાલાચારી ઉપરનાં અત્યંત પ્રમાણભૂત એવાં ચરિત્રોનો સમાવેશ થાય છે. આવાં ભારેખમ અને અભ્યાસપૂર્ણ પુસ્તકો લખવાની સાથેસાથે એમણે રોજના સમાચારપત્રોમાં પણ નિયમિત રૂપે કોલમો લખીને સાર્વજનિક ચર્ચાના વિશ્વમાં પોતાનું આગવું યોગદાન આપ્યું. તેમના આ લેખો દર વખતે નવી વિગતો આપનારા અને વિચારપૂર્વકનું લોજીક રજૂ કરનારા રહ્યા છે.

રાજમોહન ગાંધીના એકંદર કામનું પૂરતું અને સર્વાંગી આકલન મને છે એવું હું માનતો હતો. પરંતુ, એક વિદ્વાન મિત્રે હાલમાં જ રાજમોહનના એક વ્યાખ્યાન તરફ મારું ધ્યાન ખેંચ્યું, જે મેં અગાઉ ક્યારેય વાંચ્યું ન હતું. રાજમોહન જ્યારે થોડા વખત માટે રાજ્યસભાના સદસ્ય હતા ત્યારે સપ્ટેમ્બર ૧૯૯૧માં તેમણે આ વ્યાખ્યાન આપ્યું હતું. આજની ભારતીય પ્રજાસત્તાકની પરિસ્થિતિ જોતાં રાજમોહનજીના આ ભાષણના મુદ્દાઓ ખૂબ જ પ્રસ્તુત સાબિત થઈ શકે તેમ છે.

રાજ્યસભામાં પ્રાર્થનાસ્થળ વિશેના ખરડાની પ્રસ્તુતિ સંદર્ભે થયેલી ચર્ચામાં રાજમોહનજીએ પોતાની વાત મૂકી હતી. કોઈ પણ પ્રાર્થનાસ્થળના ધર્માંતર પર પ્રતિબંધ હોવો જોઈએ અને કોઈ પણ પ્રાર્થનાસ્થળનું ધાર્મિક સ્વરૂપ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ ને દિવસે જેવું હતું તેવું જ ટકાવી રાખવા માટે જરૂરી તજવીજ કરવી જોઈએ. આ માટે પ્રસ્તુત ખરડો રજૂ કરાયો હતો. પરંતુ, આ ખરડામાં અયોધ્યામાં બાબરી મસ્જિદ જ્યાં ઊભી હતી, તે સ્થળને અપવાદ માનવામાં આવ્યો હતો. એ જગ્યાને ભગવાન રામનું જન્મસ્થળ હોવાનું અનેક હિંદુઓ માને છે.

તે વખતે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર સત્તામાં હતી. પ્રાર્થનાસ્થળ વિશેના બિલને લોકસભામાં મંજૂરી મળી હતી. ભાજપે આ વિધેયકનો વિરોધ કર્યો હતો. આ ખરડો સંઘ રાજ્ય પ્રણાલીનાં તત્ત્વોનું ઉલ્લંઘન કરનારો હોઈ રાજ્યસરકારોને તેમના નેજા હેઠળમાં જે પ્રાર્થનાસ્થાનો છે તે બાબતે તેમની ઇચ્છા અનુસાર કાર્યવાહી કરવાનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ એવી દલીલ ભાજપે કરી હતી. તે પછી એ ખરડો ચર્ચા માટે રાજ્યસભામાં આવ્યો હતો.

તે સમયે રાજમોહન ગાંધી જનતાદલના સભ્ય હતા. એમણે આ ખરડા અંગેની ચર્ચાની શરૂઆત રાજ્યસભામાં કરી. જૂના જખમો પરના પોપડા ફરીથી ઉખાડવાથી ક્યાં ક્યાં જોખમ ઊભાં થઈ શકે તે અંગે ઇશારો કરીને તેમણે ભારતના ભૂતકાળ વિશે તેમનું જે ઊંડું આકલન હતું તે રજૂ કર્યું. બદલા અને દ્વેષની ભાવનાને કારણે લાખો લોકોએ જાન ગુમાવ્યાનો દાખલો આપણને મહાભારતમાં મળી આવે છે. તેવા વિનાશનો દાખલો રાજમોહનજીએ ભાષણની શરૂઆતમાં આપ્યો. ‘‘ઇતિહાસની ભૂલો દ્વેષ ભાવનાથી સુધારવા માંગતા લોકો માત્ર વિનાશ વિનાશ અને અધિકાધિક વિનાશ જ નોતરશે, મહાભારતમાંથી આટલાં વર્ષોથી આપણને શીખવા મળેલો આ પાઠ છે’’ એવું તેમણે કહ્યું હતું.

વિરોધપક્ષમાં હોવા છતાં રાજમોહનજીએ પ્રાર્થનાસ્થળ અંગેના ખરડાને પોતાનું સમર્થન આપ્યું હતું. ભાજપના કેટલાક લોકોએ આ બિલને ‘હિંદુ વિરોધી’ કહ્યો હતો. પરંતુ, એમ કહેવું એટલે ‘આપણા દેશમાંનાં નવા અલગાવવાદીઓનો અવાજ છે’ એવી ટિપ્પણી તેમણે કરી હતી. આ લોકો અમે નવો રાષ્ટ્રવાદ દેશ સામે મૂકી રહ્યા છીએ એમ કહી રહ્યા હોય તો પણ હકીકતમાં એ નવો અલગાવવાદ છે. આ હિંદુ અલગાવવાદ એ હિંદુધર્મનો કમનસીબ અને વિકૃત અવતાર છે, આવું માનનારા લોકો હિંદુધર્મના તત્ત્વને સમર્પિત છે એની મને ખાતરી છે, પણ એમની આ તીવ્ર ભાવનાને લીધે તેમની દિશાભૂલ થઈ છે એવું હું માનું છું. તેઓ ભારતમાં હિંદુ પાકિસ્તાન, હિંદુ સાઉદી અરેબિયાનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભૂતકાળના (વાસ્તવિક કે કાલ્પનિક) ગુન્હાઓ પર આટલા ભ્રમિત થઈને ધ્યાન કેન્દ્રિત કરનારો આ ‘નવો અલગાવવાદી હિંદુત્વવાદ’ વર્તમાનકાળના પ્રશ્નો, જેમ કે ભૂખમરો, અંધત્વ, ભ્રષ્ટાચાર અને હિંસાચાર તરફ જાણી જોઈને દુર્લક્ષ કરે છે, એવું રાજમોહનજીએ કહ્યું હતું. હિંદુત્વવાદી શક્તિઓ હિંદુ સ્વાભિમાનની અને હિંદુ સન્માનની પુનઃસ્થાપના અંગે વાત કરતી હતી. પોતાને મુસ્લિમ વિરોધી દેખાડીને પોતાનું હિંદુત્વ સાબિત કરી બતાવવું એ કેમ જાણે નવા હિંદુ અલગતાવાદના સમર્થકોની કસોટી બની ગઈ છે, એવું પણ તેમણે કહ્યું હતું.

આ ખરડાનો વિરોધ કરનારાઓ માટે જોખમ અંગેની ચેતવણી આપતાં રાજમોહનજીએ કહ્યું હતું કે, ‘‘ખૂબ જૂના ભૂતકાળમાંના મુદ્દાઓને લઈને આજે લડવા બેસવું એ કદાચ તમને નાના કે મોટા યશ પ્રાપ્ત કરવા માટે ઉપયોગમાં આવે ય ખરા, પરંતુ તેમાંથી નવી ભાવનાઓ ઉત્પન્ન થશે અને ભારતના પ્રાચીન કાળની નવી નવી ભૂલો શોધીને તે સુધારવાના પ્રયત્નો થશે અને તે સુધારવા માટે અનેક સંઘર્ષો પેદા થશે.’’ તેમણે માર્મિકપણે આગળ કહ્યું, ‘‘હિંદુ સ્વાભિમાનની ભાવનાનું અસ્તિત્ત્વ આપણે પૈસામાં, મતોમાં, ડરાવવા-ધમકાવવાની તાકાત દ્વારા અને બંદૂકમાં રૂપાંતરિત કરી રહ્યા છીએ - આ એક હિંદુત્વને લાંછન લાગે એવું વર્તન આપણે કરીએ છીએ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભાષણના અંતે રાજમોહનજીએ ભારતીય જનતા પક્ષ અને તેના સમર્થકોને આ મુદ્દો યોગ્ય દૃષ્ટિકોણથી વિચારવા આહ્‌વાન કર્યું હતું, ''પ્રસ્તુત ખરડો સભાગૃહમાં કઈ પ્રેરણાથી મુકાયો છે તેને સમજી લેવો જરૂરી છે. આ સમસ્યા અહીંથી આગળ ટકે જ નહીં એ માટે આપણે રાષ્ટ્રીય ધોરણે નિર્ધાર કરવો જોઈએ. વાદ-વિવાદ તો ચાલતા રહેશે પરંતુ હિંસક સંઘર્ષ ટાળવો જ જોઈએ. આપણે આજે ભૂતકાળને બદલે વર્તમાનકાળ અને ભવિષ્યકાળનો વિચાર એકત્રિત થઈને કરવો જોઈશે.''

શ્રી રાજમોહન ગાંધીનું આ સુજ્ઞ ભાષણ આજે ફરી સાંભળવા જેવું છે. હવે તો ખુદ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશોએ જ પ્રાર્થનાસ્થળ અંગેના ખરડાનું ગંભીર અવમૂલ્યન કર્યું છે. બનારસ સ્થિત જ્ઞાનવાપી મસ્જિદમાં ઘણા સમય પહેલાંથી હિંદુ મૂર્તિ હોવાના કારણે ત્યાં આપણને પ્રાર્થના કરવાનો અધિકાર મળવો જ જોઈએ એવો દાવો કેટલાક હિંદુઓએ વર્ષ ૨૦૨૧ના ઓગસ્ટ મહિનામાં કર્યો હતો. તે પહેલાં એક સ્થાનિક ન્યાયાલયે, પછી અલાહાબાદના ઉચ્ચ ન્યાયાલયે આ મસ્જિદ બાબતે સર્વેક્ષણ કરવાની લીલીઝંડી આપી હતી. તે ચુકાદાઓના વિરોધમાં ૨૦૨૨ના મે મહિનામાં સર્વોચ્ચ ન્યાયાલયમાં અરજી દાખલ કરવામાં આવી. તે વખતના ન્યાયાધીશ ધનંજય ચંદ્રચૂડએ એવો દાવો કર્યો કે ૧૯૯૧ના ખરડા 'પ્રાર્થનાસ્થળના ભૂતકાળના કોઈ પણ તબક્કે ધાર્મિક સ્વરૂપ નક્કી કરવા' પર પ્રતિબંધ કરવામાં આવ્યો નથી. એટલે કે નીચલી અદાલતોને અને નીચેના ન્યાયાધીશોને (વાસ્તવિક કે કાલ્પનિક) ઇતિહાસમાં થયેલી ભૂલો સુધારવા માટે પ્રોત્સાહન આપવું હોય તો તેઓ તેમ કરી શકે છે, એવો સર્વોચ્ચ ન્યાયાધીશના વિધાનનો અર્થ હતો.

લેખક હર્ષ મંદરે નોંધ્યું છે તેમ, મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડના અવલોકનથી સંભલ (ઉ.પ્ર.) ખાતે દીવાની ન્યાયાધીશને સંબંધિત સર્વેક્ષણનો આદેશ આપવાની છૂટ મળી ગઈ. આ બાબતે આગળ ઘટેલા ઘટનાક્રમમાં છ માણસોનાં મૃત્યુ થયાં હતાં. જ્ઞાનવાપીની ભૂમિકાને આધારે 'પ્રાર્થના સ્થાનોના ધાર્મિક સ્વરૂપ સામે ઘણા પડકાર' ઊભા થયા અને તેમને આ વિધાનને કારણે પીઠબળ મળ્યું એવું 'સુપ્રિમ કોર્ટ ઓબ્ઝર્વર'એ નિયતકાલીને નોંધ્યું હતું.

ભાજપ શાસિત રાજ્યોમાં નીચલી અદાલતોના ન્યાયાધીશોને હિંદુત્વવાદીઓથી ડરીને જીવવું પડે છે અને તેથી તેઓ કાયદાનું અર્થઘટન કરવાની બાબતે હંમેશાં વિશ્વાસપૂર્ણ રીતે વર્તે છે તેવું ન કહી શકાય. એટલું જ નહીં, તેઓ ડરથી અથવા તેમના પર સત્તાધીશોની કૃપાદૃષ્ટિ રહે તેવો(તે માટે) નિર્ણય લે તેવી શક્યતા વધુ હોય છે. આમ આવાં સ્થાનોએ પડકારો વધુ તીવ્ર બન્યા છે.

આ લેખ લખાઈ રહ્યો હતો ત્યારે એટલે કે ૧૨મી ડિસેમ્બર ૨૦૨૪એ સર્વોચ્ચ ન્યાયાલયે પ્રાર્થનાસ્થળના ખરડાને પડકાર આપતી એક નવી અરજી અંગેની સુનાવણીની શરૂઆત કરી છે. ન્યાયાલયની બહારનું આજનું વ્યાપક રાજકીય વાતાવરણ જોઈએ તો પણ રાજમોહનજીએ ૧૯૯૧માં આપેલી તોળાઈ રહેલા જોખમની ચેતવણી ફરી યાદ કરવી જરૂરી લાગે છે. સત્તાધારી પક્ષોએ આ વર્ષે (૨૦૨૪) વિવિધ ચૂંટણીઓમાં કરેલા પ્રચાર અંગે વિચારી જુઓ. આ પ્રચારઅભિયાનમાં ભારતીય મુસલમાનોને સાતત્યપૂર્વક વિલન રૂપે ચીતરવાનો પ્રયત્ન કરાયો છે.

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનની સરકાર ૧૯૮૪ થી ૨૦૦૪ દરમ્યાન પ્રથમ વાર સળંગ રીતે સત્તા પર આવી ત્યારે સત્તાપક્ષના ઉચ્ચ પદે બેઠેલા નેતાઓ ભાગ્યે જ કોઈ દ્વેષ કે કટ્ટરતા વિશે કશું ખુલ્લી રીતે બોલતા હતા. હા, લાલકૃષ્ણ અડવાણીએ ૧૯૯૦ માં કાઢેલી રથયાત્રાને કારણે હિંસા થઈ અને લોહી રેડાયું એ એક હકીકત છે. (અલબત્ત, આ રથયાત્રા માટે આ લેખક અડવાણીને કદી પણ માફ કરી શકશે નહીં) પરંતુ જ્યારે તેઓ ૧૯૯૮ થી ૨૦૦૪ દરમ્યાન કેન્દ્રના ગૃહપ્રધાન હતા તે વખતે અડવાણીજીએ જાહેર નિવેદનોમાં સંયમિત ભાષાનો ઉપયોગ કર્યો હતો (રણનીતિના ભાગરૂપે અથવા અન્ય કારણોસર).આ સિવાય અન્ય કેબિનેટ મંત્રીઓ અને તત્કાલીન વડાપ્રધાનશ્રી પણ સંયમિત ભાષામાં જ વાતો કરતા હતા.

અલબત્ત, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના પ્રથમ કાર્યકાળ દરમિયાન સંઘપરિવારના ઘણાં લોકો મુસ્લિમોનો વિરોધ કરીને પોતાનું હિંદુત્વ બતાવવાનો (સાબિત કરવાનો) પ્રયત્ન કરતા હતા. જેમાં કેટલાક સાંસદોનો પણ સમાવેશ થાય છે. પરંતુ, આજે પરિસ્થિતિ એવી છે કે દેશના સૌથી શક્તિશાળી રાજકીય નેતાઓ પણ હિંદુ ન હોય તેવા ભારતીયો પ્રત્યે નફરત વ્યક્ત કરીને પોતાના હિંદુત્વને સાબિત કરવા લાગ્યા છે. કેંદ્રીય મંત્રીઓ તેમજ કેટલાંક રાજ્યોના મુખ્યમંત્રીઓ પોતાનાં ભાષણોમાં નિયમિત રીતે ભારતીય મુસ્લિમોની નિંદા કરે છે. દેશના વડાએ પણ અનેક વખત આવા અર્થનાં નિવેદનો જાહેરમાં આપ્યાં છે.

હિંદુત્વમાંથી જન્મેલા આ દ્વેષના સત્તાકાંક્ષી સમર્થકો સુધરવાની હદને પાર કરી ગયા છે. પરંતુ હજુ પણ જે હિંદુઓ નિષ્પક્ષ અભિપ્રાય સાંભળીને કંઈક શીખવા માટે ખુલ્લા હોય તેમણે રાજમોહન ગાંધીના મહાભારત અંગેનાં અવલોકનો ધ્યાનમાં લેવાં જોઈએ - ''ઇતિહાસમાં થયેલી ભૂલોને વેરની ભાવનાથી બીજાને બદલવા / સુધારવાનો પ્રયત્ન કરવાથી વિનાશ, વિનાશ અને વધુ વિનાશ જ થાય છે. આટલાં વર્ષોમાં મહાભારતમાંથી શીખવા મળતો આ પાઠ છે.''

(૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના 'સાધના'ના અંકમાંથી સાભાર અનુવાદિત)

**- રામચંદ્ર ગુહા, બેંગલુરુ**

## શ્રદ્ધાંજલિ



આદરણીય સુંદરલાલ બહુગુણાજીનાં ધર્મપત્ની વિમલાબેન બહુગુણાનું તા. ૧૪-૨-૨૦૨૫ના રોજ અવસાન થયું છે. તેઓ ૯૩ વર્ષનાં હતાં. વિમલાબેન ચીપકો આંદોલન ઉપરાંત પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષાનાં કામોમાં આજીવન સક્રિય રહ્યાં. ટીહરી બંધના વિસ્થાપિતો અને અસરગ્રસ્તોના પુનર્વસન માટે તેમણે ઘણો સંઘર્ષ કર્યો. આ.સુંદરલાલજી સાથે ખભે ખભા મિલાવીને દેશભરમાં પર્યાવરણ જાગૃતિની મિસાલ બનીને રહ્યાં. સદ્‌ગતને ભૂમિપુત્ર પરિવારની શ્રદ્ધાંજલિ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પ્લાસ્ટિક પ્રદૂષણ અને ઉત્પાદન નહીં ઘટાડીએ તો વિશ્વનો ૧૦% GDP ખર્ચાઈ જશે

**આખરે પ્લાસ્ટિક ઉત્પાદન અને પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા અંગેની લિગલી બાઇન્ડિંગ ટ્રીટી નિષ્ફળ રહી**

UNEA (યુનાઈટેડ નેશન એન્વાયરોન્મેન્ટલ એસેમ્બલી) દ્વારા માર્ચ ૨૦૨૨માં INC (ઈન્ટર ગવર્નમેન્ટલ નેગોઓસિએટિંગ કમિટી)ની રચના કરવામાં આવી. આ કમિટીનો હેતુ ૨૦૨૪ના અંત સુધીમાં પ્લાસ્ટિક ઉત્પાદન અને પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા અંગેની લિગલી બાઈન્ડિંગ ટ્રીટીને આખરી ઓપ આપવાનો હતો. ૨૫ નવેમ્બર ૨૦૨૪થી ૨ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન INC-5 છેલ્લી અને પાંચમી બેઠક દક્ષિણ કોરિયાના બાસુન શહેરમાં કોઈપણ નિષ્કર્ષ સિવાય સંપન્ન થઈ. અલબત્ત, INC-૫ ના અધ્યક્ષ લુઈસ વાયાસે તૈયાર કરેલા ટેક્સ્ટ પર ચર્ચા કરવા વિશ્વના દેશો સંમત થયા છે. ઉપરાંત INC-5 સત્રને સસ્પેન્ડ કરીને ૨૦૨૫માં નવું સત્ર બોલાવાય તેવું લાગે છે.

બાસુન ખાતે યોજાયેલા INC-5 સત્રમાં લગભગ ૩૫૦૦ લોકોએ ભાગ લીધો, જેમાં ૧૭૦ દેશોના પ્રતિનિધિઓ તેમજ ૪૪૦ જેટલી નિરીક્ષક સંસ્થાઓએ ભાગ લીધો. પર્યાવરણ મિત્ર સંસ્થા પણ UNEP, UNFCCCની નિરીક્ષક સંસ્થા ઉપરાંત પર્યાવરણમિત્ર સંસ્થાને UNECOSOC દ્વારા પણ સ્પેશિયલ કન્સલ્ટેટિવ સ્ટેટસનો દરજ્જો આપ્યો છે, જેથી પર્યાવરણ મિત્ર સંસ્થા વૈશ્વિક કરારોમાં ભાગ લઈને સ્થાનિક કક્ષાના પ્રશ્નો અને તેના ઉકેલની દિશા તરફ પ્રતિભાવો રજૂ કરે છે.

વિજ્ઞાનીઓના એક અંદાજ મુજબ ૨૦૪૦ સુધીમાં જો આપણે ૭૫ ટકા જેટલું પ્લાસ્ટિક ઉત્પાદન નહીં ઘટાડીએ તો ૧.૫ ડિગ્રી તાપમાન ઘટાડવાનો લક્ષ્યાંક સિદ્ધ નહીં કરી શકીએ. ૩૧ ટકા જેટલું કાર્બન બજેટ તો માત્ર પ્લાસ્ટિક ઉત્પાદનથી ખર્ચ થઈ જાય છે. ક્લાઈમેટની અસરો ઉપરાંત પ્લાસ્ટિકને લીધે આરોગ્ય ઉપર ખૂબ જ ખતરો ઊભો થયો છે, જે આપણે ભોગવી પણ રહ્યા છીએ. આહારશૃંખલામાં પ્લાસ્ટિક પ્રવેશી ચૂક્યું છે. પાણી, જમીન, દરિયાઈ જીવસૃષ્ટિ થકી માનવીય શરીરમાં પ્લાસ્ટિકે પ્રવેશ મેળવી લીધો છે. માનવીના લોહી, ફેફસાં, માતાનું દૂધ (ધાવણ), ગર્ભસ્થ શિશુના શરીરમાં પણ માઇક્રો પ્લાસ્ટિક ઘૂસી ગયું છે. એક અભ્યાસ કહે છે કે જાણે-અજાણે માણસ એક અઠવાડિયામાં પાંચ ગ્રામ માઇક્રો પ્લાસ્ટિક શ્વાસ વાટે કે ખોરાક દ્વારા કે પીવાથી મેળવે છે. પ્લાસ્ટિકમાં લગભગ ૩૨૦૦ જેટલાં ઝેરી રસાયણો છે. જોકે ૫૦૦૦ જેટલાં રસાયણો પર પૂરતો અભ્યાસ થયો નથી. UNEP એ કહ્યું છે કે જો પ્લાસ્ટિક પ્રદૂષણ અને ઉત્પાદન નહીં ઘટાડીએ તો વિશ્વનો ૧૦ ટકા જીડીપી ખર્ચાઈ જશે. વિજ્ઞાન બહુ સ્પષ્ટ છે. જો આ પ્લાસ્ટિક ઉત્પાદન ઘટાડવાના અને તેમાંથી હાનિકારક રસાયણો દૂર કરવાના કરાર નહીં થાય તો માનવીય આરોગ્ય, પર્યાવરણ પર જોખમ છે.

વિશ્વમાં દર વર્ષે ૨૦ મિલિયન મેટ્રિક ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન થાય છે, જે ૨૦૫૦ સુધીમાં ત્રણ ગણો થઈ જશે. એક અંદાજ મુજબ માત્ર ૯ ટકા પ્લાસ્ટિક કચરો પુનઃચક્રિત થાય છે.

INC-5 નિષ્ફળ કરવામાં અલ્પસંખ્યક તેલિયા દેશોનો નકારાત્મક અભિગમ જવાબદાર રહ્યો. સાઉદી આરબ, રશિયા, ઈરાન અને ગલ્ફ દેશોની આડોડાઈથી આ સંધિ આ વખતે શક્ય ના બની. આ દેશોની દલીલ છે કે પ્લાસ્ટિક પ્રદૂષણથી નુકસાન થાય છે એટલે પ્લાસ્ટિક પ્રદૂષણ કેવી રીતે ઘટાડી શકાય તેની તરફ ઝોક હોવો જોઈએ. હવે, આપણે જોયું કે પ્લાસ્ટિકમાં રહેલાં રસાયણોથી પણ નુકસાન થાય છે. એટલે પ્લાસ્ટિકનાં તદ્દન નવાં જ સાધનો વાપરવાથી પણ માનવઆરોગ્યને નુકસાન થાય છે. આમ પ્લાસ્ટિક ઉત્પાદનમાં જે જોખમી રસાયણો વાપરે છે તેની પર પણ અંકુશ લાવવાની જરૂર આ ટ્રીટી દ્વારા છે. આ બાબતે પ્લાસ્ટિક મેનેજમેન્ટ પણ નિષ્ફળ રહ્યું છે અને માત્ર ૯ ટકા જ પ્લાસ્ટિક પુનઃચક્રિત થઈ રહ્યું છે. તે સંજોગોમાં પ્લાસ્ટિક ઉત્પાદન ઘટાડવાની સાથે પ્લાસ્ટિક પ્રદૂષણ પણ ઘટાડવાની લીગલી બાઈન્ડિંગ ટ્રીટીની જરૂરિયાત છે.

INC-5 સત્રના છેલ્લા દિવસે આફ્રિકન રવાન્ડા દેશે એક નિવેદન બહાર પાડ્યું, જેને ૧૦૦ દેશોનું સમર્થન પ્રાપ્ત થયું. આ નિવેદનમાં કહેવાયું કે (૧)પ્લાસ્ટિક ઘટાડાનો લક્ષ્યાંક નક્કી કરો, (૨) તબક્કાવાર જોખમી રસાયણો દૂર કરો, (૩) જસ્ટ ટ્રાન્સજેક્શન (પ્લાસ્ટિક ઉત્પાદન ઘટવાથી તેની અસરો દૂર કરવા નક્કર પગલાં લેવાં) (૪) નાણાંકીય જોગવાઈઓ કરો. યુરોપ, લેટિન અમેરિકા, કેરેબિયન, પેસિફિક આયલેન્ડ જેવા દેશોએ આ પ્રસ્તાવને સમર્થન આપ્યું. પનામાએ પ્રસ્તાવમાં પ્લાસ્ટિક જીવનચક્રને લક્ષમાં લઈને લક્ષ્યાંકો નક્કી કરવા તરફ જોર આપ્યું. તેને પણ મહદ્ અંશે સમર્થન મળ્યું.

નાગરિક સંગઠનોનું અવલોકન અને અનુભવ છે કે આખી INC-1 થી INC-5 પ્રક્રિયા અપારદર્શી, ભેદભાવપૂર્ણ રહી. પ્લાસ્ટિક પ્રદૂષણથી પ્રભાવિત થયેલા નિસ્બતધારકોને ચર્ચાઓમાંથી બાકાત રાખવામાં આવ્યા. નાગરિક સંગઠનો અને કેટલાક પ્રભાવિત લોકો સાથે નહિવત્ ચર્ચા કરી. પરંતુ તેમના દ્વારા રજૂ થયેલા બે પ્રસ્તાવોને INC અધ્યક્ષ લુઈસ વાયસ દ્વારા પ્રાથમિકતા ના આપવામાં આવી. સાગરકાંઠાના પૂર્વીય એશિયા દેશોના નેટવર્કે જણાવ્યું કે બંધ કમરામાં સદસ્ય દેશોની બેઠકોમાં સર્વસંમતિ આધારિત બહુપક્ષવાદની નિષ્ફળતા, સામૂહિક બુદ્ધિમત્તાનું પતન, કેટલાક વિશ્વ નેતાઓની ઇચ્છાશક્તિનો અભાવ અને માનવઅધિકારો આપતી ભાષાનો છેદ ઉડાડી દેવામાં આવ્યો.

ભારતના પ્રતિનિધિ શ્રી નરેશ પાલ ગાંગવારનું માનવું છે કે અન્ય વૈશ્વિક કરારોને જોડીને આ કરાર અંગે વિચારવું પડશે, જેથી આંતર-વિઘ્ન ન સર્જાય. ખાસ કરીને WTO (વ્યાપાર કરાર). ભારતે નાણાંકીય મદદની સાથે સાથે ટેકનોલોજી અંગે પણ સહાયતા મળી રહેવી જોઈએ તે બાબતે ભાર મૂક્યો.

UNEPના ભતપૂર્વ નિયામક શ્રી ઇન્ગર એન્ડરસનએ નિરાશા વ્યક્ત

(જુઓ પાન નં. ૧૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વૈકલ્પિક બજેટ અંગે

વૈકલ્પિક બજેટ પહેલ જાહેર વિત્ત વ્યવસ્થાનું ચોક્કસ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આયોજન અને અમલીકરણની વ્યૂહરચનામાં રહેલ ઉણપો શોધીને તેના સમાધાન માટે વૈકલ્પિક અંદાજપત્રીય પ્રાથમિક્તાઓના આધારે નક્કી સમયમર્યાદામાં પરિણામ મેળવવા માટે વિત્તનું આયોજન છે.

વૈકલ્પિક બજેટ્સ practice પહેલાં વર્તમાન અંદાજપત્રીય પ્રક્રિયાનું ખૂબ જ ઊંડાઈથી અભ્યાસ અને વિવેચન કરે છે અને લક્ષ્ય મેળવવા માટે વૈકલ્પિક બજેટ માટે માહિતીના આધારે સૂચિત બજેટ અને સૂચનો માટે સંબંધિત હિતધારકો સાથે ચર્ચા માટે આમંત્રણ અને અવકાશ આપે છે, જેમાં જાહેર વિત્ત ખર્ચ કર્યા પછી પણ અપેક્ષિત પરિણામ ના મળ્યાં હોય તે પ્રકારનાં જાહેર પરિણામોનો તુલનાત્મક અભ્યાસ કરે છે, દાખલા તરીકે કુપોષણનું ઊંચું પ્રમાણ, લોકોની આવક અને સામાજિક વિકાસ, ખેડૂતોની આવક, શૈક્ષણિક વ્યવસ્થામાં શિક્ષણની ગુણવત્તા માટે સહાયક પરિબળોની પરિસ્થિતિ, આરોગ્ય સેવાઓ, પર્યાવરણ માટે પસાર કરાયેલ કાયદાઓ અને અમલીકરણ છતાંય કંઈ પણ સુધાર નહીં. ગ્રામ્ય આર્થિક વિકાસ માટે વ્યવસ્થા, રાજ્યનું દેવું, રાજ્યની ખર્ચની પદ્ધતિ, પારદર્શિતા, બજેટ ખર્ચ માટે નીતિ નિયમોનું પાલન, લક્ષિત પરિણામ મેળવવા માટે કારણો અને નિષ્ફળતાનાં કારણો, course correction વગેરેનો સમાવેશ થાય છે.

વર્તમાન સમયમાં નાગરિક સમાજ સંસ્થાઓ, રાજકીય પક્ષો, નિષ્ણાતો પણ એક વ્યાપક સમાંતર બજેટ બનાવી ચર્ચા કરે છે, જે સામાજિક રીતે વધુ સમાન, સર્વસમાવેશક અને પ્રભાવી હોય છે. સંબંધિત રસ ધરાવતા લોકો બજેટ અને તેના વિશ્લેષણ થકી, વૈકલ્પિક બજેટ અને નીતિના અમલીકરણ માટે હિમાયત કરે છે. જેમાંથી સરકારના વાસ્તવિક બજેટની અગ્રતાઓ અને પૂર્વગ્રહો અંગે કરાતા અભ્યાસથી નાગરિકોમાં જનજાગૃતિનો પણ સમાવેશ થાય છે. આમ સરકારી બજેટની સકારાત્મક અને નકારાત્મક એમ બંને અસરો વિશે ચોક્કસ જૂથો અથવા જાહેર હિતના મુદ્દાઓ અંગે સરકારને પડકાર ફેંકે છે અને તેમની બજેટ ફાળવણી અંગે, વાજબીપણા અંગે પ્રશ્નો ઊભા કરે છે. અને બજેટનો ખર્ચ નીતિ સાથે કેવી રીતે સંબંધ ધરાવે છે એ અંગે મુદ્દાઓ પર માહિતીને આધારે ચર્ચા માટે આગ્રહ રાખવામાં આવે છે.

વૈકલ્પિક બજેટનો ઉપયોગ આગામી વર્ષના બજેટને પ્રભાવિત કરવા માટે થાય છે અને આગામી વર્ષોમાં કોઈ પણ વિકાસના મુદ્દાના પરિણામ-લક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરવા ફાળવણી અને અન્ય જાહેર બજેટ ખર્ચની દેખરેખને પૂરક બનાવવા માટે કામ કરે છે. અમારું માનવું છે કે, વૈકલ્પિક બજેટ એ સૌથી વધુ વ્યાપક અને સૌથી પ્રભાવશાળી સંવાદની પ્રક્રિયા છે.

ગુજરાત રાજ્ય વર્તમાન સ્થિતિએ તેની વહીવટી વ્યવસ્થામાં ૨૭ વિભાગોમાં વહેંચાયેલ છે અને તેની નાણાંકીય વ્યવસ્થા આ વિભાગોની જુદી જુદી ૧૦૮ માંગણીઓમાં વહેંચાયેલી છે. વર્ષોવર્ષ નાણાંકીય આવક જાવકનું જે અંદાજપત્ર તૈયાર થઈ રહ્યું છે તે વાસ્તવિક પરિસ્થિતિથી ઉત્તરોત્તર દૂર જતું દેખાતું હોવાથી અને રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ ઉત્તરોત્તર કથળતી જતી દેખાતી હોવાથી રાજ્યના ફિસ્કલ રિસ્પોન્સીબીલીટી એક્ટ-૨૦૦૫ (ગુજરાત રાજ્ય વિત્તીય જવાબદારી અધિનિયમ-૨૦૦૫)ની બાઈન્ડીંગ (બંધનકર્તા) જવાબદારીઓ અને અત્યારની ખરેખરી પ્રજાકીય જરૂરિયાતોને નજરમાં રાખી તે અંગેનો સમન્વય કરી વાસ્તવિક પરિસ્થિતિને નજરમાં રાખીને અંદાજપત્ર પર સૂચનો કરવા અતિઆવશ્યક જણાતાં આ સૂચિત અંદાજપત્ર સૂચવી રહ્યા છીએ. તે અનુસાર આદર્શ બજેટનાં કેટલાંક મહત્ત્વનાં પાસાઓ જે જરૂરી જણાયાં છે તેને નજરમાં રાખી આ સૂચનો કરવામાં આવે છે.

રાજ્ય સરકાર જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬ ની બજેટની તૈયારી કરી રહી છે ત્યારે રાજ્યના નાગરિકોના કલ્યાણ અને રાજ્યના ટકાઉ વિકાસ માટે આદર્શ બજેટ માટે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ જે રાજ્યનાં બાળકો, મહિલાઓ, રાજ્યના શ્રમિક કર્મયોગીઓ, રાજ્યના શાળા શિક્ષણની ગુણવત્તા, રાજ્યના નાગરિકો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપરાંત રાજ્યના ટકાઉ વિકાસ માટે પર્યાવરણની જાળવણી અને સુરક્ષા, રાજ્યના વિકાસ માટે સિંચાઈ અને ખેડૂતોની આવકમાં સુધારો વધારો કરવા માટે રાજ્યના ટકાઉ અને સાતત્યપૂર્ણ વિકાસ માટે સૂચનો કરવામાં આવેલ છે. આ સૂચનો તૈયાર કરવા માટે રાજ્યના અંદાજપત્રમાં જાહેર કરેલ નાણાંકીય જોગવાઈઓ અને ખર્ચ અંગે તલસ્પર્શી અભ્યાસના આધાર સાથે સરકારી વિવિધ એજન્સીઓ દ્વારા વખતોવખત જાહેર કરેલ માનવવિકાસલક્ષી સૂચકાંકોનો રાજ્યના વિકાસની પ્રક્રિયાને ઊંડાણમાં અભ્યાસના આધારે આધાર લીધેલ છે. વર્ષ ૨૦૨૫-૨૬માં અમુક વિભાગોની અંદાજપત્રીય માંગણીઓમાં જો ન્યાયપૂર્ણ નાણાંકીય જોગવાઈઓ કરવામાં આવે તો રાજ્યના લોકોની સુખાકારીમાં વધારો થશે અને રાજ્ય ઝડપથી ટકાઉ વિકાસ પામી શકશે.

### અંદાજપત્ર શા માટે ?

જે રાજ્યની નાણાંકીય વ્યવસ્થામાં આવક અને જાવકનાં પાસાઓ સરખાં હોય, જે રાજ્ય દેવાંમુક્ત હોય અને જેનો વિકાસદર સાતત્યપૂર્ણ હોય તે રાજ્યના બજેટને વાજબી અને યથાર્થ કહેવામાં આવે છે. આપણું રાજ્ય ઉત્તરોત્તર આવકના પ્રમાણમાં અધધ આવક બતાવતું હોવા છતાં તે નાણાંકીય સ્થિતિમાં કથળતું જતું રાજ્ય બનતું જાય છે. ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ કે જેને રાજ્યે બેઝ વર્ષ બનાવેલ છે તેનું બજેટ ૨૦૧૦-૧૧ માં રૂા.૨૯,૫૦૦ કરોડ અને ૨૦૧૧-૧૨ માં રૂા.૩૭,૦૦૦ કરોડ આશરેનું હતું તે આજે વધીને ૨૦૨૪-૨૫ માં રૂા.૩,૩૨,૦૦૦ કરોડે પહોંચ્યું છે. આ બતાવે છે કે આવકનો વધારો જી.એસ.ટી. પછી અઢળક પ્રમાણમાં થયો છે. છતાં રાજ્ય ઉપરનું ભારણ ઉત્તરોત્તર તેટલા જ રેટથી વધતું જાય છે, જે અતિશય ચિંતાનો વિષય છે. આંકડાકીય મેનીપ્યુલેશન ગમે તેટલું કરવામાં આવે તેથી વાસ્તવિક પરિસ્થિતિમાં કોઈ ફરક પડતો નથી. આ બાબતનું મૂલ્યાંકન થોડું જરૂરી બનતાં પ્રથમ રાજ્ય પરના બોજાનો વિચાર જરૂરી બને છે.

રાજ્યના પોતાના હિસાબો જે વર્ષોવર્ષ પ્રસિદ્ધ કરવામાં આવે છે તે બતાવે છે કે રાજ્યના હિસાબો યોગ્ય ફોર્મેટમાં ન રખાતા હોવા છતાં અને બંધારણની અવહેલના કરી પોતાની રીતે હિસાબો રાખવામાં આવતા હોવા છતાં રાજ્ય પોતાના બે છેડાને ભેગા કરી શકતું નથી. બજેટના નવા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સબ હેડ બંધારણના આર્ટીકલ-૧૫૦ ની અવહેલના કરીને પણ ખોલવા છતાં રાજ્યનું જાહેર દેવું ઉત્તરોત્તર (ફીનોમેનલ ગ્રોથ રેટ) વધતું જાય છે, જે આવકના ગ્રોથ રેટની સરખામણીએ વધતું જતું હોવાથી રાજ્ય ઉત્તરોત્તર દેવાના ખાડામાં ઊતરતું જાય છે. રાજ્યના પોતાના રીસોર્સીસ પ્રમાણે આ જાહેર દેવું જે આજે લગભગ રૂા.૪ લાખ કરોડે પહોંચ્યું છે અને જે ખૂબ જ નજીકના ભવિષ્યમાં રૂા.૫ લાખ કરોડ ઉપર જવા સંભવ છે તે બતાવે છે કે રાજ્યમાં આવક કરતાં જાવકનું ભારણ ટકાવારીની દષ્ટિએ, કુલ રકમની દષ્ટિએ અને વધતા જતા બોજાની દષ્ટિએ રાજ્યને વધારે ને વધારે ખાડામાં ઉતારશે અને રાજ્ય ક્યારેય પણ આ ભારણમાંથી બહાર આવી શકશે નહીં. આમ છતાં રાજ્યનો અભિગમ વધુ ને વધુ દેવું કરવાનો જણાતાં આ બજેટને સૂચિત બજેટ તરીકે અભિગમ બદલતા બજેટ તરીકે રજૂ કરવાનું જરૂરી જણાતાં આ સૂચિત બજેટ રજૂ કરવામાં આવે છે.

### ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી એકટ (FRA)

ગુજરાત વિધાનસભાએ ૨૦૦૫ માં કાયદા નં-૧૧ થી રાજ્યની નાણાંકીય વ્યવસ્થા કેવી હોવી જોઈએ તે સૂચવતો કાયદો પસાર કર્યો છે, જેમાં તેની કલમો અને નિયમો દ્વારા રાજ્યે પોતાનું નાણાંકીય વ્યવસ્થાપન કેવી રીતે કરવું તેના કેટલાક બાઈન્ડીંગ અને ગાઈડીંગ (બંધનકર્તા અને માર્ગદર્શક) સિદ્ધાંતો આપ્યા છે, જે સૂચવે છે કે રાજ્યનું નાણાંકીય વ્યવસ્થાપન પારદર્શક, ડહાપણભર્યું, વાસ્તવિક અને સ્થિરતાવાળું બને તે જોવાની રાજ્યની ફરજ છે. જેમાં નાણાંકીય ખાધ, દેવામુકિતવાળી પોલિસી ઘડાવી જોઈએ, જે મુજબ ઉત્તરોત્તર વર્ષોવર્ષ રાજ્યની નીતિ તેને અનુરૂપ જણાતી નથી. આ સિદ્ધાંત જોતાં રાજ્યની આવક અને જાવકના હિસાબો ચકાસવા જરૂરી બને છે, જેમાં આવક અને ખર્ચ તથા આવતા વર્ષની નાણાંકીય વ્યૂહરચનાને નજરમાં રાખી બજેટ ઘડાવું જોઈએ, જે વર્ષોવર્ષનાં અંદાજપત્રોમાં દેખાતું નથી.

આ કાયદો (રાજવિત્તીય જવાબદારી અધિનિયમ) જે હેતુસર ઘડવામાં આવેલ છે તે રાજ્યના આવક અને ખર્ચની દષ્ટિએ વાસ્તવિકતા બિલકુલ વિપરીત જોવા મળે છે. રાજ્ય વધુ ને વધુ દેવું કરવાની માનસિકતા ધરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ ના અંતે રાજ્યનું કુલ દેવું રૂા. ૪.૨૬ લાખ કરોડ થશે અને બે વર્ષમાં રાજ્યનું કુલ દેવું રૂા.૫.૨૩ લાખ કરોડ જેટલી જંગી રકમ સુધી પહોંચી જશે, જેના માટે રાજ્યે દર વર્ષે રાજ્યની કુલ આવકમાંથી ખૂબ જ મોટી રકમ દેવાના વ્યાજ અને મુદ્દલની ચૂકવણી માટે ખર્ચ કરવાની ફરજ પડશે. વર્તમાન વર્ષમાં પણ રાજ્ય વ્યાજ પેટે રૂા.૨૯,૯૫૩ કરોડ અને મુદ્દલ પેટે રૂા.૨૯,૯૮૪ કરોડ મળીને કુલ રૂા.૫૯,૦૩૭ કરોડ જેટલી જંગી રકમ ખર્ચ કરશે. જ્યારે રાજ્ય વર્તમાન વર્ષમાં રૂા.૬૬,૪૯૯ કરોડની રકમ જાહેર દેવાથી અને રૂા. ૧૧,૦૦૦ કરોડ કેન્દ્ર સરકાર પાસેથી લોન લેશે. જેમ જેમ રાજ્યનું દેવું વધશે તેમ તેમ રાજ્યના રાજવિત્તીય બોજામાં વધારો થશે અને રાજ્ય પાસે માનવવિકાસ માટે ઓછી વિત્તીય ક્ષમતા રહેશે, જેને લીધે રાજ્યનાં ગરીબ, બાળકો, મહિલાઓ, શ્રમિકો અને ગ્રામ્ય વિસ્તારના લોકોને સહન કરવાનું થશે. આ કાયદા મુજબ રાજ્યે નાણાંકીય આવક, ખર્ચ, જાહેર દેવું, રાજ્યની ગેરંટી, લોન અને પેશગીઓની વસૂલાત, સબસીડી-સહાયના ખર્ચનું સંતુલન કરવા માટે રોડ મેપ જે રીતે તૈયાર કરવો જોઈએ તેનો અભાવ જણાય છે.

આ બધાને જોતાં સર્વગ્રાહી રીતે બજેટનું મૂલ્યાંકન હવે વાસ્તવિક્તાની નજરે વિભાગવાર જરૂરી બને છે જેથી રાજ્યના ૨૭ વિભાગોમાંથી ૩ ભાગ પાડ્યા છે. (૧) જે વિભાગોને વધુ જોગવાઈની જરૂર છે તેવા વિભાગો. (૨) જે વિભાગોને વધુ પડતી જોગવાઈ થઈ ગઈ છે તેવા વિભાગો અને (૩) બાકીના વિભાગો જેમાં આંતરિક ફેરફારની અત્યારે જરૂરિયાત જણાય છે તેવા વિભાગો.

### બજેટ એલોકેશનમાં ફેરફાર કરવો જરૂરી હોય તે વિભાગો :

**નાણાંકીય જોગવાઈ વધારવાની જરૂર છે તેવા વિભાગો :**

(૧) મહિલા અને બાળ કલ્યાણ (૨) વન અને પર્યાવરણ (૩) શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગ (૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (૫) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (૬) શિક્ષણ વિભાગ (૭) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

### નાણાંકીય જોગવાઈ ઘટાડવાની જરૂર છે તેવા વિભાગો :

(૧) કલાઈમેટ ચેન્જ વિભાગ (૨) ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ (૩) માર્ગ અને મકાન વિભાગ (૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (૫) ઉદ્યોગ અને ખાણ વિભાગ (૬) નાણાં વિભાગ.

આ અંગેનું વાજબીપણું અહીં ટૂંકમાં જણાવેલ છે. હાલ પૂરતું ઉપરોકત વિભાગો માટે સૂચન કરવામાં આવેલ છે. બાકીના વિભાગોમાં વહીવટી, સામાજિક, વ્યવસ્થાત્મક અને ખાતાકીય સમસ્યાઓ / અનિયમિતતાઓ પ્રવર્તે છે. જે સંભવિત સિદ્ધિના આંકડાઓ દર્શાવેલ છે તે વાસ્તવિક હકીકત સાથે મેળ ખાતા જણાતા નથી અને હકીકતથી ઘણા દૂર છે.

**વિભાગ પ્રમાણે વધારો/ઘટાડો**

(રૂા.કરોડમાં)

| | વિભાગ | વધારો/ ઘટાડો | 2024-25- Estimates | Projected 2025-26 | Suggested 2025-26 |
|---|---|---|---|---|---|
| 1 | મહિલા અને બાળ વિકાસ | + | 6885 | 7527 | **13385** |
| 2 | વન અને પર્યાવરણ | + | 2586 | 2827 | **3506** |
| 3 | શ્રમ અને રોજગાર | + | 2659 | 2907 | **4544** |
| 4 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | + | 20100 | 21975 | **29099** |
| 5 | કૃષિ, ***ખેડૂત કલ્યાણ*** અને સહકાર | + | 22194 | 24264 | **26000** |
| 6 | શિક્ષણ વિભાગ | + | 55114 | 60256 | 61000 |
| 7 | પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ | + | 12138 | 13270 | **14540** |
| | ***ઉપરોકત ૭ વિભાગોનું ટોટલ*** | | | 133026 | **152074** |
| | | | | | |
| | ***ઘટાડો સૂચવેલ વિભાગો*** | | | | |
| 8 | ***કલાઈમેટ ચેન્જ*** | - | 1163 | 1272 | **80** |
| 9 | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ | - | 8423 | 9209 | **5562** |
| 10 | માર્ગ અને મકાન | - | 22163 | 24231 | **16796** |
| 11 | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | - | 21696 | 23721 | **20000** |
| 12 | ઉદ્યોગ અને ખાણ | - | 9228 | 10089 | **5453** |
| 13 | નાણા | - | 81890 | 89531 | **87241** |
| | ***ઉપરોકત ૬ વિભાગોનું ટોટલ*** | | | 158053 | **135132** |



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રાજ્યના લોકોના વિકાસ અને સુખાકારીમાં વધારો કરવા અને વિકાસ માટે પ્રાથમિકતાઓ નક્કી કરવાની છે. પરંતુ આ એક્ટ (FRA) હેઠળ વિવિધ વર્ષોનાં નાણાંકીય પત્રકો પૈકી રાજ્યના કુલ ઉત્પાદનના અંદાજિત આંકડાઓ વધારે દર્શાવવામાં આવ્યા છે, જે રાજ્યની આવક, દેવાની રકમના આંકડાઓ સાથે સુસંગત નથી. ઉપરાંત જે રીતે રાજ્ય દ્વારા વિવિધ વિભાગો માટે અપાતી સબસીડીઓની પ્રાથમિકતાઓમાં સુસંગતતા દેખાતી નથી. દા.ત. આ એક્ટના વર્ષ ૨૦૨૪ ના અહેવાલ પ્રમાણે (બજેટ પ્રકાશન નં-૩૦) પાના નં-૧૨ માં દર્શાવેલ માહિતી મુજબ કૃષિ અને સહકાર વિભાગ માટે વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-૨૩ સુધી અપાતી સબસીડીની રકમ રૂા.૨૫૦૦ કરોડથી ઓછી છે (માત્ર વર્ષ ૨૦૨૨-૨૩માં રૂા.૨૩૪૫ કરોડની સબસીડી અપાઈ હતી) અને વર્ષ ૨૦૨૨-૨૩ ના સુધારેલ અંદાજમાં કૃષિ અને સહકાર માટે સબસીડીની રકમ વધારીને રૂા. ૧૧,૭૬૧ કરોડ કરવામાં આવી, જ્યારે ઊર્જા અને પેટ્રો કેમીકલ્સ માટે વર્ષ ૨૦૧૧-૧૨ થી રૂા. ૩૧૬૭ કરોડની સબસીડીમાં વધારો કરીને વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂા.૧૨, ૧૦૪ કરોડની સબસીડી સામે સુધારેલ અંદાજમાં સબસીડી રૂા.૪૭૧ કરોડ કરવામાં આવી.

વિભાગવાર બજેટ એલોકેશન પર નજર ફેરવતાં જણાઈ આવે છે કે વાસ્તવિકતાથી ઘણું જ દૂર એલોકેશન બજેટમાં માત્ર આંકડાકીય મેનીપ્યુલેશનથી કરવામાં આવેલ છે. જે વિભાગોને ખૂબ જ જરૂર છે તેવા વિભાગોને વાજબી એલોકેશન કરવામાં આવ્યું નથી અને જ્યાં જરૂર નથી ત્યાં વધારે પડતું એલોકેશન કરવામાં આવેલ છે. તેને પરિણામે લીગલ ઈકોનોમીક સ્ટ્રકચર ઉપર ઈલ્લીગલ ઈકોનોમીક સ્ટ્રકચર હાવી થતું દેખાઈ રહ્યું છે. મહિલા બાળ કલ્યાણ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, પર્યાવરણ વિભાગ જે સમયની માંગ પ્રમાણે અતિ જરૂરી છે તેવા વિભાગોનું એલોકેશન બિલકુલ નહિવત્ રાખવામાં આવ્યું છે.

મહિલા અને બાળ કલ્યાણ માટેના વિભાગનું એલોકેશન રૂા. ૬૮૮૪.૯૩ કરોડનું છે, જે ૨.૦૭ ટકા થાય છે. પર્યાવરણ વિભાગનું એલોકેશન રૂા. ૪૨.૫ કરોડનું છે, જે કુલ બજેટના ૦.૦૧ % જેટલું હાસ્યાસ્પદ છે. જ્યારે કલાઈમેટ ચેન્જ વિભાગનું એલોકેશન કે જેને પર્યાવરણથી જુદું પાડીને માત્ર ઉદ્યોગપતિઓને ખુશ કરવા માટેનું છે તેનું એલોકેશન રૂા. ૧૧૬૧.૮૬ કરોડનું છે. આ દેખીતું એલોકેશન ઈમ્બેલેન્સનું ઉદાહરણ છે. આવા અનેક દાખલાઓ બજેટનો અભ્યાસ કરતાં મળી આવે છે. જેથી અમને લાગે છે કે રાજ્યે બજેટ એલોકેશનના સંદર્ભમાં પોતાનો અભિગમ બદલવાની તાતી જરૂર છે.

નોંધ : આ રીતે અન્ય વિભાગો અંગેની વધુ વિગતો અહીં સ્થળ સંકોચને લીધે આપી નથી.

અમારા દ્વારા સૂચવાતા આ અભિગમથી શહેરી વિકાસ, ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ, માર્ગ-મકાન, ઉદ્યોગ અને ખાણ, કલાઈમેટ ચેન્જ જેવા વિભાગોમાં ઘટાડો રૂા.૨૨૯૨૧ કરોડ જેટલો થાય છે. જ્યારે જરૂરી વિભાગોમાં સૂચવાયેલો વધારો રૂા.૧૯૦૪૮ કરોડ જેટલો થાય છે. આમ સરવાળે ૧૩ ખાતાઓની વધઘટમાં નજીવો રૂા. ૩૮૭૩ કરોડનો ફેરફાર થાય છે. પરંતુ તેથી આવનારાં વર્ષોમાં રાજ્યનું અર્થતંત્ર અને જાહેર સુખાકારીમાં વધારો થશે.

અમે સૂચવેલ આ સુધારાઓથી અભિગમમાં બદલાવ ઉપરાંત નાણાંકીય ગેરશિસ્ત, વેડફાટ અને ઉચાપતો કેટલાક અંશે કાબૂમાં આવશે. ધનાઢ્યો, માલેતુજારો અને ઉદ્યોગપતિઓ માટેની સરકારની લાલ જાજમ બિછાવવાની નીતિ પર નિયંત્રણની દિશા ખૂલશે. સબસીડીઓ, ગેરંટીઓ, જાહેર દેવાઓ કરવાની મનોવૃત્તિ, આઉટ સોર્સિંગના વેડફાટો અને ખાયકીઓ, જાહેર સાહસો જેવાં હથિયારોના થતા દુરુપયોગો વગેરેથી આર્થિક સમતુલા, દેવાઓ પર રોક અને સંતુલિત અર્થ વ્યવસ્થાની નવી દિશા ખૂલશે.

આશા છે કે તે દિશામાં સરકાર દષ્ટિ કરશે.

વધારો ૧૫૨૦૭૪ કરોડ ૪૧.૮૩% ટેબલમાં દર્શાવ્યા મુજબ

ઘટાડો ૧૩૫૧૩૨ કરોડ ૩૭.૧૭% ટેબલમાં દર્શાવ્યા મુજબ

આમ ઘટાડાની થતી રકમ કુલ રૂા.૨૨૯૨૧ કરોડ, વધારો રૂા. ૧૯૦૪૮ કરોડ, ૩૮૭૩ કરોડનો ફેર (જે બજેટના માત્ર ૧ % થવા જાય છે).

પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **- સુરેશચંદ્ર મહેતા**
ફોન : ૦૭૯-૨૩૬૦૦૫૩૭

(નોંધ: ઉપરોક્ત વિષય અંગે તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ આયોજિત પત્રકાર પરિષદમાં અપાયેલ નોંધમાંથી સંકલિત)

---

**સમાજસેવા માટે...** (પાન ૨૧નું ચાલુ)

આટલું કહી સસ્મિત વદને નહેરુજીને મળવા પહોંચી ગયા.

દેશ હોય કે પરદેશ, તેમનો પહેરવેશ એનો એ જ! સને ઓગણીસો ઈકોતેરમાં યુરોપ જવાનું થયું, પણ આ ફકીર પાસે તો એ જ ઝભ્ભા-લેંઘાની ત્રણ જોડ, વધારામાં એક શાલ અને એક સ્વેટર, પગમાં માત્ર ચંપલ. યુરોપની ઠંડી પણ એમને પોતાની સાદગીથી ચળાવી શકી નહીં. યુરોપના દેશોની અસંખ્ય મહત્ત્વની વ્યક્તિઓ વચ્ચે પણ અમદાવાદના મેયરને પોતાના પહેરવેશથી જરાયે ઊણપ નહોતી અનુભવાતી. મેયર તરીકે પહેલી વાર પરદેશ જવું પડ્યું ત્યારે એમની પાસે ના મળે બેગ કે ના મળે મોટો થેલો. જે થોડો સામાન હતો તે ઓશિકાના કવરમાં ભરીને લઈ ગયા. આ હતા અમદાવાદના મેયર!

કૃષ્ણવદન માનતા કે જો માણસ જાણે કે પોતે ક્યાં જઈ રહ્યો છે અને એ વિશે સ્પષ્ટ હોય તો જગત આખું એને માર્ગ કરી આપે છે. સાદગી અંગેની પોતાની માન્યતા અને એ અંગેની સ્પષ્ટતાથી કૃષ્ણવદનમાં ક્યારેય લઘુતાગ્રંથિ નથી આવી કે ક્યારેય ક્યાંય નીચાપણું નથી અનુભવ્યું. થોડા જ વખતમાં સમાજના તમામ સ્તરના લોકોએ આ માનવતાવાદી માનવીને 'મહાત્મા' બનાવી દીધો. ગૌરવ પણ વધારી દીધું.

એમની સાદગી માટે ભૂતપૂર્વ સાંસદ જયાબહેન શાહે શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે એમના ઘરની જીર્ણશીર્ણ દીવાલો જોઈને હું આભી જ બની ગઈ હતી. દીવાલોમાં ક્યાંક-ક્યાંક જ પ્લાસ્ટર દેખાય અને રંગરોગાન તો મુદ્દલ નહીં.

અંદર-બહાર એકત્વ અનુભવતા આવા માનવીઓ જ જગતને સાચી દિશા ચીંધી શકે છે, જે સ્વ૰ કૃષ્ણવદને પોતાના વ્યક્તિત્વથી સિદ્ધ કરી બતાવ્યું હતું.

**- ડૉ. ભરત ભગત**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ

## ઇતિહાસમાંથી શીખીએ

આપણે ઇતિહાસને વીતી ગયેલી પળો ગણીએ છીએ અને એ ઇતિહાસ મોટે ભાગે પુસ્તકોમાં સંઘરાયેલો રહે છે. વર્તમાન માનવજીવન સાથે તેનું અનુસંધાન આપણે કેળવી શકતા નથી અને ઇતિહાસમાંથી કશું શીખવા માટે આપણે ઘણી વાર તૈયાર હોતા નથી. મુખ્ય પ્રવાહના શિક્ષણમાં ઇતિહાસને યોગ્ય રીતે જોવામાં આવતો નથી અને તેને માત્ર ઘટનાનુક્રમ સમજવામાં આવે છે. ઇતિહાસમાં ઇતિહાસને બદલવાની જે તરાહ રહી છે તેની સમજ કેળવવી જરૂરી છે. વીસમી સદીનો ઇતિહાસ એક તરફ જો દુનિયાના ઘણા ભાગોમાં ઉદારમતવાદ અને લોકશાહીના ઉદયનો ઇતિહાસ રહ્યો છે તો બીજી તરફ, જર્મનીમાં એડોલ્ફ હિટલર, રશિયામાં જોસેફ સ્ટાલિન અને બીજા અનેક દેશોમાં અનેક તાનાશાહોએ માનવઅધિકારોનો છડેચોક ભંગ કરીને લાખો લોકોને મોતને ઘાટ ઉતાર્યા, તમામ માનવઅધિકારોને કચરાટોપલીમાં ફેંકી દીધા અને લોકોને ગુલામ બનાવ્યા. નવ-ઉદારમતવાદનાં છેલ્લાં પચાસેક વર્ષમાં બજારની સ્વતંત્રતા કે આર્થિક સ્વતંત્રતાને નામે નાગરિકોના મૂળભૂત અધિકારોનો કચ્ચરઘાણ કાઢી નાખવામાં આવ્યો. લોકશાહી અધિકારોનું જતન અને સંવર્ધન કરનારી રાજકીય અને આર્થિક સંસ્થાઓને તેમના દ્વારા નામમાત્રની નગણ્ય સંસ્થાઓ બનાવી દેવામાં આવી.

એડોલ્ફ હિટલર દ્વારા જર્મનીમાં ૬૦ લાખ યહૂદીઓની કતલ મોતનાં કારખાનાં ઊભાં કરીને કરાઈ. તે ઉપરાંત, હિટલરના નાઝી પક્ષના શાસન દરમ્યાન બીજા ૬૦ લાખ જેટલા વિરોધીઓ, અન્ય સૈનિકો અને નાગરિકોને પણ મારી નાખવામાં આવ્યા. અમેરિકન ઇતિહાસકાર વિલિયમ ડી રુબિન્તેનના અંદાજો એમ કહે છે કે રશિયામાં જોસેફ સ્ટાલિનના ૧૯૨૩-૫૩ના શાસન દરમ્યાન આશરે ૭૦ લાખ વિરોધીઓને એટલે કે રશિયાની તે સમયની વસ્તીના ૪.૨ ટકા લોકોને મારી નખાયા હતા, જેલમાં પૂરવામાં આવ્યા તે લાખો જુદા. ચીલી, સ્પેન, કમ્બોડિયા, ચીન જેવા અનેક દેશોમાં શાસકોએ પોતાના લાખો વિરોધીઓને જેલમાં પૂર્યા કે મારી નાખ્યા. આ બહુ દૂરનો નહિ, ગઈ વીસમી સદીનો જ ઇતિહાસ છે. અરે, હજુ હમણાં જ સીરિયાની સેદાનાયા જેલના આતંકની જે વિગતો બહાર આવી છે તે એમ બતાવે છે કે બશર-અલ અસાદે દેશના નાગરિકો પર કેવો જુલમ આચર્યો છે.

ભારતમાં ઇન્દિરા ગાંધીએ કટોકટી લાદીને નાગરિકોની આઝાદીને ગળે ટૂંપો દીધેલો. તેમણે આશરે એક લાખ વિરોધીઓને જેલમાં પૂરી દીધેલા, માધ્યમો પર સેન્સરશિપ લાદેલી. પોતાના શાસનને મજબૂત કરવા માટે અને વિરોધીઓને ખતમ કરવા કે ચૂપ કરવા માટે દુનિયાભરમાં તાનાશાહોએ જુદી જુદી રીતરસમો અપનાવી છે. તેમણે ધીમે ધીમે કે એકઝાટકે લોકશાહી સંસ્થાઓને ખતમ કરી છે અને શાસન માટેની ભાષા બદલી નાખી છે. નાગરિકો આપમેળે પોતાને તાબે થઈ જાય એવી પરિસ્થિતિ તેમના દ્વારા ઊભી કરવામાં આવી છે. જે નાગરિકો તાનાશાહી શાસકોનું વાજિંત્ર બની ગયા હતા તેમણે પોતે પણ બીજા નાગરિકોને અને ખાસ કરીને વિરોધીઓને ચૂપ કરી દેવાનો પ્રયાસ કર્યો હતો. આશ્ચર્યજનક રીતે બહુ જ ઝડપથી નાગરિકો જુલમી સર્વસત્તાવાદી શાસકોના કહ્યાગરા બની જાય છે એમ વીસમી સદીનો ઇતિહાસ કહે છે. સવાલ એ છે કે આ નૃશંસ ઘટનાઓ ફરી ન બને અને લોકશાહી તથા માનવઅધિકારોનું જતન સતત થાય તેમ કેવી રીતે કરવું.

ફાસીવાદ, સામ્યવાદ અને નાઝીવાદની વિચારધારાઓએ તથા રાષ્ટ્રવાદના ખ્યાલે શાસકોને બેફામ રાજકીય અને વહીવટી સત્તાઓ આપી અને ઘણા શાસકોએ સમાનતા, આર્થિક વિકાસ, ગરીબીનું નિવારણ જેવા ઉદ્દેશો સાથે તેનો ભયંકર દુરુપયોગ કર્યો. યુરોપમાં જ નહિ પણ ભારત સહિતના અનેક દેશોમાં આ જ રાજકીય તરાહ દેખાય છે. ઉપરાંત, ધર્મ તેમાં રસ્તો કરી આપતો પણ નજરે પડે છે. હિંદુ રાષ્ટ્રનો ખ્યાલ આ તરાહની લગોલગ બેસે છે કારણ કે તે ધિક્કારની લાગણીનો આશરો લે છે. અદાલતો, નાનામોટા રાજકીય નેતાઓ અને મતદારો શાસકોને ચરણે બેસનારા બની જાય તે માટેના પ્રયાસો અમેરિકા, યુરોપ અને ભારત જેવા બીજા ઘણા લોકશાહી દેશોમાં પણ થયા જ કરે છે. તેનાથી લોકશાહી સંસ્થાઓને, જનમાનસને અને માનવ અધિકારોને જે નુકસાન થાય છે તે તેમના શાસનકાળ પૂરતું મર્યાદિત રહેતું નથી પણ તે ખૂબ લાંબા ગાળા માટેનું હોય છે. એક વાર થયેલું આ નુકસાન જલદી ભરપાઈ થઈ શકતું નથી કારણ કે નવા શાસકોને પણ એ જ રીતરસમ માફક આવી જાય છે કારણ કે મોટા ભાગના લોકો આઝાદી સિવાયના વાતાવરણમાં જીવવા માટે ટેવાઈ ગયેલા હોય છે.

અમેરિકન ઇતિહાસકાર તિમોથી સ્નીડર કહે છે કે ઇતિહાસનું પુનરાવર્તન નથી થતું એ વાત સાચી પણ ઇતિહાસ અંગુલિનિર્દેશ તો કરે જ છે. ભૂતકાળમાં લોકશાહી અને પ્રજાસત્તાક દેશો ઉમરાવશાહી અને સામ્રાજ્યો બની ગયા હતા. એરિસ્ટોટલે કહેલું કે અસમાનતા રાજ્યમાં અસ્થિરતા પેદા કરે છે અને પ્લેટોએ કહેલું કે રાજકીય ચળવળ ચલાવનારા વાણી સ્વાતંત્ર્યનો ઉપયોગ પોતાને જુલમી શાસક તરીકે સ્થાપિત કરવા કરી શકે છે. કોઈ એક જ વ્યક્તિ કે કોઈ એક જ રાજકીય પક્ષના હાથમાં બધી સત્તા જામે તો તેઓ કાયદાનો ભંગ કરીને પોતાના લાભ માટે સત્તાનો ઉપયોગ કરે એમ બની શકે છે.

મૂડીવાદી વૈશ્વિકીકરણ દ્વારા જે અસમાનતા સર્જાઈ તેના પ્રતિભાવરૂપે ફાસીવાદ અને સામ્યવાદ આવ્યા હતા. જર્મનીના નાઝીવાદ અને ઇટાલીના ફાસીવાદમાં સત્તાનશીન નેતાઓ લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે એવું ચિત્ર ઊભું કરવામાં આવ્યું હતું. તેમાં દેશના ભવ્ય ભૂતકાળને આગળ ધરવામાં આવતો હતો અને તર્કને હાંસિયામાં ધકેલી દેવામાં આવતો હતો. દરેક વાતમાં ફાસીવાદી નેતાઓ એમ જ કહેતા હતા કે દેશ સામે કાવતરું કરવામાં આવી રહ્યું છે. સામ્યવાદમાં શિસ્તબદ્ધ રાજકીય પક્ષ ઊભો કરીને સત્તાનો ઈજારો ભદ્ર વર્ગ દ્વારા ઊભો કરવામાં આવ્યો. ભવિષ્યના ઇતિહાસમાં ક્રાંતિ થવાની જ છે અને ગરીબોનું ભલું થવાનું જ છે એમ કહીને સત્તાધીશોએ લોકો પર પોતાની પકડ જમાવીને લોકોને ગુલામ બનાવી દીધા હતા. આ ક્રૂર અને ઘાતકી ઇતિહાસની રચના કેવી રીતે થઈ તેને નજર સમક્ષ રાખીએ તો સારું.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## દેશભક્તિ અને સલામતી : દમન માટેનાં શસ્ત્રો

દેશભક્તિ નાગરિકો પરના દમન માટેનું એક ધારદાર શસ્ત્ર છે. વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર સેમ્યુઅલ જહોન્સન (૧૭૦૯-૧૭૮૪) દ્વારા કહેવામાં આવ્યું છે તે યાદ રાખવાની જરૂર છે કે, ''દેશભક્તિ એ હરામખોર લોકોનો છેલ્લો આશરો હોય છે.'' લોકો પર દમન ગુજારવા માટે જ્યારે બીજું કશું સૂઝતું ન હોય ત્યારે શાસકો દેશભક્તિનો સહારો લે છે અને તેને શસ્ત્ર બનાવીને લોકોના માનવઅધિકારો પર તરાપ મારવામાં આવે છે. જે કંઈ સરકાર દ્વારા કરવામાં આવે તે દેશભક્તિ છે. દેશના ભલા, દેશના કલ્યાણ અને વિકાસને માટે છે એવું લોકોના મગજમાં ઠસાવવામાં આવે છે. દેશને મહાન બનાવવા માટે, વિશ્વગુરુ બનાવવા માટે લોકોએ બલિદાન આપવાનું છે એમ પણ કહેવામાં આવે છે.

એ જ રીતે, સલામતી એ દમનખોરીનું બીજું મહત્ત્વનું શસ્ત્ર છે. સલામતી એ રાજ્યનું પ્રાથમિક કાર્ય છે. પણ એની કામગીરી બજાવવા માટે શાસકો મનુષ્યની સ્વતંત્રતાનો ઘણી વાર નાશ કરે છે. સલામતીને માટે દમનખોર કાયદા ઘડવામાં આવે છે. ખાસ કરીને આતંકવાદના ડરને લીધે દુનિયાભરમાં આ પ્રકારના કાયદા અસ્તિત્વમાં આવતા રહ્યા છે અને એ રીતે સલામતી અને સ્વતંત્રતા વચ્ચેની સોદાબાજી ઊભી કરવામાં આવી છે. પરિણામે સ્વાભાવિક રીતે જ નાગરિકો સલામતીને પસંદ કરે છે અને સામે ચાલીને તેઓ પોતાની સ્વતંત્રતાને શાસકોને ચરણે ધરી દે છે. સલામતીનો ભ્રમ ઊભો કરીને પોતાના કોઈ પણ ખોટા નિર્ણયોને સાચો ઠેરવવાના પ્રયાસો શાસકો દ્વારા કરવામાં આવે જ છે. જેમ કે, ભારતમાં ૨૦૧૬ના અંત ભાગમાં નોટબંદીથી આતંકવાદ ખતમ થઈ જશે એમ લોકોના દિમાગમાં ઠસાવવામાં આવ્યું હતું. પણ એવું કશું થયું નહિ એ ભારતનો અનુભવ છે.

તાજેતરનો દુનિયાનો, અને ખાસ કરીને યુરોપનો, ઇતિહાસ એમ બતાવે છે કે આપખુદ સત્તા ઊભી થવાના રસ્તે સમાજો વેરવિખેર થઈ શકે છે, સામાજિક ભાગલા થઈ શકે છે, લોકશાહીનું પતન થઈ શકે છે, નૈતિકતા મરી પરવારે છે અને સામાન્ય લોકો હાથમાં બંદૂકો લઈને મોતના ખાડા આગળ ઊભેલા જોઈ શકાય છે. આ બધું જ દેશભક્તિ અને સલામતીને નામે બને છે. હિટલર પોતે એમ માનતો અને મનાવતો હતો કે જર્મનો આર્ય જાતિના છે અને સ્વસ્તિકના પ્રતીક સાથે દુનિયા પર શાસન કરવાને તેઓ જ લાયક છે. બરાબર આવું જ શું ભારતમાં નથી કહેવામાં આવી રહ્યું? શું ભારતને વિશ્વગુરુ બનાવવાની કલ્પના આ પ્રકારની નથી? શું એને આધાર બનાવીને લોકો પર જુલમ કરવામાં આવી રહ્યો નથી ? વિરોધીઓને સરકારી સંસ્થાઓનો ઉપયોગ કરીને જેલમાં નાખવામાં કે ડરાવવામાં આવી રહ્યા નથી? ભારતનો વર્તમાન ઇતિહાસ બંધારણ ઘડનારા પૂર્વજોની કલ્પનાની દિશા કરતાં અલગ દિશામાં ક્યારેક ધીમી ગતિએ તો ક્યારેક ઝડપથી જઈ રહ્યો છે અને તે લોકશાહી મૂલ્યો અને માનવઅધિકારોને કોરાણે મૂકી રહ્યો છે. દેશની મુસીબતો માટે હિંદુ સિવાયના મોટા ભાગના સમુદાયોને લક્ષ્યાંક બનાવવામાં આવી રહ્યા છે અને તેથી દેશના સામાજિક ભાગલા થઈ ગયાનું શું નજરે પડી રહ્યું નથી? 'અમે' અને 'તમે'ની ભાષા કેટલી બધી વિભાજનકારી અને દમનખોર બની રહી છે!

## જુલમના સામનાની વીસ પદ્ધતિઓ

તિમોથી સ્નીડર વીસમી સદીના આ મહાકલંકિત ઇતિહાસને આધારે વીસ પદાર્થપાઠ શીખવે છે કે જે મનુષ્યની સ્વતંત્રતા, ઉદારમતવાદી લોકશાહી તથા તમામ મનુષ્યોના તમામ માનવઅધિકારોના જતન માટે આજના ભારતીય અને વૈશ્વિક રાજકારણમાં અગત્યના છે. તેમના પુસ્તકમાં તેમણે લખેલી જુલમી શાસકોના સામના માટેની પદ્ધતિઓ ક્યાંક ક્યાંક વર્તમાન ભારતીય સંદર્ભ સાથે ટૂંકમાં જોઈએ :

**(૧) આગોતરા કહ્યાગરા ન બનો**

શાસકોની કોઈ બાબતનો આગોતરો સ્વીકાર કરવો નહિ. એડોલ્ફ હિટલરના જર્મની વિષે વિચારો; ત્યાં મોટે ભાગે લોકશાહી રીતરસમથી જ સત્તા પ્રાપ્ત કરવામાં આવી હતી. આપખુદશાહી માટે લોકો દ્વારા જ મુક્તપણે મોટા ભાગની સત્તા નેતાઓને સોંપી દેવામાં આવે છે. વધુ દમનખોર સરકારને શું જોઈશે તેને વિષે લોકો આગોતરું વિચારી લે છે. અને પછી લોકો પોતાની જાતને એ સરકારને સમર્પિત કરી દે છે. પછી તો સરકાર વધુ ને વધુ સત્તા મેળવવા માટે તેમને કશું પૂછતી પણ નથી. નાગરિકો પોતે જ સત્તાનશીન લોકોને તેઓ શું કરી શકે છે તે શીખવી દે છે. આ એક રાજકીય દુર્ઘટના છે. લોકો પોતે જ પોતાની સ્વતંત્રતાના મૂલ્યનું બલિદાન આપવા માટે તૈયાર થઈ જાય છે અને રાજકીય નેતાઓ પછી તેનો લાભ ઉઠાવે છે. નવી સ્થિતિમાં લોકો કશું વિચારતા નથી અને સત્તાધીશોના આદેશોનું પાલન કરવું અને વિરોધીઓને ગાળો દેવી કે દેશના ખલનાયક તરીકે હલકા ચીતરવા એ જ તેમનો ઉદ્દેશ બની જાય છે. તાનાશાહી શાસકો દ્વારા લાદવામાં આવતા નિયમોને લોકો વગર વિચાર્યે સ્વીકારી લે છે અને તેઓ આજ્ઞાંકિત બની જાય છે. તાનાશાહી શાસકો હંમેશાં એવો ભ્રમ ઊભો કરે છે કે તેમના સિવાય કોઈ પ્રજાનો ઉદ્ધારક નથી, તે જ શાસન કરવાને લાયક છે અને બીજા નથી. આ ભ્રમમાંથી બહાર આવવાની જરૂર હોય છે.

શાસકો પોતાને કનડશે એમ ધારીને જ ઘણા લોકો શાસકોને શું ગમશે તે ધારી લે છે અને પછી તે મુજબ વર્તતા હોય છે. આવી આગોતરી આજ્ઞાંકિતતા એક રાજકીય દુર્ઘટના પુરવાર થાય છે. આવું થાય પછી તેમાંથી પાછા વળવાનો રસ્તો બાકી બચતો જ નથી. જેમ કે, ગુજરાતમાં કોઈ યુનિવર્સિટીના કુલપતિ કે કોઈ કોલેજના આચાર્ય એમ વિચારીને કોઈક અધ્યાપકને વ્યાખ્યાન આપવા માટે ન નિમંત્રે કે તે સરકારને નહિ ગમે, કારણ કે તે અધ્યાપક સરકારનાં કૃત્યોની ઘણી વાર ટીકા કરતા હોય છે. ચેકોસ્લોવેકિયામાં ૧૯૪૬માં ચૂંટણીઓમાં સામ્યવાદીઓ સત્તા પર આવ્યા અને લોકોએ પછી સામ્યવાદીઓને શું ગમશે અને શું નહિ ગમે તેનું જ ધ્યાન રાખીને વર્તન કરવાનું શરૂ કરી દીધું ! નવી રાજકીય વ્યવસ્થામાં જ્યારે લોકો નવાં ભ્રમ ફેલાવનારાં મૂલ્યોને કશાય વિરોધ વિના સ્વીકારી લે છે ત્યારે લોકો ધીમે ધીમે ઘણી વાર અદશ્ય ગુલામીમાં સરી પડે છે. શાસકોના કોઈક નવા હેતુ માટે બીજા લોકોને નુકસાન પહોંચાડવામાં આવે કે તેમને મારી નાખવામાં આવે તો પણ લોકો તે સ્વીકારી લે છે અને તેને યોગ્ય ગણે છે. ઘણી વાર લોકો પોતે પણ એમ જ કરવા મંડી પડે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(૨) સંસ્થાઓનું રક્ષણ કરવું અનિવાર્ય

લોકશાહી સંસ્થાઓનું રક્ષણ કરો. ભારતમાં આવી સંસ્થાઓ છેઃ ચૂંટણી પંચ, તકેદારી પંચ, લોકપાલ, કેગ, ન્યાયતંત્ર અને ટ્રિબ્યુનલો, વિધાનસભાઓ અને સંસદ, રિઝર્વ બેંક, સ્પર્ધા પંચ, સેબી જેવી નિયમનકારી સંસ્થાઓ, એટર્ની જનરલ, એડવોકેટ જનરલ, નાણાં પંચ, માહિતી પંચ, રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યુનલ, રાષ્ટ્રીય લઘુમતી પંચ, માનવ અધિકાર પંચ અને વિપક્ષો વગેરે. તે ઉપરાંત અત્યંત મહત્ત્વની સંસ્થા છે મુદ્રિત, વીજાણુ અને સામાજિક માધ્યમો તથા સાહિત્ય અને કલાઓ. આ સંસ્થાઓ કંઈ વ્યક્તિઓ માટેના મંચ નથી પણ એ ઉદારમતવાદી નાગરિકસત્તાક સમાજને મજબૂત હાથે પકડી રાખવાના થાંભલા છે. જો એ સંસ્થાઓનો શાસકો દ્વારા દુરુપયોગ થશે તો એમનું પતન થશે. એટલે એમને આપણી સહાયની જરૂર છે. આ સંસ્થાઓ પોતે પોતાનું રક્ષણ કરતી નથી. એટલે તમે પોતે કોઈક સંસ્થા પસંદ કરો અને તેના રક્ષણ માટે મંડી પડો.

આ સંસ્થાઓનું માત્ર અસ્તિત્વ હોય એ પૂરતું નથી પણ એ સંસ્થાઓ લોકશાહી અધિકારોનું રક્ષણ કરવાના હેતુઓ પાર પાડે તે આવશ્યક છે. ન્યાયતંત્રનો ઉપયોગ હમેશાં કરો. ન્યાયતંત્રમાં વિશ્વાસનું ધોવાણ થયું હોય તો પણ તેનો ઉપયોગ કરવો જ જોઈએ. ન્યાયતંત્ર એક સંસ્થા તરીકે લોકશાહી અધિકારોનું રક્ષણ કરવા માટે હોય છે અને તે ઘણી વાર શાસકોની સામે ચુકાદા આપે જ છે. જો આપણે આરંભથી જ લોકશાહી સંસ્થાઓનું રક્ષણ ના કરીએ તો પછી તે એક પછી એક શાસકોની ઇચ્છા મુજબ વર્તવાનું શરૂ કરી દે છે. વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય માધ્યમો થકી જ ટકે છે એ ભૂલવું જોઈએ નહિ.

તાનાશાહી શાસકો જે લોકશાહી સંસ્થાઓનો લાભ ઉઠાવીને સત્તા પર આવ્યા હોય છે તે જ સંસ્થાઓને ખતમ કરવા કે તેમને પાંગળી અને કહ્યાગરી બનાવી દેવાના પેંતરા રચે છે. લોકોને દેખીતી રીતે એમ લાગે છે કે આ બધી સંસ્થાઓ તો અસ્તિત્વમાં છે જ અને એટલે લોકશાહી છે જ. પણ ખરેખર એવું હોતું નથી. માત્ર ચૂંટણી થવી એ લોકશાહી નથી. રશિયામાં જ્યારે ઇ.સ. ૧૯૧૭માં બોલ્શેવિક ક્રાંતિ થઈ ત્યારે તે સમયની બધી જ સંસ્થાઓનો એકઝાટકે નાશ કરવામાં આવ્યો. પણ જે નવી સંસ્થાઓ ઊભી કરવામાં આવી તે બધી જ રશિયાના સર્વેસર્વા જોસેફ સ્ટાલિન(૧૯૨૩-૫૩) અને સામ્યવાદી પક્ષની કહ્યાગરી બની ગઈ હતી.

(૩) એક જ પક્ષનું શાસન

દેશમાં એક જ પક્ષનું રાજ્ય ઊભું થાય તેનાથી ચેતો. ભારતમાં ૧૯૪૭ પછી એક જ કોંગ્રેસ પક્ષનું શાસન લાંબા સમય સુધી રહ્યું અને તેને લીધે ૧૯૭૫-૭૭ના ગાળા દરમ્યાન ઇન્દિરા ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસની તાનાશાહી કટોકટીરૂપે અવતરી હતી. એ બંધારણીય રીતે જ આવી હતી અને છતાં એ લોકશાહી અધિકારોનાં બંધારણીય મૂલ્યોનો હ્રાસ કરનારી હતી. જર્મનીમાં પણ નાઝીઓ અને સોવિયેત સંઘમાં સામ્યવાદીઓએ નવેસરથી રાજ્ય બનાવ્યું અને પોતાના પ્રતિસ્પર્ધીઓને દબાવી દીધા. તેઓ કંઈ તેમના દેશોમાં પહેલેથી જ સર્વવ્યાપી થયેલા નહોતા. તેમણે પોતાના દેશની કોઈક ઐતિહાસિક ક્ષણનો લાભ અથવા કહો કે ગેરલાભ ઉઠાવ્યો હતો કે જેથી તેમનું પોતાનું રાજકીય જીવન શક્ય બને અને તેમના વિરોધીઓનું રાજકીય જીવન અશક્ય બની જાય. તેથી જરૂરી છે કે દેશમાં બહુપક્ષીય રાજકીય વ્યવસ્થાનું સમર્થન કરો અને લોકશાહી ચૂંટણી માટેના નિયમોનું રક્ષણ કરો. આપણે પોતે ક્યારે ઐતિહાસિક ક્ષણમાં જીવતા હોઈએ છીએ તેની ઘણી વાર આપણને પણ ખબર પડતી નથી પરંતુ જો સતત તકેદારી રાખવામાં આવે તો આપણે લોકશાહીને સલામત રાખી શકીએ છીએ અને દેશમાં માનવઅધિકારો સુરક્ષિત રહે છે.

અનેક દેશોમાં ૧૯૧૪-૧૮ના પ્રથમ વિશ્વયુદ્ધ અને ૧૯૩૯-૪૫ના બીજા વિશ્વયુદ્ધ બાદ લોકશાહી આવી ખરી પણ જ્યાં એક જ રાજકીય પક્ષનું વર્ચસ્વ રહ્યું ત્યાં લોકશાહી ખતમ થઈ ગઈ એવા દાખલા મોજૂદ છે. જે પક્ષ ચૂંટણીમાં સતત વિજય મેળવતો રહે છે તે લોકશાહી વ્યવસ્થાઓને અંદરથી બદલતો અને ખોખલી કરી નાખતો રહે છે, અને તે વ્યવસ્થાને પોતાના લાભ ખાતર નબળી કરી નાખે છે. ઘણી વાર આવા દેશોમાં લશ્કરી બળવા પણ થાય છે. એ બધું તત્કાલ થાય છે એવું નથી પણ ધીરે ધીરે આખી વ્યવસ્થા એક જ પક્ષને કે એક જ વિચારધારાને વફાદાર રહે એવી બનાવી દેવામાં આવે છે. ભારતમાં અત્યારે આ જ પ્રકારની વ્યવસ્થા ઊભી થઈ રહી હોવાનું દેખાય છે. હિંદુ રાષ્ટ્રની વિચારધારાને વફાદાર એવા લોકો જ શૈક્ષણિક સંસ્થાઓ સહિત તમામ સંસ્થાઓમાં અને પંચાયતો અને પાલિકાઓ સહિતની સરકારોમાં ગોઠવાઈ રહ્યા છે.

ભારતમાં અનેક રાજકીય પક્ષો છે. ચૂંટણી પંચ અનુસાર દેશમાં છ રાષ્ટ્રીય પક્ષો, ૫૮ રાજ્ય સ્તરના પક્ષો અને ૨૭૬૩ અન્ય પક્ષો છે. પક્ષો બહુ છે તેથી ગભરાવાની જરૂર છે જ નહિ. તેમાં પ્રાદેશિક પક્ષો રાજ્યોમાં સત્તા પર પણ આવે છે. એમનું જોડાણ કેન્દ્રમાં પણ સત્તા પર આવે છે. આથી લોકશાહીમાં સ્પર્ધા ઊભી થાય છે. જેમ બજારમાં સાચી સ્પર્ધાથી ગ્રાહકોને લાભ થાય છે તેમ મતદારોને રાજકીય પક્ષોની સ્પર્ધાથી લાભ જ થાય છે. એક જ પક્ષને સતત સત્તા પર બેસાડવો જોઈએ નહિ.

(ક્રમશઃ) – **હેમંતકુમાર શાહ**

નોંધ : આ લેખમાં તિમોથી સ્નીડરના પુસ્તક 'On Tyranny : Twenty Lessons from the Twentieth Century'નો આધાર લેવામાં આવ્યો છે.

---

સુખદ અકસ્માત... (પાન ૧૮નું ચાલુ)

આજે પણ અદ્‌ભુત પ્રગતિ થાય છે, પણ, લોકોના મનમાં ઠસાવવામાં આવે છે તેમ, એ કોઈ મૌલિક કે પહેલી વાર થતી પ્રગતિ નથી. અગાઉના વડાઓનાં કાર્યોને નવા સંદર્ભમાં આગળ વધારવામાં આવે છે. લાખો વર્ષ પહેલાં કોઈ ગુફાવાસીએ અગ્નિ સળગાવ્યો કે પથ્થર ગબડાવ્યો, તેના પરિણામે આજે અણુની શોધ થઈ છે કે બીજા ગ્રહોમાં જવાના પ્રયત્નો થઈ શકે છે. દરેક પછીની પેઢી આગળની પ્રતિભાશાળી પેઢીના વિચારોને તત્કાલીન સંદર્ભમાં આગળ લઈ જાય છે. એટલે કોઈ પ્રતિભાશાળીની નિંદા એ હકીકતે તો નિંદા કરનારની ક્ષુદ્ર બુદ્ધિનો જ પરિચય આપે છે. અને એટલે જ એ પોતાની ક્ષુદ્રતાને સમજી શકતો નથી.

આવા સામાન્યો માટે જ ઈશુ ખ્રિસ્તે કહ્યું છે ને કે, ''પ્રભુ તેમને માફ કરો, કારણ કે તેમને ખબર નથી કે તેઓ શું કરી રહ્યા છે.'' એવાઓની દયા ખાવી ! – **હરેશ ધોળકિયા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સુખદ અકસ્માત

## ભારતની એક ઉત્તમ વ્યક્તિ ડો. મનમોહનસિંહની વિદાય

સ્વતંત્રતા પછી રૂઢિચુસ્ત ભારતને આધુનિક ચહેરો આપવાનું કામ દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ કર્યું. તેમની આજે સમજ્યા વિના ખૂબ ટીકા થાય છે કે તેમણે સમાજવાદની વિચારસરણી અપનાવી દેશને નુકસાન કર્યું. દેશને પછાત રાખ્યો. હકીકત તો એ છે કે આજે જે જે ક્ષેત્રોમાં દેશ ગૌરવ લે છે અવકાશ, અણુ, ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ઇન્ડિયન ઈન્સ્ટટયુટ ઓફ મેનેજમેન્ટ વગેરે, તે બધાની સ્થાપના નહેરુજીએ કરી હતી. ઉત્તમ ડેમો બાંધ્યા. બીજી પણ અનેક ઉત્તમ સંસ્થાઓ સ્થાપી અને ઉત્તમ લોકોને તે સોંપી ઉત્તમ કામો કર્યાં. અને ટીકા કરનારાઓ ભૂલી જાય છે કે જવાહરલાલજીએ જ્યારે દેશનું સુકાન હાથમાં લીધું, ત્યારે દેશ અનેક કટોકટીમાંથી પસાર થતો હતો. પાંચ હજાર વર્ષની પરંપરાઓનો બોજો હતો. મોટા ભાગની પ્રજા તદ્દન રૂઢિચુસ્ત અને નિરક્ષર હતી. મોટા ભાગના નેતાઓને, જેમાંના કેટલાક તો તેમના જ પ્રધાન મંડળમાં મંત્રી હતા, તો જુનવાણી ધર્મગ્રસ્ત રાજ્ય વ્યવસ્થા જ જોઈતી હતી. આ બધાનો તેમને સતત સામનો કરવાનો હતો. નાણાંકીય સ્થિતિ પણ ખરાબ હતી. વિભાજનના કારણે ભયંકર પ્રશ્નો હતા. લોકશાહી, એ દેશ માટે અજાણી બાબત હતી. આવા વાતાવરણમાં નેહરુજીએ ધીમે ધીમે લોકોને તૈયાર કર્યા. શાંત ચૂંટણીઓ કરાવી. ક્રમશઃ વિકાસ થતો ગયો. તેમના બદલે બીજો કોઈ સામાન્ય નેતા હોત તો ભારતની લોકશાહી ટકી શકી હોત કે કેમ તે પણ શંકા છે. નહેરુજી અને સરદારશ્રીએ ભારતને અને લોકશાહીને બરાબર મજબૂત કર્યા. તેમના વિઝનના કારણે આજે આપણે પ્રગતિ કરી શકયા છીએ.

અને તેમના પછી બીજા આવ્યા નરસિંહરાવ. તેમણે મનમોહનસિંહની બુદ્ધિમત્તાની મદદથી ભારતની સમગ્ર આર્થિક સ્થિતિને નવો જ વળાંક આપ્યો. દેશને સમાજવાદથી ખસેડી ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ તરફ દોર્યો. તેના કારણે આજે આપણે વિશ્વકક્ષાએ સ્વસ્થ રીતે પ્રગતિ કરી શકીએ છીએ. પછીની સરકારોને આ બધાનો લાભ મળ્યો અને પ્રગતિ ઝડપી બની છે. આપણે પ્રગતિમાં ત્રીજા ક્રમે આવી ગયા છીએ. અવકાશ વગેરેમાં તો કલ્પનાતીત કામ કરીએ છીએ. પણ આ બધાનો યશ મનમોહનસિંહને અને તેમના કલ્પનાશીલ વિઝનને જાય છે.

અને છતાં બિચારા મનમોહનસિંહ સતત ગાળો ખાતા રહ્યા. સતત તેમની ટીકા જ નહિ, નિંદા પણ થતી રહી. તેમનું જેટલું ચારિત્ર્યહનન થઈ શક્યું તેટલું કરાયું. પણ તે શાંત અને ચૂપ રહ્યા. તે કોઈ રાજકારણી તો હતા નહિ કે સામે ગાળાગાળી કરે. તે તો પૂર્ણ સજ્જન વ્યક્તિ હતા. તેમને ખબર હતી કે પોતે શું કામ કર્યું છે અને તેના કયા લાભ દેશે ભોગવ્યા છે.

પણ જેવી તેમણે વિદાય લીધી કે ગાળો આપનારાઓને ભાન થયું કે પોતે ખોટી નિંદા કરી હતી. એટલે એ બધાનો અચાનક હૃદયપલટો થયો અને તેમની પ્રશંસા કરવા લાગી ગયા. જેણે તેમના પર હાસ્યાસ્પદ ફિલ્મ બનાવી હતી તેણે પણ માફી માગી.

પ્રતિભાશાળી લોકોની આ જ નિયતિ છે. તેમના સમયમાં તેમની પ્રતિભાને મોટા ભાગના સામાન્ય લોકો ઓળખી શકતા નથી. તેમની પ્રતિભા સામે પોતાની સામાન્યતા ખુલ્લી પડી જાય છે એટલે આવા તદ્દન સામાન્ય લોકો રઘવાયા થઈ જાય છે અને પરિણામે તેમનું સતત ચારિત્ર્યહનન કર્યા કરે છે. આ બાબત નહેરુજી, ગાંધીજી કે મનમોહનસિંહ પૂરતી જ નથી; વિશ્વના બધા જ પ્રતિભાશાળી લોકો માટે છે. રામ, કૃષ્ણ કે યુધિષ્ઠિરથી માંડીને આજના ગાંધીજી કે વિનોબા કે રઘુ રાજન સુધી આ બાબત ચાલુ રહી છે.

કારણ એક જ. સમાજમાં એંસી ટકાથી વધુ લોકો સામાન્ય બુદ્ધિથી જીવે છે. વિચાર કરવાની કે વિઝન જોવાની કે વિશાળ થવાની તેમને તાલીમ જ નથી મળતી. કુટુંબ, જ્ઞાતિ કે ધર્મના સાંકડા વર્તુળમાં તેઓ જીવ્યા કરે છે. તેને જ તેઓ પૂર્ણ માને છે. કૂવાના દેડકા જેમ કૂવાને જ મહાસાગર માને છે અને જ્યારે મહાસાગરના દેડકા સાથે ભેટો થઈ જાય છે અને મહાસાગરની વિશાળતાની વાતો સાંભળે છે, ત્યારે તેમને મહાસાગર જોવાની ઇચ્છા તો નથી થતી, પણ મહાસાગરના દેડકાને હેરાન કરવાની અને, બને તો, મારી નાખવાની ઇચ્છા થાય છે જેથી પોતાનું સાંકડાપણું જળવાઈ રહે. પણ હંમેશ તો બધાને મારી ન શકાય, એટલે તેમના ચારિત્ર્યનું સતત હનન કરે છે.

પણ આ સામાન્ય લોકોને એ ખબર નથી કે તેમની આ દુષ્ટ પ્રવૃત્તિથી પ્રતિભાશાળી લોકોને એક ક્ષણ પણ ગેરફાયદો નથી થતો. તેઓ તો પ્રતિભાશાળી જ રહે છે, પણ તેમની આ હરકતોથી સમાજ પછાત રહે છે. સમાજ અને દેશની પ્રગતિને હાનિ પહોંચે છે. અને, હાસ્યાસ્પદ બાબત તો એ છે કે, ગમે તેવી નિંદા પછી પણ સામાન્યોને પ્રતિભાશાળી કે તેમના વિચાર વિના એક પળ પણ ચાલતું નથી. મનમોહનસિંહની બધી જ યોજનાઓને ઉતારી પાડયા પછી પણ છેવટે તો એ બધી જ, નીચા મોંએ, ચાલુ રાખવી પડી છે. નેહરુનાં બધાં જ કાર્યો આજે પણ ચાલુ છે અને તેના કારણે જ દેશનું ગૌરવ વધે છે. ગાંધીજીના વિચારોને ફરજિયાત અપનાવવા પડે છે.

કારણ ? કારણ કે આ બધું પ્રતિભાશાળીઓના ભેજામાંથી નીકળ્યું હતું. એ શાશ્વત હતું. આજે પણ શાશ્વત છે. તેમને અપનાવ્યા વિના છૂટકો નથી. તાલીબાનો સામે પણ બંદૂક તકાય છે ત્યારે તેમને પણ ગાંધીજી જ યાદ આવે છે. બસ, આ જ પ્રતિભાશાળીઓની ખૂબી છે. સામાન્યો માટે તેઓ અનિષ્ટ હોવા છતાં અનિવાર્ય છે. એટલે જ જ્યારે તેમની નિંદા થતી હોય છે ત્યારે કુદરત હસતી હોય છે.

મનમોહનસિંહે પોતાની પ્રતિભાની મદદથી ભારતની સિકલ ફેરવી નાખી. તેમણે જે એક પછી એક યોજનાઓ આપી, જેવી કે મનરેગા, આધાર કાર્ડ, માહિતીનો અધિકાર, વગેરે, તે બધી જ આજે પણ એટલી જ ઉપયોગી છે. તેની મદદથી જ આજે દેશની અનેક યોજનાઓને આગળ વધારવામાં આવે છે. મનમોહનસિંહ ભારતને વૈશ્વિક ચહેરો આપી ગયા છે. અત્યારે જે પ્રગતિ થાય છે, તે તેમના ખભા પર થાય છે.

(જુઓ પાન નં. ૧૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઝકિયા જાફરી : ઠંડી શક્તિ અને શાંત ગરિમાના સ્વામી



**મ**ધ્યપ્રદેશના બુરહાનપુરથી દુલ્હન બનીને સાઠના દાયકામાં ગુજરાતમાં અમદાવાદ આવીને વસેલાં ઝકિયા જાફરીએ ૮૬ વર્ષની ઉંમરે પહેલી ફેબ્રુઆરીના રોજ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. ઝકિયા જાફરી અહેસાન જાફરીનાં પત્ની હતાં, જેઓ અમદાવાદના ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ અને સંસદસભ્ય તરીકે સેવાઓ બજાવી ચૂક્યા હતા. અહેસાન જાફરી એક ધારાશાસ્ત્રી, ચિંતક અને કવિ હતા. ઝકિયા તેમનાં પત્ની, એક ગૃહિણી અને તેમનાં ત્રણ બાળકોનાં પ્રેમાળ માતા હતાં.

૨૦૦૨ની ૨૮મી ફેબ્રુઆરીના ગોઝારા દિવસે ઝકિયાનું જીવન બદલાઈ ગયું. ત્યારે તેઓ ૬૩ વર્ષનાં હતાં. તે દિવસે સવારે ૧૧ વાગ્યે ચમનપુરા (અમદાવાદ)માં આવેલી ગુલબર્ગ સોસાયટીમાં ઘૂસી આવેલા ટોળાએ ૬૯ થી વધુ લોકોની નિર્મમ હત્યા કરી હતી, જેમાં અહેસાન સાહેબ પોતે પણ હતા. અહેસાન સાહેબે મદદ માટે અનેક ફોનો કર્યા છતાં સાંજે છ વાગ્યા સુધી તેમને કોઈ મદદ મળી ન હતી. ઝકિયાઆપાએ ૨૮મી ફેબ્રુઆરીની રાત શાહીબાગ  પોલીસ સ્ટેશનમાં વીતાવી અને બે દિવસ પછી એક સંબંધીને ત્યાં એમણે આશરો લીધો હતો જ્યાં દીકરા તનવીર સાથે તેમની મુલાકાત થઈ શકી.

ઝકિયાઆપા પોતાના પતિની ક્રૂર હત્યા બાદ ૨૨ વર્ષ સુધી ઊંડા અંગત દુઃખમાં રહ્યાં. અપરાધભાવ સાથે ઝઝૂમતાં રહ્યાં – જીવિત રહેવાનો અપરાધભાવ. અહેસાન સાહેબે અન્ય ડઝનબંધ લોકો સાથે ઝકિયાને પણ સલામત સ્થળે મોકલી દીધાં અને પોતે છેલ્લી પ્રાર્થના પછી ટોળાને આત્મસમર્પિત થયા. અહેસાન સાહેબની સાથે આ કપરા સમયે ઊભા રહેલ લોકોએ પણ અન્ય જિંદગીને બચાવીને કુરબાની વ્હોરી હતી.

ઝકિયાની રાતની ઊંઘ જરૂર વેરાન થઈ પણ તેઓ હાર્યાં ન હતાં. અત્યંત વિપરીત અને કઠણ પરિસ્થિતિઓ વચ્ચે તેમણે ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ અંગે સી.જે.પી (સીટીઝન્સ ફોર જસ્ટીસ એન્ડ પીસ) સાથે મળીને ન્યાય માટે દાદ માંગી. આ કેસની સુનાવણી માટે ગુજરાત હાઇકોર્ટમાં અપીલ પેન્ડીંગ છે. ૧૭ જૂન, ૨૦૧૬ના રોજ ટ્રાયલ કોર્ટના ન્યાયાધીશે ૧૧ વ્યક્તિઓને આજીવન કેદની સજા ફટકારી હતી, જ્યારે અન્ય ૧૩ આરોપીઓને દસ વર્ષ સુધીની સજા અપાઈ હતી. કાવતરાના તમામ આરોપોને નકારી કાઢવામાં આવ્યા, સાથે જ ત્રણ પોલીસ સાક્ષીઓ, ફાયર બ્રિગેડના રેકોર્ડસ્ અને પોલીસ કંટ્રોલરૂમના પુરાવાઓ પણ નકારી કાઢવામાં આવ્યા હતા. તનવીર જાફરી (ઝકિયાના દીકરા) કહે છે, ''અદાલતોમાં જીત એ માત્ર અડધી કહાની છે. લોકોના સ્મરણ અને ઇતિહાસનાં પાનાઓમાં અમે લડત લડી અને અહેસાન સાહેબ તેમજ ઝકિયાઆપા લાખો લોકો માટે પ્રેરણારૂપ છે. આપણી સામૂહિક લડાઈએ બીજાઓને લડવાનો આત્મવિશ્વાસ આપ્યો છે. અમે અને સી.જે.પી.એ આધાર-પુરાવાઓની આ બધી સાધન-સામગ્રી રેકોર્ડ પર લાવી શક્યા એ જ આપણી જીત છે''.

ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડના આ કેસમાં ઘણા ઘણા મિત્રો, વકીલોનો અપ્રતીમ ટેકો રહ્યો છે. કેટકેટલા વકીલોએ પાછળ રહીને માગદર્શન પૂરું પાડ્યું છે. ટ્રાયલ કોર્ટ, હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં એટલા બધા વકીલોનો સહકાર રહ્યો છે જેનો અહીં ઉલ્લેખ કરી શકાય તેમ નથી, પરંતુ તેમના પ્રયત્નો ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યા છે. સી.જે.પી.માં અમારા માટે, અમારી ટીમો દ્વારા પૂરી પાડવામાં આવતી ઉત્કૃષ્ટ કાનૂની સહાય, કલમ ૩૯-એ હેઠળ બંધારણીય અધિકારનું પ્રતીક છે. અને આ કઠણ લડત લડ્યા અને તેમાં અમારા ટ્રસ્ટીઓ પણ દઢપણે સમર્થનમાં ઊભા રહ્યા. પરંતુ ખાસ કરીને ઝકિયા જાફરી કેસમાં તેમનો ત્યાગ, પ્રતિબદ્ધતા અને સેવાઓ અમૂલ્ય હતાં. ૨૦૦૬ થી ૨૦૧૧ સુધી જ્યારે આ કેસ પ્રથમ વખત સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે તેમનું યોગદાન ખૂબ મોટું રહ્યું.

અને અંતમાં ઝકિયાઆપાને અંજલિ આપતાં મેં કહ્યું હતું તે અહીં ટાંકું છું : ''તમે અદાલતો, અમારાં ઘરો અને દિલોની શોભા વધારી છે. તમે અતૂટ ધૈર્ય સાથે તે કર્યું. નુકસાન તો એમને થયું છે જેઓ નુકસાનના પ્રમાણ અને તીવ્રતાને ઓળખી શક્યા નહીં.''

સમૂહ માધ્યમો, જે ખાસ કરીને આજે ભયભીત છે અને કવરેજમાં સિલેક્ટીવ અને ઘણી વાર ઇતિહાસને ભૂંસી નાંખવા માટે જવાબદાર પણ છે. પરંતુ, ઝકિયા જાફરી અને અહેસાન સાહેબનાં વિશુદ્ધ નૈતિક મૂલ્યો અને તેમની લડતની દઢતાને અવગણવું એટલું સહેલું નથી. તેમના (ઝકિયાના) અવસાનને મળેલ વિશાળ કવરેજ આ બાબતનો પુરાવો છે.

The Wireનો લેખ ટૂંકાવીને **– તીસ્તા સેતલવાડ**

(અનુવાદ : હિદાયત પરમાર)

---

**પ્લાસ્ટિક પ્રદૂષણ...** (પાન ૧૧નું ચાલુ)

કરતાં કહ્યું કે લાગે છે કે INCના દરવાજા હવે બંધ થઈ રહ્યા છે.

મોટાભાગના દેશો માને છે કે (૧) પ્લાસ્ટિક ઉત્પાદનની સીમા નક્કી થવી જોઈએ (૨) જોખમી રસાયણો (જે પ્લાસ્ટિક ઉત્પાદનમાં વપરાય છે.) પર પ્રતિબંધ મૂકવો જોઈએ (૩) પ્લાસ્ટિક કચરાને પુનઃચક્રિત કરવો. (૪) નાણાંકીય સહાય.

આ વર્ષે સંયુક્ત રાષ્ટ્ર સંઘનાં ત્રણ મોટાં સંમેલનો નિષ્ફળ રહ્યાં. (૧) UN CONVENTION on BIOLOGICAL DIVERSITY COP-16 કે જે કાલી કોલંબિયામાં યોજાયું હતું. (૨) UNFCCC દ્વારા યોજાતી ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ COP 29 જે બાકુ(અજર બૈજાન)માં યોજાયું હતું.

જો ફોસીલ ફ્યુએલનું ઉત્પાદન ઘટશે તો પ્લાસ્ટિક ઉત્પાદન પણ ઘટશે. પેરિસ એગ્રીમેન્ટ સફળ થશે તો INC પણ સફળ થશે તેવી આશા રાખીએ.

'નવગુજરાત સમય'માંથી સાભાર **– મહેશ પંડ્યા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સમાજસેવા માટે સમર્પિત : શ્રી કૃષ્ણવદન જોષી



જે અંદર હોય તે જ બહાર દેખાય છે. અંદર સુખ છે તો બહાર સુખ છે અને અંદર દુઃખ છે તો બહાર પણ દુઃખ છે. અંદર સત્ય છે તો બહાર પણ સત્ય જ હોય છે. અંદર અસત્ય છે તો બહાર પણ અસત્ય જ હોય છે. બાહ્ય એ તો અંદરનું પ્રતિબિંબ છે. બહારનું બદલવા અંદરનું બદલવું પડે છે. પરંતુ બહાર બદલવાથી અંદરનું બદલાતું નથી. અંદર અને બહાર જુદા હોવાનું સર્વત્ર દેખાઈ રહ્યું છે. બહારથી સજ્જન, સુખી કે સ્વસ્થ દેખાતા માનવી અંદરથી એવા હોય જ એવું માનવા જેવું નથી. દંભથી જાતને અને બીજાને છેતરવાની આવડત આપણે બધાએ હસ્તગત કરી લીધી છે, પરંતુ ક્યારેક તો દંભનો પર્દાફાશ થયા વિના રહેતો જ નથી.

કૃષ્ણવદન જોષીએ પોતાની જાતને અંદરથી બદલી એટલે બહાર આપોઆપ બદલાઈ ગયું. કોઈ શિલ્પકાર જ્યારે શિલ્પ બનાવતો હોય ત્યારે પોતાની અંદર મનોમંથન કરી એક ચિત્ર વિકસાવે અને પછી પથ્થર ઉપર કોતરકામ કરી શિલ્પને મૂર્તિમંત કરે. બસ, એમ જ કૃષ્ણવદને પોતાની જાતનું ચિત્ર તૈયાર કરી વધારાનું, ન કામનું કે આડે આવતું તમામ ખેરવી દીધું. દંભને દૂર મૂકી અંદર અને બહારનું એકત્વ સાધી લીધું. આ એકત્વને કારણે જ પોતે ઘડેલા વિચારોને આચારમાં મૂકી શક્યા. અંદરની સ્પષ્ટતાએ બહાર જે દેખાયું, જે જિવાયું એને ગૌરવ આપી દીધું.

જેલવાસ દરમ્યાન કૃષ્ણવદનને મળેલા મહાપુરુષોના સત્સંગ અને વાંચનનો સદુપયોગ પોતાને સાચી અને સારી દિશામાં વાળવામાં કર્યો. સ્વામી વિવેકાનંદે અમેરિકાના ધનાઢ્ય વ્યક્તિ રોકફેલરને કહેલું : તમે ભેગું કરેલું ધન એ તમારું નથી, તમે તો માત્ર એના વાહક છો અને તમારો ધર્મ જગતનું કલ્યાણ કરવાનો છે. ઈશ્વરે તમને જે સંપત્તિ આપી છે, તે લોકકલ્યાણનું કાર્ય કરવા અર્થે આપી છે. આટલી જ વાતે રોકફેલરમાં બદલાવ આવ્યો અને એ જમાનાના તે સૌથી મોટા દાતા બન્યા.

આવું કંઈક વાંચી, કૃષ્ણવદનને વિચાર આવ્યો કે મારી પાસે ધન તો નથી, પણ મારી જાતને જ સમાજ માટે કેમ સમર્પિત ના કરી દઉં? ધનનું દાન જ શું દાન ગણાય? એવો પ્રશ્ન પોતાની જાતને પૂછીને નિર્ણય કરી લીધો કે હું મારી જાત સમાજને સમર્પિત કરી દઈશ. સાથેસાથે ધનની તૃષ્ણા પણ છોડી દઈશ. ધન કમાવવા કોઈ પ્રવૃત્તિ હું કરીશ જ નહીં. અહીંથી જન્મ થયો એક એવી વ્યક્તિનો કે જેણે આજીવન સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી, જેની શરૂઆત થઈ સાદગી અને સરળતાથી જીવન જીવવાની પ્રતિજ્ઞાથી. જેલમાં જ નક્કી કર્યું કે ખાદી પહેરીશ, જાતે કાંતીને જ પહેરીશ, જે જીવનના અંત સુધી તેમણે નિભાવ્યું. કમાઈ શકવા સક્ષમ હતા, પરંતુ હવે કમાવાની જ ઇચ્છા ન હતી.

કૃષ્ણવદન પોતાને સોંપાયેલું કામ અત્યંત ચીવટતાથી અને સાવધાનીથી કરે. આ જ સ્વભાવ છેક સુધી રહ્યો. મારા લાંબા સમયના સંબંધોમાં મેં ખૂબ નજદીકથી એમને નિહાળ્યા છે અને હું બધાને કહેતો 'ભાઈ'ને કામ સોંપો એટલે તમે સૂઈ જાવ અને એ જાગે. એ મેયર હતા ત્યારે પણ નાનામાં નાની વ્યક્તિનું નાનામાં નાનું કામ પણ ભૂલે નહીં. એમને કહેવું નહોતું પડતું કે તમે સૂઈ જાવ, પણ તમે સૂઈ જ જાવ એટલો ભરોસો તમે એમના ઉપર મૂકી શકો.

જ્યારે સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી ત્યારે જ નક્કી થઈ ગયું હતું કે એ માટેની પહેલી જરૂર હશે સાદગીની. એક પૈસાનો ખોટો ખર્ચ ન થાય એ માટે પોતાને તથા પરિવારના સહુને તૈયાર કર્યા હતા. કોઈ નોકરી નહીં, કોઈ ધંધો નહીં, માત્ર સમાજસેવા એ જીવનમંત્ર હતો. પણ સમસ્યા ઘર અને પરિવારને પોષવાની હતી. કોઈ પણ સંસ્થામાંથી એમને એક રૂપિયો પણ પગાર ન હતો કે ન કોઈ વ્યક્તિગત ખર્ચ. સ્વયંસેવકોના ધ્યાનમાં આ વાત આવી ત્યારે એમને મહાદેવભાઈ દેસાઈ ટ્રસ્ટમાંથી મહિને દોઢસો રૂપિયા મળવા શરૂ થયા. બીજા માળે ભાડાનું બે રૂમનું ઘર, બે બાળકો અને પતિપત્ની એમ ચાર જણ સાથે રહે. આજે પણ કલ્પનાની બહાર છે કે જીવન કેવી રીતે વીતતું હશે! એટલું ચોક્કસ યાદ છે કે એમણે ક્યારેય કોઈની પાસે ગરીબીનો વસવસો વ્યક્ત કર્યો હોય કે કોઈની પાસે હાથ લાંબો કર્યો હોય એવું બન્યું નથી.

ઘરવખરી નામે સૂવાનો એક ખાટલો, કપડાંમાં જાતે કાંતેલી ખાદીના ઝભ્ભા-લેંઘાની ત્રણ જોડ. એકેય કપડાએ ક્યારેય ઇસ્ત્રીનો સ્પર્શ કર્યો હોય એવું બન્યું નથી. જાતે જ પોતાનાં કપડાં ધોવાનાં, એ પણ એટલી ચોક્કસાઈથી કે એમાં એક ડાઘ ના દેખાય! ઝભ્ભો-લેંઘો જ એમનો પર્યાય બની ગયો. પગમાં ગ્રામોદ્યોગના ચંપલ જેની એક જોડ ચાર-પાંચ વર્ષ ચાલે. જમવાનું બે ટંક, સાવ સાદું ભોજન, ચા-કોફીની જરૂરિયાત જ નહીં. આ તો વ્રતધારી એટલે એવું નહીં કે ઘરે તંગી હોય તો બીજાને ત્યાં જમી લેવું.

કૃષ્ણવદન જોષી ૧૯૭૨થી ૧૯૮૦ સુધીમાં ત્રણ વાર અમદાવાદના મેયર બન્યા. ભલે ટર્મ નાની-મોટી હતી, પણ સરળતાનો એ પર્યાય. એ જ સાદી ભાષા, હુંકાર ક્યારેય નહીં, હુકમ તો કર્યો જ ન હોય એવું મેં અનુભવ્યું છે. વાદ-વિવાદ-ચર્ચાથી દૂર. પોતાની વાતનો આગ્રહ ક્યારેય નહીં. સત્યની જ ભાષા. દંભ-આડંબર કે મોટાઈનો અભાવ! કોઈને ઉતારી પાડ્યાનું મને સ્મરણ નથી. કાર્યકર્તા હોય કે કર્મચારી, નાનો માણસ હોય કે મોટો, વ્યવહાર એકસરખો. જાણે બધું, સમજે બધું, પરંતુ સરળતાથી મૂક બની જાય. મેયર હતા ત્યારનો એક પ્રસંગ યાદ આવે છે : એક વાર રાતના આઠનવ વાગ્યે ઓચિંતા મારા ઘેર આવી ગયા. ચાલો ડોક્ટર, આપણે વી. એસ. હૉસ્પિટલ જવાનું છે. મેં કહ્યું, શું છે એવી ઇમર્જન્સી? એમનો ઉત્તર હતો, આપણી પોળની કોઈ દીકરી દાઝી ગઈ છે અને ગંભીર છે. આપણે જવું પડશે. તમે સાથે હશો તો સારું પડશે. અમે બંને સ્કૂટર ઉપર હૉસ્પિટલના વોર્ડમાં પહોંચ્યા. હું બહાર દર્દીનાં સગાં સાથે વાત કરવા રોકાયો અને મુ. ભાઈ અંદર ગયા. તરત જ બહાર પાછા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આવ્યા. હું કંઈ કહું એ પહેલાં કહે, ડૉક્ટર અંદર જવા નથી દેતા. એમની સાથે ગયેલાં અન્ય સગાંએ કહ્યું કે ડૉક્ટરે એમને હડધૂત કરીને બહાર કાઢ્યા છે. ઘાંટો પાડીને કહે છે, સમજ નથી પડતી કાકા, તે અત્યારે દોડ્યા આવો છો? આ મળવાનો સમય નથી, બહાર નીકળી જાવ. અને ભાઈ અંદરથી બહાર આવી ગયા.

હું અંદર ગયો અને મને ડૉક્ટર ધમકાવે એ પહેલાં જ મેં કહ્યું, ભાઈ હું સર્જન છું, એટલે નમ્રતાથી એણે મારી સાથે વાત કરી. મેં એને હળવાશથી પૂછ્યું, ભાઈ તેં હમણાં જે કાકાને હડધૂત કરીને બહાર કાઢ્યા, એ કોણ છે તું જાણે છે? પેલાનો જવાબ નકારાત્મક જ હોય એ સ્વાભાવિક હતું. મેં એને સમજાવ્યો કે આ 'કાકા' અમદાવાદ શહેર, મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર છે. સાથેસાથે વાડીલાલ હૉસ્પિટલ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન છે! પેલાના હોશકોશ ઊડી ગયા. ધ્રૂજી ઊઠ્યો! હવે શું થશે, એની ચિંતામાં શિયાવિયા થઈ ગયો. ભાઈને બોલાવી માફી માગી. કરગર્યો. ભાઈ એટલા જ સ્વસ્થ અને જરાય ખોટું લગાડ્યા વિના કહ્યું : ડૉક્ટરસાહેબ, તમે તો તમારી ફરજ બજાવી છે. જાણે બુદ્ધનો બીજો અવતાર! મેયર હોવા છતાં યે કોઈ ફરિયાદ નહીં, માન-અપમાનની પરવા નહીં. દર્દીને મળીને ઘરે.

લાંબો સમય મેયર હોવા છતાં ક્યારેય એમણે મેયરની ગાડીમાં પગ મૂક્યો નહોતો. ઑફિસે ચાલતા જ જાય. સાઇકલ પણ વાપરે અને ઉતાવળ કે દૂર જવાનું હોય તો કોઈકના સ્કૂટર ઉપર. મેયર થતાંની સાથે જ પોતાની મેયરની ઑફિસમાંથી ઍરકન્ડિશનર દૂર કરાવી પંખા મુકાવ્યા. દરેક માટે દરવાજા ખુલ્લા. કોઈ પણ મુલાકાતી આવે એને રોકવો નહીં એવી સૂચના, બધાની સાથે પ્રેમથી વાતો કરવાની, શક્ય હોય એટલા પ્રશ્નો દૂર કરવાના. સામેથી લોકો ગમે તેટલો આક્રોશ વ્યક્ત કરીને બોલી જાય, પણ એમની સ્વસ્થતા એની એ જ! એમની બધી જ કાર્યપદ્ધતિ સાથે આપણે સહમત ન પણ થઈએ, પરંતુ આ આદર્શ વ્યક્તિની સાદગીસરળતા અને નિરભિમાનતાનો ઉચ્ચ આદર્શ એમણે સહજ રીતે મને શીખવાડી દીધો.

**બીજો એક પ્રસંગ યાદ આવે છે :**

કોર્પોરેશનની મિટિંગમાં એક કોર્પોરેટરે ખૂબ બૂમાબૂમ કરી કે મારા વિસ્તારમાં પાણીનું ટીપુંયે આવતું નથી. લોકો તરસે મરે છે. ખૂબ ધમાલ થઈ. વિરોધ પક્ષના કોર્પોરેટર એમની ફરજ બજાવે એ સ્વાભાવિક છે. એમના અવાજની નોંધ લેવાઈ ગઈ પછી સાહેબ મિટિંગમાંથી ચાલી ગયા. સામાન્ય રીતે મિટિંગ પછી મીડિયા નોંધ લે, જે લેવાઈ ગઈ.

પરંતુ આ તો માનવતાવાદી મેયર! પક્ષાપક્ષી હોય, પરંતુ લોકો ખરેખર પાણી માટે ટળવળતા હોય ત્યારે મેયરે કંઈક કરવું જ પડે. બીજા જ દિવસે વહેલી સવારે મિટિંગમાં બૂમો પાડનાર કોર્પોરેટરના વિસ્તારમાં તેઓ પહોંચી ગયા. અંદાજે સવારના છ-સાડાછ વાગ્યા હશે. સાહેબ અવાચક થઈ ગયા. જોયું તો સામે શ્રી કૃષ્ણવદન જોષી! સાહેબે કહ્યું કે મેયરશ્રી આપ, અત્યારે?

મેયરશ્રીએ કહ્યું કે આપ ગઈ કાલે પાણી માટે ફરિયાદો કરતા હતા એટલે મને થયું કે ચાલો જાતે જઈને જ જોઈ આવું અને શક્ય હોય તો એનો રસ્તો આપણે સાથે મળી કાઢીએ. 'સાહેબ' ઢીલા પડી ગયા. પાણી બધે જ આવતું હતું અને પૂરતું પણ!

**ત્રીજો પ્રસંગ વિશેષરૂપે જાણવા જેવો લાગ્યો છે :**

એક વાર બપોરે ફોન આવ્યો. ડૉક્ટરસાહેબ ઘરે આવશો? મારી પત્નીને ઠીક નથી લાગતું. હું ગયો. એમનું ભાડાનું ઘર, બીજો માળ, સીડીનું પગથિયું ન સંભાળીએ તો કાં તો નીચે પડાય કાં તો માથું ઉપર ટકરાય! જોયું અને ખબર પડી કે એમને લકવાનો હળવો હુમલો છે. મેં સૂચવ્યું કે આપણે એમને દાખલ કરવાં પડશે એટલે સહજતાથી કહ્યું કે તમારી જ હૉસ્પિટલમાં લઈ જઈએ. એમના માટે હું જ ડૉક્ટર તરીકે બધું, સર્જન અને ફિઝિશિયનનો ભેદ નહીં.

મેં સમજાવ્યા અને સૂચવ્યું કે વી. એસ. હૉસ્પિટલમાં દાખલ કરવાં જોઈએ. તેઓ ભડક્યા! સાહેબ, ત્યાં તો નહીં જ! હવે ચમકવાનો વારો મારો હતો. પોતે શહેરના મેયર, વી. એસ. હૉસ્પિટલ બોર્ડના ચેરમેન.

મેં દબાણ કર્યું કે ત્યાં જવાનું છે, તો કહે સાચું કારણ એ છે કે મેં તો સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી છે અને મને એનો કોઈ વસવસો નથી. ખેદ નથી, દુઃખ નથી, પરંતુ મારા પરિવારજનો આ સ્થિતિ ન સમજી શકે અને એ લોકો ન સ્વીકારી શકે. પત્નીની અપેક્ષાઓ હોય અને વી. એસ.માં જાઉં તો આખું ગામ ઊમટી પડે. અંગત માંદગીને પ્રસંગ નથી બનાવવો. ડૉક્ટરો દોડશે, વહીવટદારો દોડશે અને સાથીઓ પણ. આપણને એ ના શોભે.

છેવટે મેં હાર સ્વીકારી. સિવિલ હૉસ્પિટલના સ્ત્રીઓ માટેના જનરલ વોર્ડમાં ભરતી કરાવ્યાં. પરંતુ મેયરની પત્નીના સમાચાર થોડા ઢાંક્યા રહે! સુપરિટેન્ડેન્ટ ડૉ. ગુપ્તાસાહેબ દોડી આવ્યા. સ્પેશિયલ રૂમમાં દાખલ કરાવવા આગ્રહ કર્યો. ખૂબ દબાણ કર્યું. 'મહાત્મા' તો ટસના મસ ના થયા. છેવટે જનરલ વોર્ડમાં જ એમણે પડદા લગાવી, થોડાં જુદાં પાડ્યાં, ભાઈની મંજૂરી વિના જ. પોતે મેયર, પણ ખબર કાઢવા કોઈકના સ્કૂટર ઉપર આવે. મુલાકાતીઓના સમયમાં જ આવે. સારું થયું એટલે ઘેર લાવવાનાં હતાં. બિલ હતું રૂપિયા ૫૭.૫૦. મહાત્મા પાસે તો એટલાયે ક્યાં હતા? વ્યવસ્થા થઈ, બિલ ચૂકવાઈ ગયું પછી જ ઘરે લઈ જવાયા.

આ બધું કરવા છતાંયે એ માટેની પ્રસિદ્ધિથી દૂર, વાજાં વગાડવાની આદત જ નહીં. એમની સાદગી એટલી કે એ ગમે ત્યાં જાય ખાદીના ઝભ્ભા-લેંઘા સિવાય બીજો કોઈ પોશાક નહીં. લગ્ન હોય કે મરણ, જાહેર સભા હોય કે અતિથિ વિશેષશ્રીઓ સાથેની મિટિંગ, એમનો પહેરવેશ એક જ! એક સમયે ભારતના વડા પ્રધાન જવાહરલાલ નહેરુને અમદાવાદમાં મળવા જવાનું થયું. ઝભ્ભો ક્યાંકથી થોડો ફાટેલો તો ક્યાંકથી થોડો થીગડાંવાળો. સાથીઓએ સમજાવ્યા કે આજે આ ઝભ્ભો બદલી નાખો, ત્યારે ખૂબ હળવાશથી એમનો જવાબ હતો : ''નહેરુજીને મળવા હું જાઉં છું, મારો ઝભ્ભો નહીં.''

(જુઓ પાન નં. ૧૪)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દેશના અંદાજપત્રમાં આબોહવા પરિવર્તનના પીડિતો કુદરત ભરોસે

## પેરીસ કરાર હોય કે ના હોય, દેશના વંચિતોને મોસમ પરિવર્તનથી બચાવવાની જવાબદારી સરકારની

વર્ષ ૨૦૨૫-૨૬ નું કેન્દ્રીય અંદાજપત્ર આબોહવા પરિવર્તનની અસરોને પહોંચી વળવા ઉદાસીન રહ્યું. અમેરિકાના પ્રમુખ તરીકે ટ્રમ્પ ચૂંટાયા પછી બાકુ ખાતે યોજાયેલ ક્લાઇમેટ ચેન્જ પરિષદ COP-29 નિષ્ફળ રહી. વિકસિત દેશો ગ્રીન ગ્લોબલ ફંડમાં માત્ર ૩૦૦ બિલિયન અમેરિકન ડોલર આપવા જ સંમત થયા, જેનો ભારત સહિત વિકાસશીલ અને અલ્પ વિકસિત દેશોએ વિરોધ કરીને પ્રસ્તાવ ફગાવી દીધો. ભારતે કહ્યું કે અમારે પેરીસ કરારનું પાલન કરવું હશે તો ૨૦૩૦ સુધીમાં ૨.૫ ટ્રિલિયન અમેરિકન ડોલરની જરૂરિયાત છે. પરંતુ, સવાલ એ છે કે આપણે શું મોસમ પરિવર્તન કે આબોહવા પરિવર્તનની જે અસરો થઈ રહી છે તેને નિવારવા પગલાં લઈ રહ્યા છીએ તે દુનિયા ઉપર ઉપકાર કરી રહ્યાં છીએ? આપણા દેશના લોકો મરી રહ્યા છે કે તેઓ આર્થિક, સામાજિક રીતે ભોગ બની રહ્યા છે. ભારતના વ્યાપાર અને ઉત્પાદન પર ગંભીર અસરો પડી રહી છે. આપણા યાતાયાત પર અસર પડી રહી છે. નિકાસદર ઘટી રહ્યો છે. જેને લીધે દેશ દેવાળિયો થઈ રહ્યો છે. એટલે, ધનાઢ્ય દેશો પેરીસ કરાર મુજબ પૈસા આપે કે ના આપે આપણે તો આપણા ભલા માટે આબોહવા પરિવર્તનની અસરો ઘટાડવા પગલાં લેવાં જ પડશે. અલબત્ત, વર્ષ ૨૦૨૫-૨૬ ના કેન્દ્રીય અંદાજપત્રમાં આબોહવા પરિવર્તનની અસરો ઘટાડવા અંગે નહીંવત્ જોગવાઈઓ પ્રતિબિંબિત થાય છે.

નાણાંમંત્રીશ્રી દ્વારા પહેલી ફેબ્રુઆરીના રોજ સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ એ ભારતમાં ઝડપી ગ્રીન ટ્રાન્ઝીશન માટે બારી ખોલી છે. પરંતુ, આબોહવા અનુકૂલનના મહત્ત્વપૂર્ણ મુદ્દાને સંબોધવામાં તે નિષ્ફળ રહ્યું છે. ઘણા લોકોએ બજેટમાં આબોહવા અનુકૂલનને નોંધપાત્ર સમર્થન મળવાની અપેક્ષા રાખી હતી કારણ કે બજેટ રજૂ થયાના એક દિવસ પહેલાં પ્રકાશિત થયેલા આર્થિક સર્વેમાં આ મુદ્દા પર ઘણો ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાં વાસ્તવમાં વિકસિત દેશોને આ ક્ષેત્રમાં પૂરતું ભંડોળ પૂરું પાડવા માટે દોષી ઠેરવવામાં આવ્યા હતા. વિડંબના એ છે કે, બજેટ પછી હાલમાં ભારત સરકાર પોતે જ ટીકાનો સામનો કરી રહી છે.

વિવિધ નિષ્ણાતોના મતે, બજેટ મિશ્ર સંકેતો આપે છે. કારણ કે તેમાં સૌર ઊર્જા, તેમજ કોલસા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ બંને ક્ષેત્રોમાં ફાળવણી વધારવાનો પ્રસ્તાવ છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયને લગભગ રૂ. ૩૪૧૨ કરોડ મળ્યા, જે ગયા બજેટના રૂ. ૩૩૩૦ કરોડના આંકડા કરતાં ૨.૫ ટકાથી ઓછો ફાળવણી વધારો છે. તેનો પણ સંપૂર્ણ ઉપયોગ થઈ શક્યો નથી. દેશની નદીઓ પ્રદૂષિત છે. મોટાભાગનાં શહેરોની હવા પ્રદૂષિત છે. જંગલ પાંખું થતું જાય છે. ત્યારે રૂ. ૩૪૧૨ કરોડની જોગવાઈ શું પૂરતી છે?

તેનાથી વિપરીત, કોલસા મંત્રાલયને નાણાંકીય ખર્ચમાં ૧૬૦ ટકાનો ઉછાળો મળ્યો, જ્યારે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ ક્ષેત્રને ૨૧ ટકાનો નાણાંકીય વિકાસ મળ્યો. સૌર ઊર્જાને સૌથી વધુ ૨૬,૫૪૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જેમાં પીએમ સૂર્ય ઘર યોજના સાથે છત પર સૌર ઊર્જા પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. નિષ્ણાતોએ ધ્યાન દોર્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત આધારિત ઊર્જાના લક્ષ્ય સાથે પરમાણુ મિશનની જાહેરાત સૌર ઊર્જા અને હાલમાં ધ્યાન કેન્દ્રિત કરી રહેલા અન્ય ઊર્જા ઉપરાંત સ્વચ્છ ઊર્જા મેળવવા તરફ સ્પષ્ટ દબાણ છે. પરંતુ તેમણે આ વિકલ્પ સાથે સંકળાયેલી સુરક્ષા ચિંતાઓ પણ ઉઠાવી.

વર્ષ ૨૦૦૮ માં વડાપ્રધાનની કાઉન્સિલ દ્વારા આઠ નેશનલ મિશન જાહેર કરેલાં. ત્યારબાદ ૨૦૧૮ માં બીજાં ચાર મિશનનો ઉમેરો કરવાની જાહેરાત કરી હતી.(૧) નેશનલ મિશન ઓન હેલ્થ (૨) નેશનલ મિશન ઓન વેસ્ટ ટુ એનર્જી (૩) નેશનલ મિશન ઓન કોસ્ટલ એરીઆજ(૪) નેશનલ વિન્ડ મિશન. પરંતુ, માત્ર નેશનલ હેલ્થ મિશન સક્રિય કર્યું. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના અંદાજપત્રમાં આ જાહેર કરાયેલાં પૈકી બાકી રહેલાં ત્રણ મિશનો અંગે બજેટમાં ફાળવણી થશે તેવું લાગતું હતું. પરંતુ તેમ ના થયું. અલબત્ત એક નવું જ મિશન શરૂ થયું. નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ. અગાઉ વર્ષ ૨૦૦૮માં આઠ નેશનલ મિશન પૈકી એક મિશન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર મિશન તો હતું જ. જોકે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ એક સરાહનીય પગલું છે.

'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' (NMNF)ને કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૦૨૬માં મોટો વેગ મળ્યો છે. તેની ફાળવણી માં રૂ.૫૧૬ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. જે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં રૂ.૧૦૦ કરોડ હતો. જે વધીને બજેટ ૨૦૨૫-૨૦૨૬ માં રૂ.૬૧૬.૦૧ કરોડ થયો. ૨૫ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ કેન્દ્ર સરકારે મિશન મોડમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા અને દેશભરમાં રાસાયણિક ઇનપુટ્સ પર ખેડૂતોની નિર્ભરતા ઘટાડવા આ મિશન (NMNF) શરૂ કર્યું. આ યોજના કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ હેઠળ સ્ટેન્ડઅલોન કેન્દ્ર પ્રાયોજિત યોજના તરીકે શરૂ કરવામાં આવી હતી. જેમાં ત્રણ વર્ષના ગાળા માટે રૂ.૨,૪૮૧ કરોડ (કેન્દ્ર સરકાર પાસેથી રૂ.૧,૫૮૪ કરોડ અને રાજ્યો પાસેથી રૂ.૮૯૭ કરોડ) નો ખર્ચ થશે. તે ૦.૭૫ મિલિયન હેકટર પર કુદરતી ખેતી શરૂ કરવા માંગે છે. જેનાથી ૧૦ મિલિયન ખેડૂતોને લાભ થશે. જેનો ઉદ્દેશ રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહન આપવાનો છે.

૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં કેન્દ્ર સરકારની મુખ્ય પાક વીમા યોજના માટે ફાળવણી છેલ્લાં સાત વર્ષમાં સૌથી નીચી હતી, બજેટ રજૂ કર્યાના એક દિવસ પહેલાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ સરકારના આર્થિક સર્વેમાં સ્વીકાર્યું હતું કે કેવી રીતે આત્યંતિક હવામાનની ઘટનાઓમાં વધારો ખેડૂતો માટે પાકની ઊપજને ભારે નુકસાન પહોંચાડી રહ્યું છે. આ યોજના, 'પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના' (PMFBY)ને કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં રૂ. ૧૨,૨૪૨.૨૭ કરોડની ફાળવણી મળી હતી, જે ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ (RE) રૂ. ૪૬૫૮ કરોડની સરખામણીમાં લગભગ ૨૩ ટકાનો તીવ્ર ઘટાડો છે. આ ફાળવણી ૨૦૧૯-૨૦ પછી થયેલ સૌથી ઓછી ફાળવણી છે. આ યોજના ફેબ્રુઆરી ૨૦૧૬ માં ખેડૂતોને પાક નિષ્ફળતા સામે વ્યાપક વીમા કવચ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી હતી, જે તેમની આવક સ્થિર કરવામાં મદદ કરે છે. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ બહાર પાડવામાં આવેલા આર્થિક સર્વેક્ષણમાં, સરકારે પ્રકાશિત કર્યું કે કેવી રીતે PMFBY ખેડૂતો માટે કુદરતી આફતો, જીવાતો અને રોગોના કારણે પાકના નુકસાન સામે સલામતી જાળ તરીકે કાર્ય કરે છે અને નાણાંકીય સ્થિરતા સુનિશ્ચિત કરે છે.

ફાળવણીમાં તીવ્ર ઘટાડો, એવા સમયે કરવામાં આવી રહ્યો છે જ્યારે આત્યંતિક હવામાનની ઘટનાઓ ઊપજમાં નુકસાન અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપ ઊભી કરી રહી છે, તે PMFBY ની સ્પષ્ટ સ્વીકૃતિ હોઈ શકે છે, જે ખેડૂતોને લાભ આપી શકતી નથી, ભલે સામાન્ય વીમા કંપનીઓ યોજના હેઠળ પાક વીમાના તેમના સંપર્કમાં ઘટાડો કરે. સરકારના પોતાના ડેટામાં જોઈ શકાય છે; ખેડૂતોને ચૂકવવામાં આવતા વીમાના દાવામાં ભારે ઘટાડો જોવા મળ્યો છે - જે ૨૦૧૮-૧૯માં રૂ. ૨૯,૪૪૪.૬૬ કરોડથી ૨૦૨૩-૨૪માં રૂ. ૧૦,૩૯૧.૩૯ કરોડ થયો હતો.

ભારતના દરિયાકાંઠે ગુજરાતથી કેરળ અને પશ્ચિમ બંગાળથી તમિલનાડુ સુધી માછલીની ઘટતી ઉપલબ્ધતાએ ચિંતામાં વધારો કર્યો છે. CMFRI સંસ્થાના અભ્યાસ જણાવે છે કે કેરળમાં મેકરેલ અને સારડીન જેવી મુખ્ય માછલીઓ દુર્લભ બની રહી છે. જેનું એક કારણ સમુદ્રનું ગરમ થવું છે અને બંગાળની ખાડીમાં માછલીઓનું સ્થળાંતર છે. પરંતુ, આ બજેટમાં સરકારે માત્ર આંદામાન નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ટકાઉ મત્સ્યઉદ્યોગ વ્યવસ્થાપન માળખું સ્થાપિત કરવા તરફ ઝોક મૂક્યો છે જેને કારણે મોટા પાયે કોર્પોરેટ સંડોવણી, વધુ પડતી માછીમારી અને ગેરકાયદેસર પ્રથાઓ માટે ચાલુ થાય તેવી શક્યતાઓ છે. જેને લીધે ટાપુ સમુદાયો પર વસતા સ્થાનિક લોકોના અનન્ય અધિકારો અને આર્થિક ટકાઉપણાને પણ જોખમમાં મૂકી શકે.

આ બજેટમાં આબોહવા પરિવર્તનને લીધે વંચિત સમુદાયોને પડનારી અસરો તથા તેમના જીવનનિર્વાહ અંગે કોઈ જોગવાઈઓ કરી નથી. ક્લાયમેટ ચેન્જની વિપરીત અસરોને પહોંચી વળવા કોઈ કન્ટીજન્સી પ્લાન મૂકવામાં આવ્યો નથી.

પર્યાવરણમિત્ર-અમદાવાદ — **મહેશ પંડ્યા**

# વાચકોના પત્રોમાંથી

- **એક વાચક તરફથી,**

હૃદય-કુંજ, ગાંધી આશ્રમ, અમદાવાદ ખાતે ગાંધીનિર્વાણ દિન-૨૦૨૫ના રોજ સર્વધર્મ પ્રાર્થના તેમજ પ્રવચનમાં અતિથિ વિશેષ મા.શ્રી. રજનીભાઈ દવે પાસેથી ગાંધીવિચાર પર ઘણું બધું જાણવા મળ્યું...

સુંદર તેમજ હૃદયસ્પર્શી રજૂઆત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

રજનીભાઈ દવેના ૬ વીડિયોમાંથી હું જે થોડું સમજી શક્યો છું તે લખું છું....

ગાંધીજીના શિક્ષણનો હેતુ : રાષ્ટ્ર નવરચના
રસ્કીન, થોરો, ટોલ્સટોય પાસેથી સિદ્ધાંત-પ્રેરણા
સૌનું ભલું થાઓ એવી સમાજ-રચના હોવી જોઈએ
સાચું હિંદ ગામડાંમાં છે
શહેરી અને ગ્રામીણ વિકાસ સમાન હોવો જોઈએ
૪૦% સંપત્તિ માત્ર ૧% લોકો પાસે છે,
આર્થિક અસમાનતા
Morality should be in economy;
without morality, economy is useless...
તંત્રની બાબતે વિચારણા જરૂરી
શિક્ષણ, આરોગ્ય, ટેક્નોલોજી, ટેકનીકલ-શિક્ષણમાં વિચારણા જરૂરી

- **ડંકેશ ઓઝા,** અડાલજ, પીન-૩૮૨ ૪૨૧

યશવંત મહેતાએ અમુક તદ્દન વિપરીત સંજોગોમાં માગ્યા મુજબનું મૉત મળે એવા સુંદર વિચારની તરફેણ કરી છે. ઘણાં વહેલાં બંધારણ સભાના સભ્ય રહી ચૂકેલા સાંસદ સ્મરણસ્થ મીનુ મસાણીએ યુથેનેસીયાની હિમાયત કરેલી. એવો ખરડો પણ સંસદમાં રજૂ કરેલો. ત્યારે મેં નિરીક્ષકમાં લેખ લખ્યો હતો; ''મરવું છે, મળો મસાણીને !'' હજુ તે બાબતે ખાસ પ્રગતિ થતી નથી.

બીજી વાત 'અગ્નિસ્નાન' શબ્દપ્રયોગની. સ્નાન એ આનંદદાયક સ્વૈચ્છિક પ્રવૃત્તિ છે. બળી મરવું પડે તે મજબૂરી છે. એટલે સારો લાગતો પ્રયોગ ખોટો ઠરે છે. એવું જ નેત્રદીપક શબ્દનું છે. આંખ ઉઘાડી નાંખનારી બાબત માટે તે યોગ્ય નથી એમ મારું માનવું છે.

ભૂમિપુત્ર
હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧**
**IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-03-2025 Regd. No. VDR-E/61/2021-23
R.N.I. No. 1683/57 SSP (E) Valid upto 31-12-23
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- અંકની છૂટક કીમત દસ રૂપિયા. આ અંકનાં પાનાં ૨૪

# સંસારી ફકીર

દેશના જુદા જુદા ખૂણામાંથી આવેલાં સુગંધા અને હું બેંગલોરની એક મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી મેળવીને ભેગાં થયાં. બે વર્ષ થયાં અમને એક ફ્લેટમાં પેઈંગ ગેસ્ટ તરીકે સાથે રહેતાં રહેતાં. હજી બેઉ કુંવારાં હતાં એટલે માથે બીજી કોઈ જવાબદારી નહોતી. સારા એવા પેકેજની, સુખેથી મોજ-શોખ પૂરાં કરી શકીએ એવી નોકરી હતી. હોળીની રજાઓ નજીક આવતી હતી ને અચાનક મને વિચાર આવ્યો, ''સુગંધા, રજાઓમાં જેસલમેર જવું છે? મને ત્યાંનું રણ અને રણમાં થતો સૂર્યાસ્ત જોવાનું બહુ મન છે.''

''એમ તો મને પણ રણ જોવાનું બહુ મન છે.''

''ચલ, તો હો જાય?''

આજે તો અમારા આ પ્રવાસનો આખરી દિવસ પણ આવી પહોંચ્યો છે. અમારા ઊંટવાળો આરીફ ઊંટની લગામ પકડીને ચાલતાં ચાલતાં કેટલીય વાતો કરી રહ્યો છે : ''સાવ આઠ- નવ વર્ષનો હતો ત્યારથી મારા બાબા સાથે ઊંટની સવારી કરવા આવતો. આ જ અમારું કામ. આ મારો શેરો છે, એ અમારી જીવાદોરી છે. એ બહુ વફાદાર પ્રાણી છે. વેરી ફેઈથફુલ.'' ઊંટ જાણે એના પરિવારનું સભ્ય હોય એ રીતે પોરસાઈને એને માટે વાત કરી રહ્યો હતો.

''તું કેટલું ભણ્યો છે?'' સુગંધાએ પૂછ્યું.

''મેડમજી, મૈંને તો બસ, ફીફ્થ તક પઢાઈ કી.''

મેં કહ્યું,''બસ? ફીફ્થ તક? તો પણ તું હિંદી, અંગ્રેજી, ગુજરાતી બધી ભાષા કેવી સરસ રીતે બોલી શકે છે?''

''એમ તો મેડમ, ભાંગીતૂટી ડચ, ને ચીની પણ આવડે છે.''

''આટલી બધી ભાષાઓ કેવી રીતે આવડે છે?''

''અહીંયાં તો આખી દુનિયામાંથી ટુરિસ્ટો આવે. એ બધા પાસે કંઈ ને કંઈ શીખવા મળે.''

એનામાં કંઈક તો એવું હતું કે જે એને વિશે વધુ જાણવા લલચાવતું હતું. ''કોણ કોણ છે તારા ઘરમાં?''

''અમ્મા હૈ, અબ્બુ હૈ , અમે મિયાં-બીબી બે, ત્રણ બેટા અને સૌથી છોટી મારી બિટિયા રોશની.'' રોશનીનું નામ લેતાંની સાથે એનો આખો ચહેરો ઝળકી ઊઠ્યો.

''કેટલાં વર્ષની થઈ તારી દીકરી?'' સુગંધાએ જિજ્ઞાસાથી પૂછ્યું.

''કાલે ત્રણ સાલ પૂરાં થશે. કાલે જ એની સાલગીરા છે.''

અમે બંને પહેલી જ વાર ઊંટ પર બેઠાં હતાં. ઊંટ સવારીનો રોમાંચ પણ હતો ને થોડો ડર પણ લાગતો હતો. અમે પહોંચ્યાં ત્યારે સૂર્યાસ્ત થવાને થોડી વાર હતી. આકાશમાં સંધ્યાની લાલી છવાયેલી હતી. રણનું સૌંદર્ય એવું તો મંત્રમુગ્ધ કરનારું હતું કે અમે ફોટા પાડવાનું પણ ભૂલી ગયાં. કોઈ સ્થાનિક કલાકાર બોણી મેળવવાની આશામાં સારંગીના સૂર છેડી રહ્યો હતો. ડૂબતો સૂરજ મનમાં વિષાદ ઊભો કરતો હોય એવું લાગ્યું. સૂર્ય પૂરેપૂરો ક્ષિતિજમાં ખોવાઈ ગયો પછી અમે પાછાં ફરવા આરિફને શોધવા લાગ્યાં. ત્યાં તો એક ઊંટવાળો મારી અને સુગંધાની સામે ઊભો રહી ગયો.

''મેડમ, ઊંટસવારી કર લી ના? અભી બક્ષિસ દે કે જાના.''

અમે નવાઈથી પૂછ્યું, ''સવારીના જેટલા નક્કી કરેલા એટલા રૂપિયા તો અમે આપીએ જ છીએ હવે બક્ષિસ વળી શેની?''

''યહાં બારબાર કૌન આતા હૈ? એક બાર આયે હૈં તો બક્ષિસ દેના તો બનતા હૈ.''

અમને એ માણસ જરા વિચિત્ર લાગ્યો. વાત કરતાં કરતાં ગભરાઈને જોતો હોય એમ એ પાછળ ફરીને જોયા કરતો હતો. એનાથી પીછો છોડાવવા મેં કહ્યું, ''અમારે બક્ષિસ આપવી જ હશે તો આરિફને આપીશું. તને શા માટે આપીએ?''

વળી પાછો પાછળ નજર કરી લીધા પછી ધીમો સાદ કરીને બોલ્યો, ''વો તો નહીં લેગા બક્ષિસ. ઉસકે હિસ્સે કી બક્ષિસ મુઝે દે દો ના!''

હું કંઈ બોલવા જાઉં ત્યાં તો આરિફ આવી પહોંચ્યો એટલે પેલો દોડીને પોતાના ઊંટ પાસે જતો રહ્યો. ઊંટ પર હાલક-ડોલક થતાં અમે પાછાં ફરતાં હતાં ત્યારે મેં પૂછ્યું, ''આરિફ, પેલો પાછળ આવે છે એ ઊંટવાળો અમારી પાસે પૈસા માગતો હતો. અમે કહ્યું કે આરિફને આપીશું તો એણે કહ્યું કે, તું બક્ષિસ નથી લેતો. સાચી વાત?''

''હા મેડમ, અપને હક કા તો મિલ હી જાતા હૈ તો ફિર ક્યું લે બક્ષિસ? સરકારે પણ મનાઈ કરી છે. બક્ષિસ માંગ કે ટુરિસ્ટ લોગોં કો પરેશાન નહીં કરનેકા.''

''સવારીની આવકમાંથી તારા આખા કુટુંબનું પૂરું થઈ જાય છે? ખર્ચો નીકળી જાય છે?''

''અમારો ખર્ચો તો ગમેતેમ કરીને નીકળી જાય છે પણ ખર્ચાનો તો કોઈ અંત જ નથી. કરોડો કમાવાવાળાને પણ તમે પૂછો તો કહેશે કે, પૈસા ઓછા પડે છે. ને તૂટી-ફૂટી ઝૂંપડીમાં રહેવાવાળા મીઠું ને રોટલો ખાઈને સંતોષથી રહે છે.''

એનો જવાબ સાંભળીને હું ને સુગંધા બંને ચૂપ થઈ ગયાં. કેટલી સાચી વાત છે એની? અમારા બેઉનો આટલો સારો પગાર છે તોયે બ્રાંડેડ કપડાં, મોંઘી હોટેલોમાં પાર્ટી કરવી ને વારંવાર બ્યુટી પાર્લરની મુલાકાત લેવી એ બધાને લીધે મહિનાને છેડે હાથ ખેંચમાં જ રહેતો હોય છે.

અમે હોટેલ પર પહોંચી ગયાં. છૂટાં પડતી વખતે સુગંધાએ પર્સમાંથી પાંચસોની નોટ કાઢીને એને આપવા માંડી. જાણે કરંટ લાગ્યો હોય એમ એણે હાથ પાછો ખેંચી લીધો ને કહ્યું, ''મૈં નહીં લે સકતા મેડમ.'' ''તને નથી આપતી. કાલે રોશનીનો જન્મદિવસ છે ને, એને અમારા તરફથી ભેટ.''

''એમ કરો મેડમ, કાલે મારે ઘરે આવીને તમારે હાથે જ આપી જજો.''

અમે નવાઈ પામી ગયાં. એ જાણતો હતો કે, કાલે વહેલી સવારે તો અમે નીકળી જવાનાં છીએ, છતાંય કેટલી નિસ્પૃહતા! અમારા ઝંખવાણા પડી ગયેલા ચહેરા જોઈ એને કંઈક યાદ આવ્યું, ''આપકે પાસ ટોફી હૈ?''

સુગંધાએ પર્સમાંથી મુઠ્ઠી ભરીને ઈમ્પોર્ટેડ ચોકલેટો કાઢીને આપવા માંડી. એમાંથી એક જ ચોકલેટ લેતાં એણે હસીને કહ્યું, ''બિટિયા કે લિયે આપકી દુઆ સમજ કર લે લેતા હું.'' પાછા ફરી રહેલા આરિફની પીઠ તરફ જોતાં મને થયું કે, આ માણસને ફકીર કે ઓલિયો ન કહી શકાય?

(સરિતા કુમારીની અંગ્રેજી વાર્તાને આધારે) – આશા વીરેન્દ્ર

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org